# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425





20 JANUARY, 2026 TUESDAY



પેજ 2 અંકલેશ્વરની સરસ્વતી વિદ્યામંદિરમાં આગ

પેજ 3 ચિલોડા નજીક ડમ્પરની ટક્કરે યુવતીનું મોત નીપજ્યું

પેજ 7 બાળકીના જીવનમાં પ્રકાશ પાથરતી RBSK ની ટીમ

પેજ 5 "દ્વિતીય ધોબી સમાજ ડૉક્ટર્સ સંમેલન" યોજાયું









I Pakkogujarat/ I VOL : 10 I Issue : 303 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### ૯ કલાક સુધી ચાલ્યું લોહિયાળ જંગ : વધુ ત્રણ બલૂચ નાગરિકો લાપતા : બેંકો અને સરકારી ઈમારતો પર હુમલો

# BLFનો બલૂચિસ્તાનમાં મોટો હુમલો : 50 પાક. સૈનિકના મોત

## જેલમાં બંધ કેદીઓને છોડાવીને પોલીસ વાહનો અને રેકોર્ડને આગ ચાંપી દેવામાં આવી હતી



• કરાંચી

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન ફ્રન્ટ (BLF)એ પાકિસ્તાની સેના પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ભીષણ હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. BLFના જણાવ્યા અનુસાર, ખારાન શહેરમાં કરવામાં આવેલા આ સમન્વિત હુમલામાં 50થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને અનેક ઈજાગ્રસ્ત થયા છે.

BLFના પ્રવક્તાએ જણાવ્યું કે, 15 જાન્યુઆરીના રોજ બપોરે ખારાન શહેરમાં તેમના લડાકુઓએ પ્રવેશ કરી આખા શહેર પર કબજો જમાવી લીધો હતો. આ સંઘર્ષ સતત 9 કલાક સુધી ચાલ્યો હતો. તેમણે પોલીસ સ્ટેશનને પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું, ત્યાં તૈનાત કર્મચારીઓને બંધક બનાવ્યા હતા અને તમામ સરકારી હથિયારો છીનવી લીધા હતા. આ ઉપરાંત જેલમાં બંધ કેદીઓને છોડાવીને પોલીસ વાહનો અને રેકોર્ડને આગ ચાંપી દેવામાં આવી હતી.

લડાકુઓની અન્ય એક ટુકડીએ ખારાનના મુખ્ય બજારમાં ઘૂસીને મીઝાન બેંક, અલ હબીબ બેંક અને નેશનલ બેંક સહિતની સરકારી ઈમારતોને નિશાન બનાવી હતી. આ દરમિયાન સેનાના કાફલા પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં 15 સૈનિકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘાયલોમાં પાકિસ્તાની સેનાના વિંગ કમાન્ડર કર્નલ વધાન અને મેજર આસિમનો પણ સમાવેશ થાય છે.

બીજી તરફ, બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા સામાન્ય નાગરિકોને ઉપાડી જવાની ઘટનાઓ પણ વધી છે. બલૂચ નેશનલ મૂવમેન્ટના જણાવ્યા અનુસાર, 17 જાન્યુઆરીએ પંજગુર જિલ્લામાંથી ઈમરાન અને રિઝવાન નામના બે ભાઈઓને સુરક્ષા દળોએ તેમના ઘરેથી ઉઠાવી લીધા હતા. અન્ય એક ઘટનામાં ખારાનના રહેવાસી ઓવૈસ અહેમદ કંબરાણીને પણ ડેરી ફાર્મ પર દરોડા દરમિયાન બળજબરીથી ગાયબ કરી દેવામાં આવ્યા છે.

ઉલ્લેખનિય છે કે પાકિસ્તાનમાં બે દિવસ અગાઉ બલુચિસ્તાનમાં પાકિસ્તાન દ્વારા અનેક મસ્જિદો તોડવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ખુલાસો બલુચિસ્તાનની આઝાદીની લડાઈ લડી રહેલા સ્થાનિક નેતા મીર યાર બલોચ દ્વારા કરવામાં આવ્યો છે. સાથે જ તેમણે પાકિસ્તાનને એક આતંકવાદી દેશ પણ જાહેર કર્યો હતો.

મીર યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યુ હતું કે પાકિસ્તાન એક આતંકવાદી દેશ છે અને હિન્દુઓ, શીખો, ખ્રિસ્તીઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર કરી રહ્યું છે. પોતાના જ દેશમાં લઘુમતીઓ સુરક્ષિત નથી એવામાં પાકિસ્તાનને ભારત સહિતના દેશોમાં લઘુમતીઓના અધિકારો અંગે વાત કરવાનો કોઈ જ અધિકાર નથી. પાકિસ્તાનનું ખુદનું સૈન્ય કટ્ટરવાદીઓ, જિહાદીઓનો ઉપયોગ હિન્દુઓને દબાવવા માટે કરી રહ્યું છે.

બલુચિસ્તાનના નેતાએ વધુમાં કહ્યું હતું કે પાકિસ્તાને સ્વતંત્ર બલુચિસ્તાનમાં લગભગ ૪૦ મસ્જિદોનો નાશ કરી નાખ્યો છે જેમાં મસ્જિદો પર સીધા બોમ્બથી હુમલા કરવા, મસ્જિદોના સંચાલકોનું અપહરણ કરવું, કુરાન સળગાવવા જેવી જઘન્ય ઘટનાઓને પાકિસ્તાની સૈન્ય, પોલીસ અને સરકાર અંજામ આપી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં સરકાર મસ્જિદો, મેનેજમેન્ટ કમિટીઓ, ઈમામો વગેરેની જાણકારી એકઠા કરવા માટે એક પ્રોફાઈલિંગ કરવામાં આવી રહી છે. જેને લઈને પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા અટકચાળો કરવામાં આવ્યો હતો.

## ટ્રમ્પ તુર્ત જ હુમલો કરશે ? : બે દશકથી નાટોની ચેતવણી પ્રત્યે ધ્યાન ન આપ્યું

નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ અંગે અતિ કઠોર નિવેદન પ્રસિદ્ધ કર્યું છે અને જણાવ્યું છે કે છેલ્લા ૨૦ વર્ષથી ડેન્માર્કે નાટોની ચેતવણી પ્રત્યે ધ્યાન જ આપ્યું નથી. આ ચેતવણી આર્કટિક રીજયન (ધુરવ-પ્રદેશ)માં રશિયા અને પછી ચીનની વધતી જતી ભીતિ અંગે આપવામાં આવી હતી.

વ્હાઈટ હાઉસના આ નિવેદનમાં તેમ પણ કહેવામાં આવ્યું છે કે, નાટોએ ગ્રીનલેન્ડ અંગેના જોખમ વિષે ડેન્માર્કને વારંવાર ચેતવ્યું હતું. સલામતી સામે ખતરો ઉપસ્થિત થયો હોવા છતાં ડેન્માર્કે ધ્યાન આપ્યું નહીં. નાટો ૨૦ વર્ષથી ડેન્માર્કને કહેતું આવ્યું છે કે તમારે રશિયાની ભીતિ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ પરંતુ ડેન્માર્ક તે અંગે કશું કરી શકે તેમ જ ન હતું. હવે સમય છે કે તે કરવું જ પડશે. તેમ પણ પ્રમુખ ટ્રમ્પે કહ્યું. ટ્રમ્પની આ કોમેન્ટ પછી ગ્રીનલેન્ડની પરિસ્થિતિ વધુ અનિશ્ચિત બની રહી છે. ઘણા વિશ્લેષણકારો કહે છે કે, અમેરિકા, ગ્રીનલેન્ડ પર કાબુ મેળવવા કદાચ હુમલો પણ કરે. આમ છતાં યુરોપીય દેશોએ ટ્રમ્પના આ કથનનો સખત વિરોધ કર્યો છે. નોર્વે, જર્મની, ફ્રાંસ અને ઈંગ્લેન્ડે તથા અન્ય યુરોપીય દેશોએ ટ્રમ્પના આ દાવાને અસ્વીકાર્ય જ ગણ્યો છે અને તેની ટીકા પણ કરી છે. આથી ટ્રમ્પ ધૂંધવાયા છે અને ડેન્માર્ક, નોર્વે, સ્વીડન સહિત ૮ યુરોપીય દેશો ઉપર વધારાનો ૧૦ ટકા ટેરીફ નાખવાની ધમકી ઉચ્ચારી છે.

## ગુજરાતમાં ચોમાસા અને શિયાળામાં કાર્ડિયાક કેસો વધારે, ઉનાળામાં ઓછા

રાજકોટ, : ગુજરાતમાં હૃદયસંબંધી ઈમરજન્સી કેસો ઈ.સ. 2025માં 98,582 (એટલે કે રોજ 270 અને દર કલાકે 11થી વધુ) માત્ર 108 સેવામાં નોંધાયા છે અને ચાલુ વર્ષ 2026માં તે 1 લાખને પાર થઈ જવાની પૂરી શક્યતા છે. આ કેસો ઉપર ખાનપાન, લાઈફસ્ટાઈલ, શહેરીજીવન, ઉંમર ઉપરાંત હવામાનની પણ અસર થાય છે અને આંકડાકીય વિગતોનું વિશ્લેષણ કરતા ગુજરાતમાં સૌથી વધુ કેસો ચોમાસામાં અને ખાસ કરીને સપ્ટેમ્બર માસમાં નોંધાતા રહે છે. જ્યારે બીજા નંબરે શિયાળામાં પણ કેસો વધે છે પરંતુ, એપ્રિલ, મે અને જૂન એ ઉનાળાના ત્રણ માસમાં કેસો ઓછા રહે છે. સામાન્ય માન્યતા મૂજબ ઠંડીમાં હૃદયરોગનું જોખમ વધતું હોય છે પરંતુ, આંકડા સૂચવે છે તે મૂજબ ચોમાસામાં તેનું જોખમ સૌથી વધારે રહે છે. વયજૂથ મૂજબ જોતા 10 વર્ષ કરતા નાની વયના બાળકોમાં કેસોમાં ઈ. 2024ની સાપેક્ષે ગત વર્ષમાં વધારો થયો છે, 0.11 ટકાથી વધીને 0.25 ટકા એટલે કે આશરે ૨૬૫ બાળકોને રાજ્યમાં હૃદયરોગની તીવ્રતા વધતા એમ્બ્યુલન્સ બોલાવવી પડી છે.

## ગાઝાનાં 'બોર્ડ ઓફ પીસ' ભારતને આમંત્રણ અપાયું ભારતે ઈજીપ્ત દ્વારા ગાઝામાં સહાય મોકલી હતી

નવી દિલ્હી : ગાઝાપટ્ટીની પુર્નરચના માટે પ્રમુખ ટ્રમ્પે રચવા ધારેલી સમિતિમાં ભારતને આમંત્રણ અપાયું છે.

આ માહિતી આપતા ભારત સ્થિત અમેરિકાના રાજદૂત સર્જીયો ગોરે રવિવારે સાંજે પત્રકારોને કહ્યું હતું કે ભારતને ઈઝરાયલ તેમજ પેલેસ્ટાઈન સાથે ઐતિહાસિક સંબંધો છે. તેણે ઈજીપ્ત દ્વારા ગાઝાપટ્ટીમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી જ માનવીય સહાય મોકલી છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તો પહેલેથી જ ઈઝરાયલ પેલેસ્ટાઈન વચ્ચે થયેલા યુદ્ધ વિરામ અને બંધકોની મુક્તિને આવકાર્યા છે. ગત વર્ષે તેઓએ નેતન્યાહૂ સાથે આ અંગે ટેલીફોન દ્વારા લંબાણથી વાતચીત પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે પ્રમુખ ટ્રમ્પે તે 'બોર્ડ ઓફ પીસ'માં પાકિસ્તાનને પણ આમંત્રણ આપ્યું છે. વધુમાં જાણવા મળ્યું છે કે, આ બોર્ડ ઓફ પીસ ૧૫મી જાન્યુઆરી વચ્ચે રચવામાં આવ્યું છે. તેમાં અમેરિકા તરફથી ટ્રમ્પના જમાઈ જારેદ કુશનેર તથા આ વિવાદમાં અમેરિકાના વિષ્ટિકાર સ્ટીલ વીટકોફ તથા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયો પણ સભ્યપદે છે. ઉપરાંત પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બેર ઉપસ્થિત રહેશે. આ બોર્ડની સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિએ પણ મંજૂરી આપી હોવાથી હવે તે બોર્ડ (સમિતિ) વિધિવત્ બની રહી છે.

## સિલ્વર બૂમ: રોકાણકારોને 'ચાંદી', મોટો દલ્લો કમાયા છતાં હવે પસ્તાવો!

રાજકોટ, : ચાંદીનો ભાવ રૂ. 3 લાખ સુધી પહોંચી જતાં ચાંદીનાં હબ ગણાતાં રાજકોટમાં કરોડો-અબજો રૂપિયાની ઉથલ-પાથલ સર્જાઈ છે. એક તરફ જ્યાં આ વ્યવસાય સાંથે સંકળાયેલા અનેકના ધંધા બંધ થઈ ગયા છે અને સંખ્યાબંધ કામદારોની રોજી પણ છીનવાઈ ગઈ છે ત્યાં જ બીજી બાજુ મોકો જોઈને રોકાણ કરનારા નાના- મોટા સેંકડો ઈન્વેસ્ટરોને ધૂમ કમાણી થઈ છે અને તોય, વેચાણ કરીને નીકળી ગયેલા ઘણાં રોકાણકારોને તો હજુ પણ વધતા ભાવને લઈને 'નફામાં નુકસાન ગયું' એવો અફસોસ પણ થઈ રહ્યો છે! ચાંદીમાં ભાવ વધારાથી ઈન્વેસ્ટરોને ચાંદી થઈ ગઈ છે. મધ્યમ વર્ગના સંખ્યાબંધ લોકોએ જાણકારોની ટીપ્સ પરથી જોખમ લઈને પર્સનલ લોન યા હોમ લોન પર ટોપ- અપ અથવા ક્યાંકથી હાથઉછીના મેળવીને પણ ચાંદીમાં નાણાં રોક્યા હતા. મોટાભાગના ઈન્વેસ્ટરો કમાયા છે. ઘણાં ઈન્વેસ્ટરોએ રૂ. 1.20 લાખ કે રૂ. 1.30 લાખમાં ચાંદી ખરીદી હતી. ભાવ રૂ.2 લાખ સુધી પહોંચી જતાં ઘણા ઈન્વેસ્ટરો નફો કમાઈ નીકળી ગયા હતા. તે વખતે આ તેમને કલ્પના ન હતી કે ભાવ રૂ. 3 લાખ આસપાસ પહોંચી જશે. હવે આવા ઈન્વેસ્ટરો પણ નફો કમાયા છતાં પસ્તાઈ રહ્યા છે. જોકે ચાંદીનાં ભાવમાં તોતિંગ વધારાથી રાજકોટમાં ધંધો ઠપ્પ થઈ ગયો છે. વેપારીઓએ કરોડો- અબજો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.

### દેવોસમાં મળી રહેલી WEFની પ૬મી પરિષદના પહેલાં જ દિવસે ભારત માટે ઘણા ઉત્સાહ પ્રેરક સમાચારો મળી રહ્યા છે

## 'ગ્લોબલ ગ્રોથ'માં ભારતની જ ભાગીદારી 20 ટકા જેટલી હશે

દેવોસ (સ્વિત્ઝર્લેન્ડ) : અહીં મળી રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (ડબ્લ્યુ ઈ.એફ.)ની ૫૬મી વાર્ષિક પરિષદમાં પહેલા જ દિવસે ભારતની ભરપેટ પ્રશંસા કરવામાં આવી હતી. ડબલ્યુ.ઈ.એફ.ના પ્રમુખ બોર્ગે બ્રેન્ડેએ પત્રકારોને કહ્યું હતું કે, ભારત આ વર્ષે મોટાં અર્થતંત્રોમાં સૌથી ઝડપથી આગળ વધનારો દેશ બની રહેશે. તેઓએ આગળ કહ્યું કે વિશ્વના આર્થિક વિકાસમાં એક માત્ર ભારતની જ ભાગીદારી ૨૦ ટકા સુધી થઈ શકે છે.



ભારતના વિકાસ દર પર ખુશી દર્શાવતાં તેઓએ કહ્યું કે, ભારતનો વિકાસ ઘણો સારો છે, પરંતુ જો મોદી અને ટ્રમ્પ વ્યાપાર સમજૂતી (ટ્રેડ-એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કરશે તો તે સોનામાં સુગંધ સમાન બની જશે. તે માત્ર બે દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર દુનિયા માટે લાભદાયી બની રહેશે. આ વર્ષે જ તેમાં ભારતની ભાગીદારી ૨૦ ટકા જેટલી થવા સંભવ છે. બ્રેન્ડેએ આ માટે કારણો આપતાં કહ્યું કે મોદી સરકારે જે ઝડપથી અને જે મક્કમતાથી આર્થિક સુધારા લાગુ કર્યા તેથી તેઓ ભારતીય અર્થતંત્ર વિષે આટલા 'બુલીશ' (આશાવાદી) છે.

આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વિષે તેમણે કહ્યું કે નવી ટેકનિક વિકાસનું નવું એન્જિન બની શકશે. આરોગ્ય વિષયક સંશોધનોમાં જે માટે ૨૫ વર્ષ લાગતાં હતાં તે હવે પાંચ વર્ષમાં જ થઈ શકે તેમ છે.

આમ છતાં તેમણે એઆઈના દુરૂપયોગ સામે ચેતવણી આપી હતી અને ઓટોનેલ્સ વેપન્સ અંગે પણ ચેતવણી ઉચ્ચારી હતી.

### અમેરિકા VS યુરોપ

EUના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સ્પષ્ટ કર્યું છે કે, 'યુરોપ પોતાની સંપ્રભુતા જાળવી રાખવા માટે એકજૂથ છે

## ટેરિફ લાગતાં જ ગભરાયું જર્મની! ગ્રીનલૅન્ડથી પાછી બોલાવી સેના, હજુ 8 દેશો મક્કમ



• વોશિંગ્ટન

ગ્રીનલૅન્ડના મુદ્દે અમેરિકા અને યુરોપ વચ્ચે સર્જાયેલો તણાવ હવે ગંભીર આર્થિક અને સૈન્ય સંઘર્ષમાં પરિવર્તિત થઈ રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલૅન્ડ ખરીદવાની પોતાની જીદ પૂરી કરવા માટે યુરોપના 8 દેશો પર 10% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ દેશોમાં ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુકે, નેધરલૅન્ડ અને ફિનલૅન્ડનો સમાવેશ થાય છે.

ટ્રમ્પે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો 1 ફેબ્રુઆરીથી 10% ટેરિફ લાદ્યા બાદ પણ ગ્રીનલૅન્ડના મુદ્દે સમજૂતી નહીં થાય, તો 1 જૂનથી આ ટેરિફ વધારીને 25% કરી દેવામાં આવશે. આ ઈતિહાસમાં પ્રથમ ઘટના છે જ્યારે કોઈ અમેરિકન પ્રમુખે જમીન ખરીદવા માટે પોતાના જ નાટો(NATO) સહયોગીઓ વિરુદ્ધ આર્થિક પ્રતિબંધોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો હોય. અમેરિકાના આ ભારે દબાણની પ્રથમ અસર જર્મની પર જોવા મળી છે. મીડિયા અહેવાલ અનુસાર, જર્મનીએ ગ્રીનલૅન્ડમાંથી પોતાની સૈન્ય ટુકડી પાછી ખેંચવાનું શરુ કરી દીધું છે. જર્મનીના 15 સૈનિકો સિવિલિયન ફ્લાઈટ દ્વારા પરત ફરી રહ્યા છે, જેને ટ્રમ્પની ધમકી બાદ 'ડેમેજ કંટ્રોલ' તરીકે જોવામાં આવે છે. જર્મનીની અર્થવ્યવસ્થા પહેલેથી જ નબળી હોવાથી તે અમેરિકા સાથે ટ્રેડ વોર કે સૈન્ય સંઘર્ષનું જોખમ ઉઠાવવા માંગતું નથી. જોકે, અન્ય યુરોપના દેશો હજુ પણ પોતાની મક્કમતા બતાવી રહ્યા છે અને આર્કટિક ક્ષેત્રમાં ફાઈટર જેટ્સ તથા સૈન્ય સજ્જતા જાળવી રાખી છે. બીજી તરફ, યુરોપીયન યુનિયન(EU)ના નેતૃત્વએ ટ્રમ્પ સામે ઝૂકવાનો સાફ ઈન્કાર કર્યો છે. EUના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેને સ્પષ્ટ કર્યું છે કે, 'યુરોપ પોતાની સંપ્રભુતા જાળવી રાખવા માટે એકજૂથ છે

### પોલ ખોલી — યુરોપીય સંઘે પોતાના ડેડીને નારાજ ન કરવા જોઈએ - રશિયાએ મજાક ઊડાવી

# તમારા ફાયદાના ચક્કરમાં અમારું નામ ન લેશો

## ગ્રીનલેન્ડ અંગે રશિયા-ચીનનો ટ્રમ્પને સણસણતો જવાબ

• મોસ્કો

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ વિવાદમાં રશિયા અને ચીનને ખેંચી લાવતા બંને દેશોએ અમેરિકાનાને જડબાતોડ જવાબ આપ્યો છે. તાજેતરમાં જ ટ્રમ્પના લીક થયેલા એક પત્રમાં કહેવાયું છે કે, ગ્રીનલેન્ડને રશિયા-ચીનથી ખતરો છે, જેના જવાબમાં રશિયાએ ટ્રમ્પને મજાક ઉડાવી છે, તો ચીને અમેરિકાને સ્વાથી ગણાવી પોતાનું નામ ન લેવા ટ્રમ્પને ચેતવણી આપી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી ગ્રીનલેન્ડને પડાવી લેવા માટે ધમપછાળા કરી રહ્યા છે. તેઓ ગ્રીનલેન્ડ મામલે અવારનવાર ડેનમાર્ક અને નોર્વે જેવા દેશો પર પણ નિશાન સાધી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું છે કે, ગ્રીનલેન્ડને રશિયા-ચીનથી ખતરો છે, ત્યારે ચીને ટ્રમ્પને જડબાતોડ જવાબ આપી કહ્યું છે કે, આમાં અમારું નામ ન લો. ચીનના વિદેશ મંત્રાલયે પહેલીવાર ગ્રીનલેન્ડ મુદ્દે પ્રતિક્રિયા આપતા સીધું જ અમેરિકાને કહ્યું છે કે, 'ટ્રમ્પ ગ્રીનલેન્ડ મામલે અમારું નામ લેવાનું બંધ કરે. અમે સંયુક્ત રાજ્ય અમેરિકાને આગ્રહ કરીએ છીએ કે, તેઓ તથાકથિત ગ્રીનલેન્ડને ચીનથી ખતરો હોવાનું બહાનું બનાવી પોતાના સ્વાર્થી હિતોને આગળ વધારવાનું બંધ કરે.'બીજીતરફ રશિયાએ પણ અમેરિકાની મજાક ઉડાવી જવાબ આપ્યો છે. ટ્રમ્પે ગ્રીનલેન્ડ મામલાનો વિરોધ કરનારા યુરોપીય દેશો પર 10 ટકા ટેરિફ ઝિંકવાની ધમકી આવ્યા બાદ રશિયાએ જાહેરમાં યુરોપ પર કટાક્ષ કર્યો છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખના દૂત અને રશિયન ડાયરેક્ટર ઈન્વેસ્ટમેન્ટ ફંડના પ્રમુખ કિરિલ દિમિત્રિએવે મજાક ઉડાવીને કહ્યું છે કે, યુરોપીય સંઘે પોતાના ડેડીને નારાજ ન કરવા જોઈએ. દિમિત્રિએવે એક્સ પર લખ્યું છે કે, 'યુરોપીયન દેશોએ ગ્રીનલેન્ડમાં સેના મોકલવાનો ખતરનાક ખેલ રમ્યો હોવાના કારણે ટ્રમ્પે આ દેશો પર 10 ટકા ટેરિફ ઝિંક્યો છે. આ ટેરિફ ગ્રીનલેન્ડમાં મોકલાયેલા દરેક સૈનિકો પર લગભગ એક ટકા ટેક્સ બરાબર છે.'વાસ્તવમાં ડોનાલ્ડ ટ્રમ્પે નોર્વેના વડાપ્રધાન જોનાસ ગાહર સ્ટોરેને મોકલેલો પત્ર લીક થયો છે. પત્રમાં નોબેલ પુરસ્કાર, ગ્રીનલેન્ડ, ચીન અને રશિયાનો ઉલ્લેખ થયો છે. આ માહિતી સામે આવ્યા બાદ ચીન-રશિયા અમેરિકા પર ભડક્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે (US President Donald Trump) પત્રમાં લખ્યું છે કે, 'મારા દેશે આઠથી વધુ યુદ્ધ અટકાવ્યા છતાં મને નોબેલ શાંતિ પુરસ્કાર ન અપાયો. તેથી મને લાગી રહ્યું છે કે, મને હવે ફક્ત શાંતિ વિશે વિચારવાની કોઈ ફરજ નથી લાગતી. જોકે હંમેશા શાંતિ મુખ્ય બાબત છે, પરંતુ હવે હું તે વિચારી શકું છું કે, અમેરિકા માટે શું યોગ્ય છે.' તેમણે એવું પણ લખ્યું છે કે, 'ડેનમાર્ક ગ્રીનલેન્ડને રશિયા કે ચીનથી સુરક્ષિત નહીં રાખી શકે.' નોર્વેના વડાપ્રધાન જોનાસ ગાહર સ્ટોરે પણ પત્રની પુષ્ટી કરી કહ્યું છે કે, તેમણે ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ્બ (Finland President Alexander Stubb) સાથે મળીને ટ્રમ્પને એક પત્ર મોકલ્યો હતો, જેમાં નોર્વે, ફિનલેન્ડ સહિત ઘણા દેશો પર ટેરિફ લગાવવાનો વિરોધ કરાયો હતો.

## ભારત ૨૦૩૦ સુધીમાં ઉચ્ચ મધ્યમ આવકવાળો દેશ બની જશે : એસબીઆઇ

• નવી દિલ્હી

ભારત ૨૦૩૦ સુધી ઉચ્ચ મધ્યમ આવકવાળો દેશ બની ચીન અને ઈન્ડોનેશિયાની લાઈનમાં આવી જશે અને તે ૨૦૨૮ સુધી વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ અગ્રેસર છે તેવી સંભાવના એસબીઆઈ રિસર્ચના અહેવાલમાં દર્શાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વિશ્વ બેંક ડોલરમાં પ્રતિ વ્યકિત જીએનઆઈ (ગ્રોસ નેશનલ ઈન્કમ)ના આધારે દેશોનું વર્ગીકરણ નિમ્ન આવક, નિમ્ન મધ્યમ આવક, ઉચ્ચ મધ્યમ આવક અને ઉચ્ચ આવકવાળા દેશોનાં સ્વરૂપમાં કરે છે. વર્ષ ૧૯૯૦નાં વિશ્વ બેંકના વર્ગીકરણ અનુસાર કુલ ૨૧૮ દેશોમાંથી ૫૧ નિમ્ન આવક, ૫૬ નિમ્ન મધ્યમ આવક, ૨૯ ઉચ્ચ મધ્યમ આવક અને ૩૯ ઉચ્ચ આવકવાળા દેશ હતાં.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ખાણ ખનીજ વિભાગના દરોડામાં JCB અને ટ્રેક્ટર ઝડપાયા

## લુણામાં તળાવની પાળ પર ખનીજ માફિયાઓ પર તંત્રના અધિકારીઓ ત્રાટક્યા

• ભરૂચ,

વાલિયા તાલુકાના લુણા ગામમાં તળાવની પાળ પર ગેરકાયદેસર માટી ખનનનું મસમોટું કૌભાંડ ખાણ ખનીજ વિભાગે ઝડપી પાડ્યું છે. ગ્રામજનોની જાગૃતિ અને તંત્રની ત્વરિત કાર્યવાહીને પગલે કુદરતી સંપત્તિની ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



લુણા ગામના સીમ વિસ્તારમાં આવેલા તળાવ પાસે ગેરકાયદેસર રીતે માટીનું ખોદકામ ચાલી રહ્યું હોવાની બાતમી મળતા જ ભરૂચ જિલ્લા ખાણ ખનીજ વિભાગ હરકતમાં આવ્યું હતું. રોયલ્ટી ઈન્સ્પેક્ટર અને સર્વેયરની ટીમે સ્થળ પર ઓચિંતો દરોડો પાડતા ખનન માફિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની મંજૂરી કે રોયલ્ટી પાસ વગર માટી ઉલેચતા એક જેસીબી (JCB) મશીન અને એક ટ્રેક્ટરને સ્થળ પર જ રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

તંત્ર દ્વારા વાહન ચાલકો પાસે જરૂરી આધાર-પુરાવા માંગવામાં આવતા તેઓ કોઈ પણ કાયદેસરના કાગળો રજૂ કરી શક્યા ન હતા. આથી, ખાણ ખનીજ વિભાગે કડક કાર્યવાહી કરી બંને વાહનો સીઝ કર્યા છે અને લાખો રૂપિયાનો દંડ વસૂલવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ મામલે વિભાગ દ્વારા ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે કે આ કૌભાંડ પાછળ અન્ય કયા મોટા માથાઓનો હાથ છે.

# ધારાશાસ્ત્રી જે કેસ સંભાળતા હોય તેની માહિતી માટે RTI નો ઉપયોગ કરી શકે નહી

**નવી દિલ્હી** : કેન્દ્રીય માહિતી કમીશન દ્વારા એક મહત્વના આદેશમાં જણાવાયું છે કે ધારાશાસ્ત્રી જે પોતાના કલાયન્ટ સંબંધી કેસ સંભાળતા હોય તેઓ માહિતીના અધિકારનો ઉપયોગ કરીને જે તે કેસ અંગેની માહિતી મેળવી શકે નહી. મદ્રાસ હાઈકોર્ટ સહિતની બંધારણીય કોર્ટના ચુકાદાને આગળ ધરીને સીઆઈસી દ્વારા જણાવાયું હતું કે માહિતીના અધિકારનો કાનુનનો ઉપયોગ આ પ્રકારે અસીલના કેસ અંગેની માહિતી મેળવવા માટે થઈ શકે નહી. હરિયાણામાં જવાહર નવોદય વિદ્યાલય સંબંધી એક કેસમાં સતત બીજી વખત થયેલી અરજી પણ માહિતી કમીશન દ્વારા ફગાવાઈ હતી.જેમાં માહિતી કમિશ્નર સુધારાની એ પોતાના ચુકાદામાં જણાવ્યું કે અરજદાર એ એડવોકેટ તરીકે પ્રોફેશનલ એટલે કે વ્યવસાય કરે છે અને તેઓએ જે માહિતી માંગી છે તે તેમના ભાઈ કે જે શાકભાજી અને ફળોના સપ્લાયર તરીકે જવાહર નવોદય વિદ્યાલયમાં કોન્ટ્રાકટ ધરાવે છે તેના વતી માહિતીના અધિકારનો ઉપયોગ કરીને ચોકકસ માહિતી મેળવવા પ્રયાસ કરે છે.

## 'મોબાઈલમાં નહી, મેદાનમાં રહીએ ' તો પ્રતિભા ઉત્કૃષ્ટ રીતે ખીલશે અને શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકીશું

# રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા

## પ્રભાસપાટણના 'સદભાવના મેદાન' ખાતે આતશબાજી અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ભવ્ય પ્રારંભ

• દિપક જોષી

પ્રભાસપાટણના 'સદભાવના મેદાન' ખાતે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને આતશબાજી સાથે રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમતગમત, યુવા, સાંસ્કૃતિઓ વિભાગના સહયોગથી ૬૯મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં સાંસદશ્રીએ ટૉસ ઉછાળી અંડર-૧૭ ગર્લ્સની ગુજરાત અને દિલ્હી વચ્ચેની લીગ મેચ થી પ્રારંભ કરાવ્યો હતો.સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ ખેલાડીઓ સહિત મહેમાનોને આવકારતાં જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન થયું છે ત્યારે તમામ ખેલાડીઓ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે એવી શુભકામનાઓ પાઠવું છું. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી તરીકે ઉત્તમ કાર્ય કરતા નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં રમતગમત ક્ષેત્રે માળખાગત સુવિધાઓને વેગ મળ્યો હતો. ગ્રામીણ ક્ષેત્રના પ્રતિભાવંત ખેલાડીઓ પાછળ ન રહે તે માટે 'ખેલ મહોત્સવ'ની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવી હતી. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના દીકરા દીકરીઓ પણ દેશનું નામ રોશન કરી રહ્યાં છે. હાલના સમયમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રવાસન હોય કે હોય આરોગ્ય ક્ષેત્ર, તમામ ક્ષેત્રમાં ગુજરાતે માળખાગત વિકાસ સાધી રહ્યું છે.'મોબાઈલમાં નહીં, મેદાનમાં રહીએ' નો મંત્ર આપતા સાંસદશ્રીએ ખેલાડીઓને સંબોધતા જણાવ્યું હતું કે, મોબાઈલનો ઉપયોગ ઓછો કરી અને 'મોબાઈલમાં નહીં, મેદાનમાં રહીએ'. સતત પ્રેક્ટિસ કરવાથી જ પ્રતિભા ઉત્કૃષ્ટ રીતે ખીલશે અને ખેલાડીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકશે. આમ જણાવી તમામ ખેલાડીઓ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવે એવી શુભકામનાઓ પાઠવી હતી.જિલ્લા કલેકટર શ્રી એન.વી. ઉપાધ્યાયે આજે શરૂ થયેલી ૬૯મી નેશનલ સ્કૂલ ગેમ્સના સંદર્ભમાં જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં આ પ્રકારની ગેમ પ્રથમવાર યોજાઈ રહી છે. જિલ્લા વહીવટી તંત્ર માટે આ આનંદનો અવસર છે અને તંત્ર દ્વારા ખેલાડીઓ તેમજ કોચ માટે તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.ગીર સોમનાથ જિલ્લા અને ગુજરાત માટે ગૌરવની વાત છે કે, આ પ્રકારની ગેમનું આયોજન છેવાડાના જિલ્લામાં કરવામાં આવ્યું છે. આજે અંડર-૧૭ ગર્લ્સની મેચો ચાલુ થઈ છે અને આગામી ૨૭મી તારીખથી અંડર-૧૯ બોય્ઝની પણ ગેમની શરૂઆત કરવામાં આવશે. તેમ તેમણે ઉમેર્યુ હતું.સોમનાથ પધારેલા ખેલાડીઓમાં પણ જોમ જુસ્સો અને ઉમંગ જોવા મળી રહ્યો છે અને આ ગેમ ચોક્કસ રોમાંચક બની રહેશે. જિલ્લાના પ્રતિભાવંત ખેલાડીઓને આ ગેમમાં આગળ વધવા માટે તેમજ રમતગમતમાં પોતાની પ્રતિભા દર્શાવવા માટે આ સ્પર્ધા એક ચોક્કસ પ્લેટફોર્મ પૂરું પાડશે તેવો વિશ્વાસ કલેક્ટરશ્રીએ વ્યક્ત કર્યો હતો.ગુજરાત હેન્ડબોલ એસોસિએશન અધ્યક્ષ સનમ પટેલે સોમનાથની ધરા પર તમામ ખેલાડીઓનું ઉષ્માપૂર્ણ શાબ્દિક સ્વાગત કરી ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.નેશનલ હેન્ડબોલ સ્પર્ધાના પહેલા દિવસે કુલ ચાર મેચ આયોજીત થઈ હતી. પહેલી મેચ ગુજરાત અને દિલ્હી વચ્ચે જ્યારે અન્ય મેચમાં હરિયાણા અને પંજાબ, બિહાર અને સી.બી.એસ.ઈ. વેલ્ફેર સ્પોટ્ર્સ ઓર્ગેનાઈઝેશન તેમજ ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે રમાડવામાં આવી હતી.સ્પર્ધાને ખુલ્લી મુકતાં પહેલાં 'અતિથિ દેવો ભવઃ' ને ચરિતાર્થ કરતા નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લેવા આવેલા અન્ય રાજ્યોના તમામ ખેલાડીઓ, કર્મચારીઓ અને મહેમાનોનું સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સ્વાગત કરાયું હતું.સેન્ટ મેરી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા શાનદાર બેન્ડની સુરાવલીઓ વચ્ચે તેમજ ગીર સોમનાથ જિલ્લાના ઘરેણાં સમાન સીદી સમુદાયના પરંપરાગત ધમાલ નૃત્ય, વરસિંગપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ યોગનિદર્શન, માળિયાના હાટી ક્ષત્રિય દાંડિયારાસ ગૃપ દ્વારા તલવાર-લાઠી દાંડિયા રાસ સહિતની રંગારંગ પ્રસ્તુતિઓથી મહેમાનોનું દમદાર સ્વાગત કરાયું હતું.કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત વિવિધ રાજ્યોના ખેલાડીઓની રંગારંગ ધ્વજ સાથેની માર્ચપાસ્ટ અને આતશબાજી પ્રેક્ષકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.ઉલ્લેખનીય છેકે, સદભાવના મેદાન ખાતે અંડર-૧૭ બહેનો માટે તા.૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન અને અંડર-૧૯ ભાઈઓ માટે તા.૨૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી લીગ અને નૉકઆઉટ સ્પર્ધાઓ યોજાશે.આ સ્પર્ધા માટે સોમનાથના આંગણે પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, રાજસ્થાન, પંજાબ, મણીપુર, મધ્યપ્રદેશ, કેરળ, કર્ણાટક, ઝારખંડ, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિત કાશ્મીરથી લઈ અને કન્યાકુમારી સુધી દેશના વિવિધ રાજ્યોના ૬૦૦ જેટલા ખેલાડીઓ અને ૧૦૦ થી વધુ કર્મચારીઓ પધાર્યા છે.આ તકે, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, જિલ્લા રમતગમત અધિકારી શ્રી વિશાલ દાહોરા, જિલ્લા રમતવિકાસ અધિકારી શ્રી કાનજીભાઈ ભાલિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એચ.ડી.મકવાણા, અગ્રણીઓ સહિત કોચ, ટ્રેનર્સ, ટેકનિકલ, ઓફિશિયલ સપોર્ટીંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં.

## યુવરાજની કાર ધુમ્મસના કારણે અનિયંત્રિત થઈને પાણીમાં ખાબકી હતી

# પપ્પા મને બચાવી લો... તંત્રની નાકામીના કારણે પિતાની નજર સામે જુવાનજોધ દીકરાનું ડૂબવાથી મોત

**કરૂણાંતિકા સર્જાઇ** | પિતાની આપવીતી... મારો દીકરો બૂમો પાડતો રહ્યો પણ કોઈએ મદદ ન કરી

• નવી દિલ્હી

નોઈડામાં ટાટા યુરેકા પાર્ક સોસાયટીમાં રહેતા રાજકુમાર મહેતાનો રાત્રે 12 વાગ્યે ફોન રણક્યો. પુત્રએ ગભરાયેલા અવાજમાં કહ્યું, પપ્પા મને બચાવી લો, મારી કાર નાળામાં પડી ગઈ છે. હું ડૂબી જઈશ. પિતા અડધો કલાકમાં ઘટનાસ્થળ પર પહોંચ્યા. પોલીસ, ફાયરબ્રિગેડ, SDRFની 80 કર્મીઓની ટીમ હાજર હતી. પણ કોઈએ પાણીમાં ઉતરીને યુવરાજને બચાવવા પ્રયાસ ન કર્યો. તંત્રની નાકામીના કારણે 28 વર્ષનો યુવક પિતાની નજર સામે જ મૃત્યુ પામ્યો. યુવરાજની કાર ધુમ્મસના કારણે અનિયંત્રિત થઈને પાણીમાં ખાબકી હતી. અહીં એક બેઝમેન્ટ માટે 50 ફૂટ ઊંડો ખાડો કરવામાં આવ્યો હતો. જેમાં પાણી ભરાઈ ગયું હતું. પણ આસપાસ કોઈ બેરીકેડિંગ અને ચેતવણીનું બોર્ડ નહોતું. પિતાએ પોલીસને જાણ કરી. તે પછી SDRF અને ફાયર બ્રિગેડની ટીમો પણ પહોંચી. પણ કોઈની પાણીમાં ઊતરવાની હિંમત ન થઈ. અધિકારીઓએ કહ્યું કે પાણી ઠંડુ છે અને અંદર સળિયા પણ હોઈ શકે છે.

રાજકુમાર મહેતા કહ્યું કે, મને રાત્રે 12 વાગ્યે ફોન આવ્યો હતો કે પપ્પા હું નાળામાં પડી ગયો છું. હું દોડી પડ્યો. મેં ટેક્સી ડ્રાઈવરને હાથ જોડ્યા કે મને નાળા પાસે લઈ જાય. પહેલા અમે ત્યાં જોયું તો કોઈ દેખાયું નહીં. મેં તેને ફોન કર્યો. મને ત્યાં પહોંચવામાં 40 મિનિટનો સમય લાગી ગયો. તે ગાડીમાંથી બહાર નીકળીને હિંમત કરી છત પર સૂઈ ગયો હતો. ત્યાંથી બચાવો... બચાવો...ની બૂમો પાડી રહ્યો હતો. તે મોબાઈલથી ટોર્ચ બતાવી રહ્યો હતો. દૃશ્ય જોઈને હું આમ તેમ દોડવા લાગ્યો કે કોઈ તો મદદ કરો. મેં 112 પર ફોન કર્યો. પોલીસ 20 મિનિટ પછી ત્યાં આવી. ફાયર બ્રિગેડ આવી. રેસ્ક્યૂના નામે કશું કર્યું નહીં. હાઈડ્રોલિક મશીનનો ઉપયોગ કર્યો પણ દોરડો ત્યાં પહોંચી ન શક્યો. તેમની પાસે કોઈ ટ્રેનિંગવાળો માણસ હતો જ નહીં. પછી અઢી વાગ્યે અચાનક જ મોબાઈલની રોશની બંધ થઈ ગઈ. મને ખબર પડી ગઈ કે વાત હવે હાથમાંથી નીકળી ગઈ છે...

યુવરાજને બચાવવા માટે પાણીમાં ઉતરનાર ડિલિવરી બોયે કહ્યું કે, ફાયરબ્રિગેડવાળાઓએ જ યુવકને ડૂબીને મરવા દીધો છે. હું ત્યાં પહોંચ્યો તો SDRFના જવાનો બોલી રહ્યા હતા કે પાણી ઠંડુ છે. અંદર સળિયા છે એટલે અમે ના જઈએ. મેં કહ્યું ભાઈ તમે બહાર આવો, હું જઈશ અંદર. મેં કપડાં કાઢ્યા, કમર પર દોરી બાંધી અને 50 મીટર સુધી અંદર ગયો. 30 મિનિટ સુધી પાણીમાં શોધતો રહ્યો પણ ગાડી કે યુવક કોઈ ન મળ્યું. પછી હું બહાર આવ્યો, તો ત્યાં હાજર લોકો કહી રહ્યા હતા કે ભાઈ તું 10 મિનિટ આવ્યો હોત તો જીવ બચી ગયો હોત.

સમગ્ર મામલે ગૌતમ બુદ્ધનગરના જોઈન્ટ CP રાજીવ નારાયણ મિશ્રાએ કહ્યું છે કે, આ ઘટના અત્યંત દુખદ છે. અમે પીડિત પરિવાર સાથે ઊભા છીએ. સૂચના મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લેડર, સર્ચ લાઈટ, બોટ સહિતના સાધન લગાવાયા હતા. ઝીરો વિઝિબિલિટીના કારણે રેસ્ક્યૂમાં સમસ્યા આવી. અમે કેસ દાખલ કરી તપાસ શરૂ કરી છે. દોષિતો સામે કાર્યવાહી કરાશે. યુવરાજ મહેતા સોફ્ટવેર એન્જિનિયર હતો.

# અંકલેશ્વરની સરસ્વતી વિદ્યામંદિરમાં આગ: નર્સરી વિભાગ ભડભડ સળગ્યો

## ફાયર સિસ્ટમ શોભાના ગાંઠિયા જેવી સાબિત થઈ!

• અંકલેશ્વર

અંકલેશ્વરના ગડખોલ ગામમાં આવેલી જાણીતી સરસ્વતી વિદ્યામંદિરમાં ગતરોજ અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. શાળાના નર્સરી વિભાગના વર્ગખંડમાં લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે, આ ઘટના શાળા છૂટ્યા બાદ બની હોવાથી એક મોટી હોનારત ટળી હતી અને નિર્દોષ ભૂલકાઓનો આબાદ બચાવ થયો હતો.

ઘટનાની વિગત મુજબ, જ્યારે નર્સરી વિભાગમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા ત્યારે સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. આશ્ચર્યની વાત તો એ હતી કે, કટોકટીના સમયે શાળાની લાખો રૂપિયાની 'ફાયર હાઈડ્રેશન સિસ્ટમ' નિષ્ફળ સાબિત થઈ હતી. સિસ્ટમની મોટર બંધ હાલતમાં હોવાથી સમયસર પાણીનો છંટકાવ થઈ શક્યો નહોતો, જેના કારણે વહીવટી તંત્રની બેદરકારી સામે અનેક સવાલો ઉભા થયા છે.



અંતે, સ્થાનિક રહિવાસીઓએ માનવ સાંકળ રચી, નજીકની પાણીની ટાંકીઓમાંથી પાણી મેળવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સ્થાનિકોની સતર્કતાને કારણે આગ અન્ય વર્ગખંડો સુધી પ્રસરે તે પહેલા જ બુઝાવી દેવામાં આવી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ શાળામાં ફાયર સેફ્ટીના સાધનોની જાળવણી સામે ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો સર્જાયા છે.

# 'મિથિલા નિવાસ'માં ચાલતા ગાંજાના કારોબાર પર પોલીસ ત્રાટકી

## કામરેજમાં નશાના વેપારનો પર્દાફાશ: બે યુપીવાસીઓને જેલભેગા કરવામાં આવ્યા હતાં

• સુરત

સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની 'ડ્રગ્સ ફ્રી' ઝુંબેશ હેઠળ કામરેજ પોલીસે નશાના સોદાગરો પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. કામરેજના આંબોલી સ્થિત લક્ષ્મેશ્વર નગરના એક મકાનમાં ચાલતા ગાંજાના છૂટક વેચાણના નેટવર્કને પોલીસે બાતમીના આધારે ધ્વસ્ત કરી નાખ્યું છે.કામરેજ પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાની ટીમે મળેલી સચોટ બાતમીને પગલે 'મિથિલા નિવાસ' ખાતે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ કામરેજમાં અડિંગો જમાવી નશાનો વેપાર કરતા દિલીપ પ્રતાપસિંહ ગૌતમ અને હરવંશસિંહ ચૌહાણને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસને સ્થળ પરથી ૪૮૯ ગ્રામ ગાંજો, રોકડ રકમ, મોબાઈલ અને પેકિંગ સામગ્રી મળી કુલ રૂ. ૩૦,૫૦૩/-નો મુદ્દામાલ હસ્તગત થયો છે.



પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, આ આરોપીઓ સુરત શહેરના અશ્વિની કુમાર રેલવે પટરી વિસ્તારમાંથી જથ્થો લાવીને કામરેજમાં તેનું વેચાણ કરતા હતા. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# અઢી વર્ષની ફોર્મ્યુલામાં શિંદેને ભાવ નહી આપવા ભાજપ મક્કમ

**મુંબઈ** : મુંબઈ મહાપાલિકા સહિત મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં ભવ્ય વિજય બાદ હવે નવા મેયર સહિતના પદાધિકારીઓજ નિમણુંકમાં લગભગ એક સપ્તાહનું ઈન્ટરવેલ પડે તેવી ધારણા છે. ખાસ કરીને ભાજપ- શિવસેના શિંદે જૂથ 227 બેઠકોમાંથી 118 બેઠકો જીતી મુંબઈ મહાપાલિકા પર શાસન નિશ્ચિત કર્યુ છે.તે વચ્ચે શિવસેના શિંદે જૂથે 29 સભ્યો હોવા છતા અઢી-અઢી વર્ષના મેયરની ફોર્મ્યુલા ભાજપ સમક્ષ મુકી છે. શ્રી શિંદેએ તેના તમામ નવા ચુંટાયેલા કોર્પોરેટરોને શનિવાર સાંજથી જ એક ફાઈવસ્ટાર હોટેલમાં 'કેદ' કરી દીધા છે પણ ભાજપે જરાપણ ચિંતા દર્શાવ્યા વગર મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ વિશ્વ આર્થિક પરિષદમાં ભાગ લેવા સ્વીટઝરલેન્ડના દાવોસ જવા રવાના થઈ ગયા છે.જો કે તેઓએ આ અગાઉ નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે સાથે વાતચીત કરી હતી તથા હવે તા.28 આસપાસ મુંબઈમાં નવા મેયરની જાહેરાત થઈ શકે છે. શ્રી ફડનવીસ તા.24ના રોજ મુંબઈ પરત આવનાર છે. બીજી તરફ શિંદે જૂથ પણ હજુ શિવસેના શિંદે જૂથ તેના કોર્પોરેટરને ફાઈવસ્ટાર હોટેલમાં જ 'કેદ' રાખે તેવી શકયતા છે.શ્રી એકનાથ શિંદેએ અગાઉ જ રીતે મુખ્યમંત્રી પદ માટે ખેચતાણ કરી હતી તે હવે મુંબઈ મહાપાલિકામાં મેયર પદ માટે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા આપી છે. ભાજપ તેને સ્વીકારવા તૈયાર નથી અને સૌથી મોટા 89 બેઠકો ધરાવતા ભાજપને જ મેયરપદ મળશે તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા છે.

## 3 નૌકાઓ પલટી, નાવિકોની હિંમતે જીવ બચાવ્યા

# સુરતની 21 KM લાંબી હોડી સ્પર્ધામાં મધદરિયે હોનારત સર્જાઇ, જાનહાનિ ટળી

• સુરત

સુરતના દરિયાકાંઠે યોજાયેલી 45મી મહાજન સ્મારક સમુદ્ર સઢવાળી હોડી સ્પર્ધા દરમિયાન મધદરિયે થ્રિલિંગ ડ્રામા સર્જાયો હતો, જેમાં ત્રણ નૌકાઓ પલટી જતાં ક્ષણિક અફરાતફરી મચી ગઇ હતી. જોકે, નાવિકોની અદમ્ય હિંમત અને સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી અને તમામ નાવિકોનો આબાદ બચાવ થયો હતો.

ગુજરાત સરકારના રમતગમત વિભાગ અને સુરત જિલ્લા પ્રશાસન દ્વારા આયોજિત આ 21 કિલોમીટર લાંબી ચેલેન્જિંગ સ્પર્ધા હજીરા રો-રો ફેરીથી મગદલ્લા પોર્ટ સુધીની હતી, જેમાં 10 ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધા ચરમસીમા પર હતી ત્યારે



અચાનક પવનનો વેગ પ્રચંડ બનતા ત્રણ હોડીઓ અચાનક પલટી ગઈ હતી. આ દ્રશ્ય જોઈને કિનારે ઉમટેલા રમતપ્રેમીઓ અને આયોજકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

સદનસીબે, હોડીમાં સવાર તમામ નાવિકો કુશળ તરવૈયા હોવાથી તેમણે હિંમત દાખવી અને જાતે જ પાણીમાંથી સલામત રીતે બહાર નીકળી આવ્યા હતા. આ ઘટનાને પગલે સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. દરિયાઈ મોજાં અને પવન સાથેની આ જોખમી રેસ અનુભવી નાવિકોની કોઠાસૂઝથી જાનહાનિ વગર સંપન્ન થઈ હતી. અંતે, મગદલ્લા ખાતે વિજેતા ટીમોને અનુક્રમે રૂ. 51 હજાર, 35 હજાર અને 25 હજારના રોકડ પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બોટાદ SOG પોલીસે ગઢડાના ગુંદાળા ગામ નજીકથી

# ઈક્કો કારમાંથી 4 કીલો 441 ગ્રામ સુકા ગાંજા સાથે 2 આરોપીને ઝડપી લીધા

## 2,25,050 નો ગાંજો,ફોરવ્હીલર ગાડી 2 લાખ,મોબાઈલ ફોન-2 12,000 મળી કુલ 4,37,050 નો મુદ્દામાલ કબ્જે કર્યો

• વિપુલ લુહાર

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS) ધર્મેન્દ્ર શર્મા દ્વારા નશીલા પદાર્થોને બદી સદંતર નેસ્ત નાબૂદ થાય તેમજ તેની હેરાફેરી અટકાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ હોય જે સૂચના ને લઈ બોટાદ જિલ્લા SOG ના ઈન્ચાર્જ PI એ.જી.સોલંકી તેમજ SOG PSI એ.એમ રાવલ તેમજ SOG પોલીસ સ્ટાફ ના યુવરાજસિંહ પરમાર, દિલીપસિંહ ટાંક,રાજેશભાઈ વિદાણી,કલ્પેશભાઈ સાપરા, અજયસિંહ ગોહિલ,ગોવિંદભાઈ ગળચર,સતીશકુમાર ઘાઘરેટીયા, જામસંગભાઈ ડોડીયા,ધિરજભાઈ રબારી એ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ગઢડા તાલુકાના ગુંદાળા ગામ પાસે નંદલાલ કોટન ઈન્ડ્રસ્ટ્રીઝ સામેથી ઈક્કો ફોરવ્હીલર ગાડીમાંથી સુકો ભેજવાળો વનસ્પતિ જન્ય ગાંજો 4 કિલો 441 ગ્રામ તેની કિંમત 2 લાખ 25 હજાર 50 રૂપિયા, ઈક્કો ફોરવ્હીલર ગાડી કિંમત 2 લાખ રૂપિયા,મોબાઈલ ફોન-2 કિંમત 12,000 રૂપિયા મળી કુલ 4,37,050 રૂપિયાના મુદ્દામાલ સાથે દિવ્યેશભાઈ ઉર્ફ.પિન્ટુ ભુપતભાઈ નાથજી રહે.ઢસા તાલુકો ગઢડા તેમજ દિગ્વિજયસિંહ મહોબતસિંહ ગોહિલ રહે.પાટણા તાલુકો ગઢડા નામના 2 આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે SOG પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી NDPS એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી સાથે SOG ના ઈન્ચાર્જ PI એ.જી. સોલંકી એ તપાસ હાથ ધરી છે.

# ઈન્દોરનો વિકલાંગ ભિખારી ‘કરોડપતિ’ નીકળ્યો

• ઈન્દૌર

શહેરને “ભિખારી મુક્ત” બનાવવા માટે નિકળેલા વહીવટીતંત્રને એક એવો માણસ મળ્યો જેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. માંગીલાલ, એક અપંગ વ્યક્તિ જે બુલિયન માર્કેટમાં ફરતો હતો, તે ખરેખર કરોડોની સંપત્તિનો માલિક બન્યો. તેની પાસે ઈન્દોરમાં ત્રણ આલીશાન ઘરો, એક સ્વિફ્ટ ડિઝાયર કાર (ડ્રાઈવર સાથે) અને ત્રણ ઓટો-રિક્ષા છે. વધુમાં, માંગીલાલ ભીખ માંગીને મળતા પૈસા નાના બુલિયન વેપારીઓને ઊંચા વ્યાજ દરે ઉછીના આપતા હતા. વહીવટીતંત્ર હવે તેની સંપત્તિની તપાસ કરી રહ્યું છે.શહેરના પ્રતિષ્ઠિત સરાફા બજાર વિસ્તારમાં વર્ષોથી વારંવાર જોવા મળતા માંગીલાલ ક્યારેય ખુલ્લેઆમ ભીખ માંગતા નહોતા. તેઓ ખૂણામાં બેસતા હતા અથવા પીઠ પર બેગ લટકાવીને, પોતાના હાથ જૂતામાં નાખીને ઉભા રહેતા હતા.તેમની હાલત જોઈને પસાર થતા લોકો તેમને પૈસા અથવા સિક્કા આપતા હતા. તેની સામાન્ય દૈનિક કમાણી 500 થી 1,000 રૂપિયાની વચ્ચે હતી. જ્યારે મધ્યપ્રદેશ મહિલા અને બાળ વિકાસ વિભાગની બચાવ ટીમે તેને ઉપાડી અને પુનર્વસનની ઓફર કરી, ત્યારે તેણીએ કબૂલાત કરી. માંગીલાલે નોડલ ઓફિસર દિનેશ મિશ્રાને જણાવ્યું કે, તેમની પાસે ભગતસિંહ નગરમાં ત્રણ માળનું ઘર, શિવ નગરમાં 600 ચોરસ ફૂટનું ઘર અને અલ્વાસામાં એક બેડરૂમનો ફ્લેટ છે. તેમણે આ ફ્લેટ પ્રધાનમંત્રી આવાસ યોજના યોજના હેઠળ રેડ ક્રોસ સોસાયટી તરફથી તેમની અપંગતાના આધારે મેળવ્યા હતા.

આક્રોશ — અન્યાય, અત્યાચાર અને અસત્ય સામે લડવું એ આમ આદમી પાર્ટીનો મૂળ ઉદ્દેશ્ય

# પોરબંદર રૂપરેલ MBA કોલેજની બેદરકારીથી 42 વિદ્યાર્થીનું ભવિષ્ય જોખમમાં હતું, આપનો હસ્તક્ષેપથી નિવેડો આવ્યો

## “અમારું ભવિષ્ય ન બગાડો”ની પોકાર સાંભળાઈ, 42 વિદ્યાર્થીઓ ને વ્હારે AAP આવતા મળ્યો ન્યાય

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદરની જે.એન. રૂપરેલ સ્વામિનારાયણ સંચાલિત MBA કોલેજની ગંભીર વહીવટી બેદરકારીના કારણે કોલેજમાં અભ્યાસ કરતા 42 વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય અધ્ધરતાલ બની ગયું હતું. કોલેજ દ્વારા સમયમર્યાદામાં GTU યુનિવર્સિટીમાં પરીક્ષા ફોર્મ તથા ACPCમાં એનરોલમેન્ટ મોકલવામાં ન આવતા વિદ્યાર્થીઓને હોલ ટિકિટ મળી નહોતી, જેના કારણે તેઓ ચાલુ પરીક્ષામાં બેસી શક્યા નહોતા. યુનિવર્સિટીએ અગાઉથી સૂચનાઓ આપ્યા છતાં કોલેજ સંચાલન દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નહોતી. જો સમયસર એનરોલમેન્ટ મોકલાયું હોત, તો યુનિવર્સિટી દ્વારા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી શકાય તેમ હતી. પરિણામે વિદ્યાર્થીઓ સામે માત્ર “બાય એન્યુઅલ એડમિશન”નો વિકલ્પ બચ્યો હતો, જેમાં પણ ACPC દ્વારા મંજૂરી મળવી આવશ્યક હતી. આ ગંભીર મુદ્દે વિદ્યાર્થીઓની વાચા બની આમ આદમી પાર્ટી (AAP)આગળઆવી.આમઆદમીપાર્ટીનાવિદ્યાર્થીવિંગનાપ્રદેશ પ્રમુખ ધાર્મિકભાઈ માથુકિયા પોરબંદર દોડી આવ્યા અને સમગ્ર AAP ટીમ સાથે કોલેજ કેમ્પસમાં ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું. જો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ગાંધીનગર ખાતે મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. ચાર દિવસ અગાઉ હોલ ટિકિટ ન મળતા પરીક્ષાથી વંચિત થયેલા 42 વિદ્યાર્થીઓની એક જ પોકાર હતી – “અમારા માટે કોઈ ઊભું થાવ, અમારા માટે લડો, અમારું ભવિષ્ય બગડવું જોઈએ નહીં.” આ અવાજને સાંભળીને આમ આદમી પાર્ટીના પૂર્વ શહેર પ્રમુખ ચેતનભાઈ સવજાણી અને વર્તમાન શહેર પ્રમુખ ડૉ. નૂતનબહેન ગોકાણી કોલેજ ખાતે પહોંચ્યા. તેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા અને પ્રદેશ સ્તરની AAP ટીમ એક્ટિવ મોડમાં આવી ગઈ. આંદોલનમાં પ્રદેશ વિદ્યાર્થી વિંગ પ્રમુખ ધાર્મિકભાઈ માથુકિયા, લોકસભા ઈન્ચાર્જ મહેશભાઈ કોટડીયા, જિલ્લા પ્રમુખ પરબત ભાઈ બાપોદરા, વિધાનસભા ઈન્ચાર્જ ભાર્ગવભાઈ જોષી, કુતિયાણા રાણાવાવ વિધાનસભા ઈન્ચાર્જ મેરૂભાઈ ઓડેદરા, જીલ્લા મહિલાવિંગ ઉપપ્રમુખ નીતાબેન સાદીયા, શહેર મહિલા પ્રમુખ લીલુબહેન ભૂતિયા, વિદ્યાર્થી વિંગ જીલ્લા પ્રમુખ અમિતભાઈ ખોડા, શહેર વિદ્યાર્થી વિંગ પ્રમુખ નાથાભાઈ ભૂતિયા, સિનિયર આગેવાનો નટુભાઈ કારાવદરા, આરીફભાઈ પીરાઝાદા, ભરત ભાઈ ગોઢાણીયા, હરદાસભાઈ કુછડીયા, નિલેશભાઈ ગોરસેરા, સંજયભાઈ જોષી, માલદેભાઈ ઓડેદરા, પ્રફુલભાઈ ગોસ્વામી, જયમલ ભાઈ ઓડેદરા, આનંદ ભાઈ રાડીયા, હર્ષદભાઈ વાળા, રવિ રૂપારેલ, રૂદ્ર ગોશ્વામી અને સોશિયલ મીડીયા ’આપ’ ના સીટી ઈન્ચાર્જ રાજેશભાઈ માંડવીયા સહીત સહુ કોલેજ કેમ્પસમાં ઉપવાસ આંદોલન પર ઉતરી ગયા. શહેરના રહીશો આવ્યા, જાગૃક નાગરિકો આવ્યા, ટ્રસ્ટીઓ આવ્યા, પોલીસ પણ આવી, દબાયેલા અવાજમાં સલાહો પણ આવી, ધીરે ધીરે વાલીઓ પણ આવ્યા અને અંતે વ્હાલસોયા વિદ્યાર્થીઓ પણ આવ્યા. ‘અમારા માટે કોઈક ઉભા થાવ, અમારા માટે લડો, કાંઈ પણ કરો, અમારું ભવિષ્ય બગડવું જોઈએ નહીં‘ વિદ્યાર્થીઓની વાચા બની આમ આદમી પાર્ટી, એલાન થયું કોલેજને સોમવારે તાળાબંધી કરીશું, GTU, UNIVERSITY, COLLEGE, TRUSTEES, JOURNALIST અને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, આપના નેતા અને વિસાવદરના યુવાન લોકપ્રિય ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા, સૌરાષ્ટ્રઝોનપ્રમુખપ્રકાશભાઈ દોંગા દરેક સાથે ગહન ચર્ચાઓ કરાઈ અને AAP દ્વારા કોલેજને સોમવારે તાળાબંધી કરવાની જાહેરાત કરવામાં આવતા સંસ્થાના ટ્રસ્ટીઓ હરકતમાં આવ્યા. પોલીસ સુરક્ષા વચ્ચે વિદ્યાર્થીઓ, વાલીઓ અને ટ્રસ્ટીઓ વચ્ચે બંધ હોલમાં લાંબી બેઠક યોજાઈ. બેઠકમાં સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો કે કોલેજની ભૂલનો ભાર વિદ્યાર્થીઓ પર નાખવામાં નહીં આવે. બાય એન્યુઅલ 2026ના નવા નિયમો અનુસાર જામનગર ખાતે વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓનું વર્ષ બગડશે નહીં. ઉપરાંત, પરીક્ષા સંબંધિત સમગ્ર ખર્ચ કોલેજ દ્વારા જ ભોગવવામાં આવશે. આમ 42 વિદ્યાર્થીઓને ન્યાય મળ્યો અને આ મામલે આમ આદમી પાર્ટીની સક્રિયતા કારણે સુખદ સમાધાન આવ્યું. પોરબંદર શહેરમાં લોકોમાં વિશ્વાસ ઉભો થયો કે અન્યાય સામે અવાજ બનવા આમ આદમી પાર્ટી હંમેશા તૈયાર છે. અન્યાય, અત્યાચાર અને અસત્ય સામે લડવું એ આમ આદમી પાર્ટીનો મૂળ ઉદ્દેશ્ય છે, અને વિદ્યાર્થીઓના હિતમાં લેવાયેલ આ લડત સમગ્ર ગુજરાત માટે ઉદાહરણરૂપ બની છે, તેમ વિધાનસભા ઈન્ચાર્જ ભાર્ગવભાઈ જોષીએ જણાવ્યું.

ગોત્રીમાં હિટ એન્ડ રનમાં મહિલાનું મોત

# વડોદરામાં કાળમુખા વાહનોએ 3નો ભોગ લીધો: કારેલીબાગ-માણેજામાં 2 માસૂમના મોત

માતમ છવાયો — કારેલીબાગમાં ફાયરબ્રિગેડના ટેન્કરની નીચે આવી જતાં 10 વર્ષીય બાળકનું મોત

• વડોદરા

વડોદરા શહેરમાં બે અલગ-અલગ અકસ્માતની ઘટનામાં બે માસુમના મોત નીપજ્યા છે. જેમાં કારેલીબાગ વિસ્તારમાં પાણીની ટાંકી પાસે ફાયર બ્રિગેડના ટેન્કરે અકસ્માત સર્જતા 10 વર્ષીય બાળકનું મોત થયું છે, જ્યારે અન્ય એક ઘટના મકરપુરા વિસ્તારમાં ઘટી હતી. આ બનાવમાં 6 વર્ષની બાળકીનું કરૂણ મોત નીપજ્યું. બંને બનાવને પગલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ત્રીજી એક હિટ એન્ડ રનની ઘટનામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, વડોદરાના કારેલીબાગ પાણીની ટાંકીમાંથી પાણી ભરવા આવેલા ફાયરબ્રિગેડના ટેન્કરે રોડ પર ઊભેલા શ્રમજીવી પરિવારના બાળકને કચડી નાખતા મોત થયું હતું. મૂળ ખેડાના દિલીપભાઈ રાયસંગભાઈ તળપદા પરિવાર સાથે હાલમાં વડોદરા કારેલીબાગ પાણીની ટાંકી પાસે ફૂટપાથ પર બેસી શેરડીનું વેચાણ કરે છે અને ત્યાં જ પડાવ નાખીને રહે છે. આજે(19 જાન્યુઆરી) બપોરે પોણા બે વાગ્યે તેમનો 10 વર્ષનો બાળક દિપક ટાંકી પાસે રમતો હતો. આ દરમિયાન કારેલીબાગ પાણીની ટાંકીમાંથી પાણી ભરવા આવેલા ફાયરબ્રિગેડના ટેન્કરના ચાલકે બેદરકારી પૂર્વક ટેન્કર રિવર્સ લેતા ટેન્કરના પૈડા બાળકના માથા પર ફરી વળતા બાળકનું મોત થયું હતું.

વડોદરામાં કાળમુખા વાહનોએ 3નો ભોગ લીધો: કારેલીબાગ-માણેજામાં 2 માસૂમના મોત, ગોત્રીમાં હિટ એન્ડ રનમાં મહિલાનું મોત 2 - image

ત્યારબાદ ટેન્કર ચાલક ત્યાંથી ભાગી ગયો હતો. કુંભારવાડા પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો છે. ઘટનાસ્થળ પરથી માર પડવાના ડરે ભાગી ગયેલો ટેન્કરચાલક પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. બાળકના મોતને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સમગ્ર બનાવ મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી એક અકસ્માતની ઘટના માણેજા વિસ્તારમાં બની હતી. જેમાં પિતા સાથે બાઈક પર જઈ રહેલી 7 વર્ષીય બાળકીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક ચાલક તેની દીકરીને શાળાએથી લેવા ગયા હતા, ત્યારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે કાર વચ્ચે અકસ્માત થતાં એક કાર રોડ પરથી પસાર થતા બાઈક ચાલક સાથે અથડાઈ હતી. જેના કારણે બાઈક પર સવાર પિતા, પુત્રી રોડ પર ફંગોળાઈને પડતા તેઓને ઈજા થઈ હતી.

અકસ્માતની ઘટનાને લઈને નજીકમાં ઊભેલા રિક્ષા ચાલક દોડી આવીને ઈજાગ્રસ્ત પિતા, પુત્રીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બાઈક ચાલક ચેતન ઘનશ્યામભાઈ સોલંકી (રહે. શિવબાનગર, માણેજા) તથા તેમની 6 વર્ષની પુત્રી જીયાનને સયાજી હોસ્પિટલમાં લઈ જતાં ડૉક્ટરે બાળકીનું મોત થયું હોવાનું જણાવ્યું હતું. જ્યારે ચેતનભાઈને ડાબી આંખ પર ઈજા થઈ હતી. ચેતનભાઈ પુત્રીને સ્કૂલેથી લેવા ગયા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું. બંને કારના ચાલકને કડક સજાની માગ સાથે પરિવારે લાશ લઈ જવાનો ઈનકાર કર્યો હતો. સમગ્ર મામલે માંજલપુર પોલીસે અકસ્માત સર્જનાર બંને કારચાલકની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના ગોત્રી તળાવ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં બની હતી. જેમાં વાહન ચાલકે ચાલીને જતી મહિલાને અડફેટે લેતા મોત નીપજ્યું હતું. આ મામલે ગોત્રી ગાયત્રીનગર સામે ભૂમિ રેસિડેન્સીમાં રહેતા મૃતક મહિલાના પતિ રામનયન પ્રજાપતિએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ‘મારી પત્ની અમ્રિતા 18 જાન્યુઆરીની રાત્રે 9 વાગ્યે ગોત્રી તળાવ પાસે કામ માટે ગઈ હતી. તે ચાલીને જતી હતી, ત્યારે એક વાહન ચાલકે ટક્કર મારતા અમ્રિતાને ડાબા હાથના ખભા, પાંસળી તથા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આ

# ચિલોડા નજીક ડમ્પરની ટક્કરે યુવતી અને પ્રાંતિયા પાસે રિક્ષાચાલકે જીવ ગુમાવ્યો

ગાંધીનગર : હાઈ-વે પર બે અકસ્માતમાં 2 ના મોતઃ

• ગાંધીનગર



ગાંધીનગર જિલ્લામાં નેશનલ હાઈવે પર સર્જાયેલા બે ગમખ્વાર અકસ્માતોમાં બે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે. મોટા ચિલોડા અને પ્રાંતિયા નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતોમાં એક મહિલા એક્ટિવા ચાલક અને એક રિક્ષાચાલકનું ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું છે. આ અકસ્માતો અંગે ચિલોડા અને ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદના નવા નિકોલ વિસ્તારમાં રહેતા મહેન્દ્રભાઈ પટેલની 38 વર્ષીય પુત્રી મોહિનીબેન રવિવારે સવારે એક્ટિવા લઈને માણસાના રંગપુર ગામે સધીમાતાના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે હિંમતનગર નેશનલ હાઈવે પર મોટા ચિલોડા માહી હોસ્પિટલ પાસે કોઈ અજાણ્યા ડમ્પર ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે મોહિનીબેનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પુત્રીના અકસ્માતની જાણ થતા જ પિતા મહેન્દ્રભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રસ્તા વચ્ચે કપડાથી ઢાંકેલી પોતાની પુત્રીની લાશ જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. રોડ ક્રેસ કરવા જતાં અજાણ્યા વાહને આધેડને અડફેટે લીધા જ્યારે બીજી ઘટનામાં નાના ચિલોડામાં રહેતા નિવૃત્ત આર્મીમેન જશવંતસિંહ બઘેલના 54 વર્ષિય નાના ભાઈ કમલેશભાઈ રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા હતા.શનિવારે રાત્રે આશરે એકાદ વાગ્યાના અરસામાં કમલેશભાઈ પ્રાંતિયા ઓવરબ્રિજ પાસે જોગણી માતાના મંદિર સામે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે સમયે કોઈ અજાણ્યા વાહનચાલકે તેમને પૂરઝડપે ટક્કર મારતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જોકે શરૂઆતમાં લાશની ઓળખ થઈ શકી ન હતી. બાદમાં પોલીસે આસપાસના વિસ્તારોમાં તપાસ કરતા ફોટો જોઈને પરિવારે લાશની ઓળખ કરી હતી. ઉલ્લેખનીય છે કે, મૃતક કમલેશભાઈની પત્નીનું એક વર્ષ પહેલા જ અવસાન થયું હતું. જ્યારે તેમના મોતના કારણે ત્રણ દીકરીએ પણ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ બંને અકસ્માતો અંગે ચિલોડા અને ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાવ-થરાદ :સંતશ્રી સદારામ લાઈબ્રેરી ખાતે PSI તથા પોલીસ ભરતી અંગે વર્કશોપ સેમિનાર યોજાયો

• થરાદપ્રધાનજી ઠાકોર

સંતશ્રી સદારામ લાઈબ્રેરી, ઠાકોર સમાજ વાવ-થરાદ ખાતે યુનિટી ગ્રુપ તથા અક્ષર અકાદમી, ગાંધીનગરના પ્રખ્યાત માર્ગદર્શક પ્રોફેસર ડૉ. બી.સી. રાઠોડ સાહેબ દ્વારા PSI તથા પોલીસ ભરતી અંગે માર્ગદર્શનરૂપ વર્કશોપ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર દરમિયાન પ્રોફેસર ડૉ. બી.સી. રાઠોડ સાહેબે રીઝનીંગ અને ગણિત વિષયમાં યાદ રાખવાની સરળ શોર્ટ ટ્રિક્સ, અસરકારક વાંચવાની પદ્ધતિ, તેમજ ટાઈમ ટેબલને અનુસરીને અભ્યાસ કરી વધુ માર્કર્સ, મેરિટ અને ઓર્ડર મેળવવા સુધી સતત અભ્યાસ કરવાની મહત્વતા વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ભારતીય બંધારણ, કરંટ અફેર્સ, સાંસ્કૃતિક વારસો તથા ભારત-ગુજરાત ભૂગોળ વિષયક મુદ્દાઓ પર પણ ઉપયોગી ચર્ચા કરવામાં આવી હતી, જે ભરતીની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત માર્ગદર્શક સાબિત થઈ. સેમિનારના અંતમાં યુનિટી ગ્રુપના મિત્રોએ તમામ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને સંકલ્પ લેવડાવ્યો કે “આ આવનારી ભરતીમાં અમે ચોક્કસ મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરીશું.” આ પ્રસંગે પ્રોફેસર ડૉ. બી.સી. રાઠોડ સાહેબ દ્વારા સંતશ્રી સદારામ બાપા ઠાકોર સમાજ લાઈબ્રેરીને વિવિધ ભરતીની તૈયારી માટે અક્ષર અકાદમી ગાંધીનગર અને અક્ષર પબ્લિકેશનના કુલ 158 પુસ્તકો વિદ્યાર્થીઓના વાંચનાર્થે ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા, જે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# કેનેડામાં ચીન-રશિયાના ખેલથી ડોનાલ્ડ ટ્રમ્પ ટેન્શનમાં, સહયોગીઓને કરવા લાગ્યા ફરિયાદ

• વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે પશ્ચિમ ગોળાર્ધમાં પોતાની પકડ મજબૂત કરવા માટે આક્રમક તેવર બતાવી રહ્યા છે. ગ્રીનલૅન્ડને ખરીદવાની ઈચ્છા બાદ હવે ટ્રમ્પનું ધ્યાન કેનેડાના આર્કટિક ક્ષેત્ર પર કેન્દ્રિત થયું છે. ટ્રમ્પને આશંકા છે કે કેનેડા પોતાની સરહદોની રક્ષા કરવામાં સક્ષમ નથી, જેના કારણે આ વિસ્તારમાં રશિયા અને ચીનનો પ્રભાવ વધી રહ્યો છે. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પ તાજેતરના અઠવાડિયામાં પોતાના સહયોગીઓ સામે સતત ફરિયાદ કરી રહ્યા છે કે આર્કટિક ક્ષેત્રમાં અમેરિકા નબળું પડી રહ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે રશિયા કે ચીનની કોઈપણ ઘૂસણખોરીને રોકવા માટે કેનેડાએ પોતાના સંરક્ષણ પર વધુ ખર્ચ કરવો જોઈએ. ટ્રમ્પ ઈચ્છે છે કે અમેરિકન અધિકારીઓ કેનેડામાં પોતાનો પ્રભાવ વધારે જેથી દુશ્મન દેશોને આ વિસ્તારથી દૂર રાખી શકાય. હાલના અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનેડાની ઉત્તરી સરહદ પર અમેરિકન સૈનિકોની તૈનાતી અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી. ગ્રીનલૅન્ડની જેમ ટ્રમ્પ કેનેડાને ખરીદવાનો પ્રયાસ નથી કરી રહ્યા, પરંતુ

ગુજરાતના ટોચના નેતાઓને દિલ્હીનું તેડું

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીને લઈ CM ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓ 2 દિવસ હાજરી આપશે

• ગાંધીનગર



ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ગુજરાત ભાજપના ટોચના નેતાઓ બે દિવસના દિલ્હી પ્રવાસે જઈ રહ્યા છે. 19 જાન્યુઆરીએ નામાંકન અને 20 જાન્યુઆરીએ અધ્યક્ષની જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સહિતના અગ્રણીઓ દિલ્હી જશે. ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગ દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં પ્રસ્તાવક તરીકે ભાગ લેવા માટે અનેક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, મનસુખ માંડવિયા, નિમુબેન બાંભણિયા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષો, પૂર્વ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો તથા વિવિધ મોરચાના રાષ્ટ્રીય પદાધિકારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના અનુભવી નેતાઓ દિલ્હી ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા સ્વિટ્ઝરલેન્ડના પ્રવાસે હોવાથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં તેઓ દિલ્હી હાજર રહી શકશે નહીં.


# નર્મદા સુગર ધારીખેડા ફેક્ટરી માં કામ કરતાં શ્રમ જીવીઓ માટે વિના મુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### 2500 થી વધુ દર્દીઓએ લાભ લીધો

• દીપક જગતાપ, રાજપીપલા



નર્મદા જિલ્લામાં ધારીખેડા ખાતે એક માત્ર સુગર ફેકટરી આવેલી છે. જે ભરૂચ નર્મદાનાં ખેડૂતોની જીવાદોરી ગણાય છે.આ ફેકટરીમાં 3000 કરતા વધુ શ્રમિકો કામ કરે છે.એમનું સ્વાસ્થ્ય સારું રહે અને એમને કોઈ પણ જાતની બીમારી કે શારીરિક તકલીફ હોય તો તે દૂર કરવા માટે ખાસ ધ્ સુગર ફેકટરી દ્વારા વિના મુલ્યે ફ્રી સર્વરોગ નિદાન મેડિકલ ચેકપ કેમ્પ યોજાયો હતો આ મેડિકલ કેમ્પ માં ગુજરાતના અને વિદેશનાં અમેરિકાથી નિષ્ણાત ડોક્ટરો પણ આવ્યા હતા.ખાસ કરીને અહીં મજૂરી કામ કરતા શ્રમિકો અને સુગર સ્ટાફ અને આજુબાજુના ગામ ના લગભગ 2500 લોકોએ આ કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાંચામડીના રોગ, નાક-કાન, ફ્રી ડાયાબીટીસ ચેક-અપ આંખોની તપાસ, સ્ત્રીના રોગ, બાળકોના રોગ, દાંતના રોગો, હાડકાના રોગના દર્દીઓ ને તપાસી દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી. ઉપરાંત ઈસીજી, સુગર તથા બીપીની તપસા નિઃશુલ્ક કરવામાં આવી હતી. ખાસ અહીં આવતા શ્રમિકોને સિકલસેલ, એનિમિયા અને કરમિયાથી પીડાતા રોગ વાળા અને આંખનાં ચશ્માવાળા દર્દીઓ વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા. જોકે તમામ રોગોના દર્દીને વિના મુલ્યે તપાસી વધુ ગંભીર બીમારી વાળા દર્દીને વડોદરા ખાતે ધીરજ હોસ્પિટલમાં વધુ સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. અને આ તમામ દર્દીઓને મફત સારવાર આપવામાં આવી રહી છે



## યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે સાગર ગ્રુપ પંડ્યા પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ નું આયોજન કરાશે

• દિપક જોષી દ્વારા પ્રાચી

યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે તા 20/1/2026. ને મંગળવાર ના રોજ સાગર ગ્રુપ (પંડ્યા પરિવાર) પ્રાચી દ્વારા સ્વ મુકુંદરાય દિવેશ્વર પંડ્યા ના સ્મરણાર્થે પ્રાચી તીર્થ ખાતે સાગર હોટેલ બલવંત નિવાસ ખાતે બપોરે 3, વાગ્યા થી ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે આ રક્તદાન કેમ્પ મા વધુ મા વધુ લોકો જોડાય એવો અનુરોજ આયોજક શ્રી ગિરીશભાઈ એમ પંડ્યા દ્વારા કરાયો છે આ રક્તદાન કેમ્પ મા એકત્રિત બોટલો ને ઈન્ડિયન રેડ ક્રોસ વેરાવળ ખાતે મોકલવામાં આવશે

ઉત્સાહ

5

# થરાદ ખાતે નાઈ સમાજના સંકુલનું સેનાચાર્ય અચલાનંદગિરિજીના હસ્તે ઉદ્ઘાટન કરાયું

### શૈક્ષણિક સંકુલનું ભવ્ય અને ઐતિહાસિક લોકાર્પણ કરવામાં આવ્યુ

• રાજેશ જોષી : વાવ-થરાદ



થરાદ ખાતે નાઈ સમાજ થરાદરી પરગણા દ્વારા શૈક્ષણિક સંકુલનું ભવ્ય અને ઐતિહાસિક લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ તેમજ સંત શ્રી સેનજી મહારાજની પ્રતિમાનુ અનાવરણ કાર્યક્રમ યોજાયો જેમાં આ સમારોહ પૂજ્ય સંત સેનાચાર્ય અચલાનંદગિરજી મહારાજના અધ્યક્ષ સ્થાને યોજાયો અને તેમના હસ્તે રીબીન કાપીને શૈક્ષણિક સંકુલને ખુલું મુકવામાં આવ્યું જેમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ગુજરાત કોગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, બનાસકાંઠા સંસદ ગેનીબેન ઠાકોર, મંત્રી સ્વરૂપજી ઠાકોર, પરબતભાઈ પટેલ સહિતના તમામ આગેવાનો, રાજકીય આગેવાનો , અધિકારીઓ સહિત નાઈ સમાજના લોકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને નાઈ સમાજના પ્રમુખ આંબાભાઈ સોલંકી દ્વારા વર્ષો પહેલા જે સપનુ જોયુ હતુ કે થરાદમાં એક શૈક્ષણિક સંકુલભવનનું નિર્માણ થાય અને સમાજના વિદ્યાર્થીઓ તેમાં ભણી ગણી એને આગળવધે તે દિશામાં વર્ષો પહેલા કામ ઉપાડ્યું હતું અને 15 જાન્યુઆરીએ આ કામ પૂર્ણ થયું હતું અને તમામ સંતો મહંતો અને આગેવાનોની ઉપસ્થિતમાં આ ભવનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું જેમાં સેનાચાર્ય અંચલાનંદગિરજી મહારાજે પણ સમાજના વિકાસ માટે સમાજ આગળ વધે અને શિક્ષણમાં આગળ વધે અને સમાજના લોકો પણ ખૂબ આગળ વધે તેના માટે અને હજુ આનાથી પણ વધુ સ્કૂલોનું નિર્માણ થાય તેના માટે આશીર્વાદ આપ્યા હતા અને તેમને તમામ નાઈ સમાજના બંધુઓનું અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ પ્રસંગે સત્યાનંદગીરી બાપજી, વાવ રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ,ગુલાબસિંહ રાજપુત,ડી ડી રાજપુત, અર્જુનસિંહ વાઘેલા,પથુસિંહ રાજપુત, શૈલેષભાઈ પટેલ,ભગવાનભાઈ જોષી, ગીતાબેન નાઈ(કોંગ્રેસ વાવ-થરાદ જિલ્લા મહિલા પ્રમુખ),દાનાભાઈ માળી, તુલસીભાઈ ધુમડા, રામભાઈ રાજપુત, ગુલાબગીરી અતિત સહિત ઉપસ્થિત રહ્યા હતા.

### ગોવિંદગીરીજી તથા અન્ય ગણમાન્ય અતિથિઓ પણ ઉપસ્થિત હતાં

# દિલ્હીના તૃતીય દિવસ કથાસંવાદમાં મોરારિબાપુએ કહ્યું પરાપૂર્વથી જે અચલ તે સનાતન છે

કથા સંવાદ

### અર્જુને કૃષ્ણને 'સનાતસ્વમ' સંબોધીને તેને શાશ્વતની વ્યાખ્યા આપી છે

• ગાંધીનગર



પૂજ્ય ગોવિંદગીરીની ઉપસ્થિતિ દિલ્હી (તખુભાઈ સાંડસુર દ્વારા) દિલ્હીના પ્રગતિ મેદાનના ઐતિહાસિક અને આર્કીટીકની દ્રષ્ટિએ ઉત્તમ એવા પરિસર ભારત મંડપમમાં પૂજ્ય મોરારિબાપુના વ્યાસાસને 'માનસઃસનાતન ધર્મ 'નું ગાન તારીખ 17 થી પ્રારંભ થયું છે. કથા સંવાદના તૃતીય દિવસે આજે રામ જન્મભૂમિ ન્યાસ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદગીરીજી તથા અન્ય ગણમાન્ય અતિથિઓ પણ ઉપસ્થિત હતાં.

પૂજ્ય મોરારિબાપુએ કથા સંવાદના પ્રવાહને આગળ વધારતા કહ્યું કે સનાતન શબ્દનો અર્થ દિવ્ય પુરુષ એવો થાય છે. દેવ શબ્દની કેટલીક મર્યાદા છે પરંતુ દિવ્યતા એ પોતાના પ્રભાવથી પ્રકાશિત છે. ભવ્ય હોય તે ભંગાર થઈ શકે પણ દિવ્ય રોજ નુતન અને નવીન હોય.અર્જુને કૃષ્ણને 'સનાતસ્વમ' સંબોધીને તેને શાશ્વતની વ્યાખ્યા આપી છે. ભગવદ્ ગીતામાં શાશ્વત અને સનાતન બંને શબ્દો મળે છે. દરેકની પહેલી ભક્તિ શ્રવણ છે. કૃષ્ણએ પોતાના જન્મને દિવ્ય કર્યો છે તેથી પરાપૂર્વથી સનાતન અચલ છે, ગુણાતીત છે, માયાતિત છે, બધાથી અતિત છે. સાધુ કુલવંત, બલવંત, શીલવંત અને તલવંત હોય. સાધુ કદી દલવંત ન હોય. એટલે કે જેની પાસે પોતાનું દળ છે તેને સાધુ શબ્દ સાથે જોડી ન શકાય.પુસ્તક એ શિક્ષક છે, ગ્રંથ એ ગુરુ છે, રામચરિત માનસ એ સદગુરુ છે, જે ગ્રંથાતિત છે તે બુદ્ધ પુરુષ છે.બાપુએ આજે સાધુ, સનાતન અને સિદ્ધિ ઉપરની પણ ચર્ચાઓ કરી હતી.

કથાના ક્રમને આગળ વધારતા મહાદેવ દ્વારા સર્જિત માનસનું મહાત્મ્ય પ્રસ્તુત થયું હતું. સદ્ ગ્રંથનું મૂળ સ્થાન હદય છે તે પ્રસ્થાપિત કરવામાં આવ્યું.

આજની કથાના વિરામ સમયે રામ જન્મભૂમિના સમિતિના ઉપાધ્યક્ષ પૂજ્ય ગોવિંદગીરીજી મહારાજ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાના પ્રાસંગિકમાં કહ્યુ કે આપણી સંસ્કૃતિને બચાવવા માટે શિક્ષણ અને વિરાસત બંને મહત્વના પાસાઓ છે.તેને જાળવવાનું આ નેતૃત્વ કાર્યરત છે તેને સૌએ સમજવું જોઈએ. આપણે માત્ર રામ મંદિરનું નિર્માણ નહીં પણ રાષ્ટ્ર નિર્માણથી રામરાજ્ય તરફ ગતિ કરી રહ્યા છીએ. સાંધ્ય કાર્યક્રમમાં ઘણા ઘણા સુફી કલાકારોએ પોતાની પ્રસ્તુતિ કરી હતી.

# સુરતના બે માસૂમ ભાઈઓનો સ્કેટિંગ પર 'શક્તિ' સાધનાનો સંકલ્પ

### 480 કિમી દૂર અંબાજી જવા નીકળ્યા, પ્રથમ દિવસે 75 કિમી કાપી ભરૂચ પહોંચ્યા

• ભરૂચ



' હિંમત અને મક્કમ મનોબળ હોય તો અંતર ક્યારેય આડું આવતું નથી ' તે ઉક્તિને સુરતના બે પિતરાઈ ભાઈઓએ સાર્થક કરી બતાવી છે. સુરતના વરાછા વિસ્તારમાં રહેતા 10 વર્ષીય પાર્શ્વ પટેલ અને 9 વર્ષીય પંથ પટેલે પોતાના દાદા અને કોચને ગૌરવ અપાવવા સુરતથી અંબાજી સુધીની 480 કિલોમીટરની અનોખી સ્કેટિંગ યાત્રાનો પ્રારંભ કર્યો છે. છેલ્લા બે વર્ષથી સ્કેટિંગની તાલીમ લઈ રહેલા આ બાળકોનો ઉત્સાહ જોઈ પરિવારજનોએ પણ સહમતિ આપતા, આ નાનકડા સાહસિકો અંબાજી માતાજીને ધ્વજા અર્પણ કરવાના નિશ્ચય સાથે રવાના થયા છે.

આ સાહસિક યાત્રાના પ્રથમ દિવસે જ બંને ભાઈઓએ સવારના 7 વાગ્યા થી સ્કેટિંગ શરૂ કરી 75 કિલોમીટ રનું અંતર કાપી ભરૂચ પહોંચી સૌ ને આશ્ચર્યચકિત કરી દીધા છે . બાળકોની સુરક્ષા અને પ્રોત્સાહન માટે દાદા હિતેશભાઈ પટેલ સહિત પરિવારના 8 સભ્યો ત્રણ વાહનોના કાફલા સાથે સતત તેમની સાથે રહી રહ્યા છે.

નાનકડી ઉંમરે અડગ શિસ્ત અને લગન સાથે 480 કિલોમીટરનો કપરો લક્ષ્યાંક પાર કરવા નીકળેલા આ બાળકોની સફર રમતગમત ક્ષેત્રે અને સાહસિકતામાં સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

# દાંડા ગામે ૨૬ વર્ષીય યુવાનનું રહસ્યમય મોત નીપજ્યું

### પિતાએ શંકા વ્યક્ત કરતા પોલીસે પેનલ પીએમ કરાવ્યું, આમોદ પંથકમાં ચકચાર મચી ગઇ હતી

• આમોદ



આમોદ તાલુકાના દાંડા ગામે એક ૨૬ વર્ષીય યુવાનના શંકાસ્પદ મોતે પંથકમાં અનેક તર્ક-વિતર્ક જગાવ્યા છે. ગામના નિશાળ ફળિયામાં રહેતો વિષ્ણુ પ્રવીણ વસાવા ગત ૧૫મી જાન્યુઆરીએ ઘરે આવ્યા બાદ અચાનક બેભાન થઈ જતાં તેને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે આમોદ અને ત્યારબાદ વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બે દિવસની સારવાર બાદ ૧૭મી જાન્યુઆરીની વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું. જોકે, યુવાનના પિતા પ્રવીણભાઈ વસાવાને પુત્રના અકાળે અવસાન અંગે શંકા જતાં તેમણે આમોદ પોલીસને જાણ કરતા સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

ઘટનાની જાણ થતા જ આમોદ પોલીસની ટીમ તાત્કાલિક દાંડા ગામે પહોંચી હતી અને જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મોતના સાચા કારણને શોધવા માટે મૃતદેહને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી પોલીસે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. એકાએક બેભાન થઈ જવું અને ત્યારબાદ થયેલું આ મોત કુદરતી છે કે અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે પેનલ પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ બનાવને પગલે ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## સ્ટેટ હાઈવે માટે 15 લાખ હેક્ટર જમીન સરકાર હસ્તગત કરશે

• વડોદરા

વડોદરાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી તરફ જતા સ્ટેટ હાઈવેને વધુ પહોળો કરવા માટે ખાનગી જમીનોનું સંપાદન કરવાનું સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ખાનગી માલિકોની વડોદરા જિલ્લામાં આવેલી આશરે 15 લાખ હેક્ટર જેટલી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા પણ પૂરજોશમાં ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે વડોદરાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતા વડોદરા તેમજે નર્મદા જિલ્લાના સ્ટેટ હાઈવે પર વાહનો પૂરઝડપે દોડી શકે તેવી સુવિધાઓ વિકસાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે, પરંતુ અનેક સ્થળોએ જામ થતા ટ્રાફિકમાંથી લોકોને મુક્તિ મળે તે દિશામાં કોઈ નક્કર પ્રક્રિયા હાથ ધરાતી નથી. વડોદરાથી એસઓયુ તરફ જતા સ્ટેટ હાઈવે પર વડોદરાથી ડભોઈ તરફના રોડને અગાઉથી જ પહોળો કરવામાં આવ્યો છે અને હવે વધુ સુવિધા સભર બનાવવા તરફ કામગીરી કરવામાં આવી રહી છે.વડોદરા જિલ્લામાં એસઓયુ તરફ જતા સ્ટેટ હાઈવે માટે કુલ 17 ગામોની ખાનગી માલિકીની જમીનો સંપાદન કરવામાં આવશે. જેમાં સૌથી વધારે ડભોઈ તાલુકાના અકોટી ગામની તેમજ સૌથી ઓછી વડોદરા તાલુકાના મહંમદપુરા ગામની જમીન સંપાદન કરાશે તેમ જાણવા મળ્યું છે. કુલ 17 ગામોની 15 લાખ હેક્ટર જમીન સંપાદન થશે, જેમાં કુલ 825 સરવે નંબરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાનગી જમીન માલિકો પાસેથી જમીનો લેવા માટે હાલમાં કલમ-10(ક) મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.વડોદરા તાલુકાના મહંમદપુરા ગામથી ડભોઈ તાલુકાના અકોટી ગામ સુધીના માર્ગ પર આવનારી ખાનગી માલિકોની જમીનો સરકાર પોતાના હસ્તક લઈ લેશે તેમ જાણવા મળ્યું છે.

### માંડવા ટોલ પ્લાઝા પાસે પોલીસનો સપાટો, કુલ 40 લાખનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં 'મમરા' ના કોથળા નીચે છુપાવેલો 35 લાખનો દારૂ ઝડપાયો

• અંકલેશ્વર



અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે નેશનલ હાઈવે 48 પર દારૂની હેરાફેરીની એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને સચોટ બાતમી મળી હતી કે માંડવા ટોલ પ્લાઝા નજીક ઊભેલી એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બોલેરો પીકઅપ ગાડીમાં પ્રતિબંધિત ચીજવસ્તુઓ ભરેલી છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તપાસ હાથ ધરતા, ગાડીમાં ઉપરના ભાગે મમરાની થેલીઓ ભરી નીચે ગુપ્ત રીતે છુપાવેલી વિદેશી દારૂની 1008 બોટલો મળી આવી હતી. બુટલેગરોએ પોલીસની આંખમાં ધૂળ નાખવા માટે મમરાની આડમાં આ કાળો કારોબાર ગોઠવ્યો હતો, જેને પોલીસે નિષ્ફળ બનાવ્યો છે.

પોલીસે ઘટનાસ્થળેથી 35.10 લાખની કિંમતનો દારૂ અને 5 લાખની પીકઅપ ગાડી મળી કુલ 40.10 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, પોલીસની રેઈડ દરમિયાન આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ગાડીના ચાલક સહિત દારૂનો જથ્થો મંગાવનાર અને મોકલનાર ત્રણેય ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. હાઈવે પર બાજ નજર રાખતી પોલીસે આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડી પાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# અંદાડામાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ 1.18 કરોડના RCC રોડનું કર્યું લોકાર્પણ

### નવા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સંપન્ન



• અંકલેશ્વર

ભરૂચ વિધાનસભા વિસ્તાર હેઠળના અંકલેશ્વરના અંદાડા ગામના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે કરોડોના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાડા ગામે 1.18 કરોડના ખર્ચે નવનિર્મિત RCC રોડનું લોકાર્પણ કરવાની સાથે જ ધારાસભ્યએ અન્ય 1.18 કરોડના નવા RCC રોડના નિર્માણ માટે ખાતમુહૂર્તની વિધિ પણ સંપન્ન કરી હતી. આ અવસરે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, ગ્રામ આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ સુદ્રઢ કરવા માટે સતત પ્રયત્નશીલ છે. નવા RCC રોડના નિર્માણથી ગ્રામજનોને વર્ષો જૂની કાદવ-કીચડની સમસ્યામાંથી મુક્તિ મળશે અને આવન-જાવનમાં મોટી સુવિધા ઉપલબ્ધ થશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગામડાઓ જ્યારે પાકા રસ્તાઓથી જોડાશે ત્યારે જ ગ્રામ્ય અર્થતંત્ર અને વિકાસ સાચા અર્થમાં વેગીલો બનશે.

## અંકલેશ્વરમાં ટ્રકે ટેમ્પોને કચડ્યો, ચાલકનું કેબિનમાં જ મોત

• અંકલેશ્વર

નેશનલ હાઈવે નંબર 48 પર અંકલેશ્વર નજીક રાજપીપળા ચોકડી ઓવરબ્રિજ પર સુરતથી ભરૂચ તરફ જઈ રહેલી એક હાઈવા ટ્રકે આઈસર ટેમ્પોને એટલી જોરદાર ટક્કર મારી હતી કે ટેમ્પોની લોખંડી કેબિનનો કાગળની જેમ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ભયાનક ટક્કરને પગલે ટેમ્પો ચાલક કેબિનના કાટમાળમાં જ ફસાઈ ગયો હતો અને ગંભીર ઈજાઓના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક મૂકીને અંધારાનો લાભ લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે અં કલેશ્વર ડીપીએમસી (DPMC) ની રેસ્ક્યુ ટીમની મદ દ મેળવી કટર મશીન દ્વારા ટેમ્પોની કેબિન કાપી ભારે જહેમત બાદ ચાલકના મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**સંમેલન** સંમેલન સમાજ માટે ઉપયોગી તથા પ્રેરણાદાયી સાબિત થયું હોવાનું જણાવ્યું

# અમદાવાદના મણીનગર ખાતે ધોબી સમાજના ડૉક્ટરો માટે "દ્વિતીય ધોબી સમાજ ડૉક્ટર્સ સંમેલન" યોજાયું

### આયોજકો તરફથી સમાજના તમામ ડોક્ટરોનો સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો




• અમદાવાદ

અમદાવાદના મણીનગર ખાતે ધોબી સમાજના ડૉક્ટરો માટે "દ્વિતીય ધોબી સમાજ ડૉક્ટર્સ સંમેલન"નું આયોજન તારીખ રવિવાર ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બાળકૃષ્ણ હવેલી, મણીનગર (ભા. સ્વામિનારાયણ મંદિર પાસે) ખાતે સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી સફળતાપૂર્વક કરવામાં આવ્યું.આ સંમેલનનો હેતુ ધોબી સમાજમાં વિવિધ તબીબી ક્ષેત્રે સેવા આપતા ડૉક્ટરો વચ્ચે પરસ્પર સંપર્ક, અનુભવ વિનિમય તથા એકતાને મજબૂત બનાવવાનો હતો. સમાજના ડોક્ટરો એક જ મંચ પર મળી આરોગ્ય ક્ષેત્રના વિકાસ, પડકારો અને ભવિષ્યની દિશા અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી.આ સંમેલનમાં સમાજના ડોક્ટરો તેમજ ભાવિ ડોક્ટરો એક જ છત મળ્યા હતાં. સમાજ પાસે રહેલી તબીબી શક્તિનો સમાજના હિતમાં યોગ્ય માર્ગદર્શન અને ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સાથે સાથે સમાજ સેવા અને તબીબી ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે "યીંર્ખ્તીંરીિ" કાર્યક્રમ પણ યોજાયો.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માન.ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ તથા કોર્પોરેટર શ્રી કરણભાઈ ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી.આયોજકો તરફથી સમાજના તમામ ડોક્ટરોનો સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને સંમેલન સમાજ માટે ઉપયોગી તથા પ્રેરણાદાયી સાબિત થયું હોવાનું જણાવ્યું.

### ઘણીવાર તો વાહનો ચલાવતા ચાલકને સામેનું વાહન કે વ્યક્તિ દેખાતા પણ હોતા નથી

# વહેલી સવારે ઝાડના પર્ણો પર ઝાકળ ભીના ટીપાઓનું સામ્રાજ્ય

### ઝાકળ બિંદુઓ પી ગયા પછી અસંખ્ય સૂરજ ઘાસના મેદાનમાં ફરીથી ઊગી આવે છે. પછી તડકો બિચારો શું કરે!



**શબ્દસૃષ્ટિ**

**લેખક: દીપક જગતાપ**

શિયાળાની વહેલી સવારનું ધુમ્મસ નું દ્રશ્ય અદભૂત હોય છે. આકાશમાંથી જાણે ઈશ્વર સફેદ અપારદર્શક ઝાંખા પાંખા શ્વેત પડદાઓ ધરતી પર ઉતારતા હોય એવું લાગે. એવું લાગે જાણે વહેલી સવારે ધુમ્મસ ફરવા નાં નીકળ્યું હોય.ધુમ્મસને સૂરજ સાથે વેર હોય એમ મેદાનોમાં ધુમ્મસ ઘાસ ચરવા નીકળી પડે છે. વહેલી સવારે ઝાડના પર્ણો પર ઝાકળ ભીના ટીપાઓનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. પીળા પડી ગયેલા સુક્કા પર્ણો ને જાણે યુગોની તરસ લાગી હોય એમ પર્ણો ને ફૂલોની પાંદડીઓ પર ટપકેલા ઝાકળબિંદુ પી ને પર્ણો ને ફૂલો પોતાની તરફ છૂપાવે છે.

ઝાકળ ભીની સવારે તડકો આમતો ફરવા આવે છે. પણ જાણે તડકાને ધુમમ્સ સાથે વેર હોય એમ લીલા ઘાસના મેદાનોમાં આળોટતા તડકાને જોઈને ધુમ્મસ અદ્રશ્ય થવા લાગે છે. ને તરસ્યો તડકો પણ ચૂપચાપ ઝાકળ પીને ઉડી જાય છે.

ઝાકળ બિંદુઓમાં સો સો સૂરજના પ્રતિબિંબ કદાચ તડકાથી સહન નહી થતાં હોય એટલે બધા જ સૂર્યોને પી જવાની ગુસ્તાખી તડકો કરે છે. પણ ઝાકળ પણ કઈ જાય એમ નથી હોતું.ઝાકળ બિંદુઓ પી ગયા પછી અસંખ્ય સૂરજ ઘાસના મેદાનમાં ફરીથી ઊગી આવે છે. પછી તડકો બિચારો શું કરે!

આમ તો ઝાકળ બિંદુઓ રોજ વહેલી સવારે ફૂલોની ચરણ રજ ધોવા આવતા હોય છે. એને કદાચ ખબર હશે કે પછી ઝાકળથી ધોયેલા ફૂલો ઈશ્વરને ચડાવવાના હશે. એટલે ઝાકળ પણ જળ જળ અને પછી સૂરજના કુમળા પ્રકાશમાં ઝળહળ થઈ જાય છે.

વહેલી સવારે ધુમ્મસનું દ્રશ્ય જોઈએ તો બધા પહાડો અને વૃક્ષો જાણે ધુમ્મસની ચાદર ઓઢીને કદાચ ઠંડી ઊડાડતા હોય એવો ભાસ થાય છે. જેને કમળો થયો હોય એને પીળું દેખાય એમ વહેલી સવારે ધુમ્મસની આંખમાં મોતિયાની જેમ બધું ઝાંખું ઝાંખું વંચાતું હોય એમ એને આખું જગ ધૂંધળું દેખાય છે.થોડી વાર ગાઢ ધુમ્મસ ચારે બાજુ છવાયેલું દેખાય.

ધુમ્મસની દુનિયા જ કંઈક અનેરી હોય છે.વહેલી સવારે દ્રશ્યો બધા ઝાંખા ઝાંખા થઈ જાય છે. કુદરતના કેનવાસ પર ઈશ્વરને રંગ ઓછા પડ્યા હોય કે ખૂટી ગયા હોય એમ ઝાંખા પાંખા દ્રશ્યો દેખાતા હોય છે.

ઘણીવાર તો વાહનો ચલાવતા ચાલકને સામેનું વાહન કે વ્યક્તિ દેખાતા પણ હોતા નથી.જેને કારણે કસ્માત થવાનો પણ ભય હોય છે. જાણે આ બધી દુનિયા ઝાંખી હોય એમ લાગે છે. વૃક્ષોના પર્ણ ઉપર ઝાકળ બિંદુઓ જાણે મોતીનો થાળ રચ્યો હોય એવા ચમકે છે. કહો કે દમકે છે..

ક્યારેક કેળના પાન ઉપરથી ઝાકળ બિંદુ લસરપટ્ટી રમતા હોય એમ સર સર નીચે ઉતરી આવે છે. ને પછી માટીમાં ટપકીને ભીની માટીની સોડમ બની જાય છે.ઝાકળથી ભીંજાયેલી માટી અને પેલું ઢેફું જળ જળ થઈ જાય .ત્યારે ઝાકળ ભીની માટીમાં કૂંપળને ફૂટવાનું મન થાય છે. મને તો ઝાકળબિંદુઓ કેળના પાન પર લસરપટ્ટી રમતા નાના માસુમ બાળકો જેવા લાગે છે. જયારે સુકાઈ ગયેલા પીળા પાન પરથી ઝાકળબિંદુઓ લસરતા હોય છે ત્યારે મને તો પાનખરનાં આંસુ હોય એમ લાગે લાગે છે.

# નબીપુરમાં કારના 'ચોરખાના' માંથી દારૂનો

### ભરૂચ LCBએ 6.47 લાખનો મુદ્દામાલ જપ્ત કરી એકને દબોચ્યો



• ભરૂચ

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે નબીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફિલ્મી ઢબે થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી બુટલેગરોની આધુનિક મોડસ ઓપરેન્ડી પર પાણી ફેરવી દીધું છે. હિંગલ્લા ચોકડીથી કોઠી તરફ જતા રસ્તા પર ઈન્ડિયન ઓઈલ પંપ પાછળ આવેલા એક ખુલ્લા ખેતરમાં સફેદ કલરની અર્ટિગા કારમાં દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની સચોટ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન લક્ઝરી કારમાં ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા ગુપ્ત 'ચોરખાના' માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી ૧૦૦૮ બોટલો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

આ સફળ ઓપરેશનમાં પોલીસે ૩,૨૭,૬ ૦૦ની કિંમતનો વિદેશી દારૂ, ૩ લાખની અર્ટિગા કાર અને મોબાઈલ ફોન મળી કુલ ૬,૪૭, ૬ ૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે સ્થળ પરથી જંબુસર તાલુકાના છીદ્રા ગામના નિરવકુમાર કનુ ભા ઈ પરમાર નામના શખ્સની ધરપકડ કરી છે, જ્યારે આ દારૂનો જથ્થો મંગાવનાર ઝાડેશ્વરના તિલક હરિ કૃષ્ણ પટેલને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. દારૂ છુપાવવા માટે ગાડીમાં બનાવેલા આ ગુપ્ત ખાનાની કરામતે પોલીસને પણ વિચારતા કરી દીધા હતા. હાલ નબીપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી ફરાર આરોપીને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# Reliance Industries Ltd. દ્વારા પ્રસ્તાવિત ટ્રાન્સમિશન લાઈન સામે વાગડમાં ભારે રોષ

• રાપર

રાપર તાલુકાના વિવિધ ગામોમાંથી Reliance Industries Ltd. દ્વારા પ્રસ્તાવિત ઓવરહેડ ટ્રાન્સમિશન લાઈન પસાર કરવામાં આવી રહી છે, જેના કારણે સ્થાનિક ખેડૂતો, ગ્રામજનો તથા કુદરતી પર્યાવરણને ભારે અને અપૂરણીય નુકસાન થઈ રહ્યું છે. અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર આપ્યા વિના તથા પૂર્વ સંમતિ વિના આ કામગીરી આગળ વધારવામાં આવી રહી હોવાના કારણે સમગ્ર વાગડ વિસ્તારમાં ભારે રોષ અને અસંતોષ ફેલાયો છે. ટ્રાન્સમિશન લાઈનના કારણે ખેતીલાયક જમીનમાં કાયમી અડચણ ઊભી થવાથી જમીનની કિંમતમાં મોટો ઘટાડો થયો છે. ઊભા પાકને ગંભીર નુકસાન થવા ઉપરાંત ભવિષ્યમાં ખેતી કરવી અશક્ય બનવાની ભીતિ છે. સાથે જ હાઈ ટેન્શન વીજ લાઈનોના કારણે ખેડૂત પરિવારો અને ગ્રામજનોના જીવને સતત જોખમ ઊભું થયું છે. તેમ છતાં આજદિન સુધી અસરગ્રસ્તોને યોગ્ય અને સમયસર વળતર આપવામાં આવ્યું નથી.વધુમાં, આ પ્રોજેક્ટ મોટા પ્રમાણમાં ગૌચર જમીનમાંથી પસાર થઈ રહ્યો છે, જે ગૌપાલન અને ગ્રામ્ય જીવન માટે ગંભીર સમસ્યા સર્જે છે. સમગ્ર કચ્છ જિલ્લામાં માત્ર રાપર તાલુકો એવો છે જ્યાં આજે પણ કુદરતી વાતાવરણ અને જૈવ વૈવિધ્ય જળવાઈ રહ્યું છે. અહીં દર સીઝનમાં લાખો વિદેશી પક્ષીઓ તેમજ રાષ્ટ્રીય પક્ષી મોરનો કાયમી વસવાટ છે.

ભૂતકાળમાં પણ વિજ લાઈનોના કારણે વાગડ પંથકમાં હજારો પક્ષીઓના મોત થયા હોવાના ઉદાહરણો છે.આ પ્રોજેક્ટથી રેડિએશન અને વીજ અકસ્માતોના કારણે પક્ષીઓની અનેક પ્રજાતિઓ વિલુપ્ત થવાની સંભાવના છે, જેની સીધી અસર કચ્છના પ્રવાસન, સંસ્કૃતિ અને પર્યાવરણ પર પડશે. કંપની માટે આ પ્રોજેક્ટ બિઝનેસ હોઈ શકે, પરંતુ વાગડની પ્રકૃતિ અને સંસ્કૃતિ માટે આ વિનાશક સાબિત થશે.* આથી ભારત સરકારના રાજપત્ર CG-DL-E-26112025-267972 ને તાત્કાલિક રદ કરી વાગડને ન્યાય આપવામાં આવે તેવી સ્થાનિક લોકો અને ખેડૂતોની એકમાત્ર માંગ છે. જો 15 દિવસની અંદર યોગ્ય કાર્યવાહી અને સ્પષ્ટ જવાબ આપવામાં નહીં આવે, તો અસરગ્રસ્ત ખેડૂતો અને ગ્રામજનો સંવૈધાનિક માર્ગે ગાંધી ચિન્ધા આધારે ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે, જેની સંપૂર્ણ જવાબદારી સરકાર અને સંબંધિત કંપનીની રહેશે.

# ગુજરાતી કલાકાર વિક્રમ ઠાકોર રાજકારણમાં ઝંપલાવશે!

**અંબાજી :** રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી જે વાતની અટકળો તેજ હતી, તેના પર ખુદ ગુજરાતી કલાકાર વિક્રમ ઠાકોરે પૂર્ણવિરામ મૂક્યું હોય તેવું લાગી રહ્યું છે. યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત 'ભવાનીધામ સંકલ્પયાત્રા' દરમિયાન જાહેર મંચ પરથી વિક્રમ ઠાકોરે રાજકારણમાં પ્રવેશવાના સંકેત આપતા ગુજરાતના રાજકીય આલમમાં ગરમાવો આવી ગયો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, આજે નહીં તો કાલે તે સક્રિય રાજકારણમાં જોવા મળશે.ભવાનીધામ સંકલ્પયાત્રામાં ઉમટેલી જંગી મેદનીને સંબોધતા વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, 'હું હંમેશા જનતાની વચ્ચે રહ્યો છું અને કલાકાર તરીકે પણ લોકોની સેવા જ કરી રહ્યો છું. જ્યારે હું મોટા કાર્યક્રમમો હાજરી આપું છું ત્યાર એક સવાલ પૂછવામાં આવે છે કે,બાપુ ટિકિટ લેવાનો છો? પરતું જો આજે નહીં તો કાલે, હું ચોક્કસપણે રાજકારણમાં જોડાઈશ.' વિક્રમ ઠાકોરની આ જાહેરાત બાદ સભામાં હાજર સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.ભવાનીધામ સંકલ્પયાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને આ સાથે જ અનેક રાજનેતાઓ પણ ત્યાં હાજર હતા. અભિજિતસિંહ બારડ અને અન્ય ક્ષત્રિય નેતાઓની હાજરીમાં વિક્રમ ઠાકોરે રાજકારણમાં જોડાવવાની જાહેરાત કરી છે.ઉલ્લેખનીય છેકે, વિક્રમ ઠાકોર ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ભારે લોકચાહના ધરાવે છે. તેમના ગીતો અને ફિલ્મોના કારણે ઠાકોર સમાજ સહિત અન્ય વર્ગોમાં તેમનો મોટો પ્રભાવ છે. જો તેઓ રાજકારણમાં જોડાય છે, તો ઉત્તર ગુજરાતના રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર આવી શકે છે.અગાઉ પણ અનેકવાર તેમના રાજકારણમાં આવવાની ચર્ચાઓ થતી હતી, પરંતુ પ્રથમ વખત તેમણે જાહેરમાં આ રીતે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે.

### સમાજના સર્વાંગી વિકાસ માટે એક સંયુક્ત દિશા અપનાવવાનો પ્રસ્તાવ પણ સર્વસંમતિથી મૂકવામાં આવ્યો હતો

# મહીસાગર જિલ્લાના અરીઠી ગામે ક્ષત્રિય ઠાકોર સમાજનું વિશાળ 'બંધારણ મહાસંમેલન' યોજાયું

• કાનજી ધામોત મહીસાગર



મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના અરીઠી ગામ ખાતે હવેલી વિભાગ લુણાવાડા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા વિશાળ 'બંધારણ મહાસંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત ભાથીજી મહારાજની પુજા-અર્ચના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનુ પુષ્પગુચ્છ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો અને વડીલોએ સમાજને એકસરખા રિવાજો અને એક મજબૂત બંધારણ તરફ આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સાથે જ ખોટા ખર્ચા અને ખોટા રિવાજોમાંથી બહાર આવી સમાજમાં એકતા, સંસ્કાર અને સુવ્યવસ્થા સ્થાપિત કરવા માટે પ્રેરણાદાયક વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. સમાજના સર્વાંગી વિકાસ માટે એક સંયુક્ત દિશા અપનાવવાનો પ્રસ્તાવ પણ સર્વસંમતિથી મૂકવામાં આવ્યો હતો. આ મહાસંમેલનમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ, બહેનો તથા વડીલો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતે સૌએ સ્વરુચી ભોજનનો લાભ લઈ આનંદપૂર્વક કાર્યક્રમનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના હેબતપુરમાં રખડતાં ઢોરને પકડવા ગયેલી ટીમ સામે માથાકૂટ, ઢોરને

### ઘટનાઓનો ક્રમ નક્કી કરવા અને જવાબદારી નક્કી કરવા માટે વધુ તપાસ શરૂ કરી

• અમદાવાદ

આજે સોમવારે સવારે અમદાવાદ મનપાની પશુ પકડવાની ઝુંબેશમાં હેબતપુર ગામમાં રહેવાસી ત્રણ શખ્સોએ વિરોધ કરી અવરોધ ઊભો કર્યો હતો, જેમાં દાવા મુજબ ઘણા રખડતા ઢોરને જપ્તીથી બચવા માટે ભગાડવામાં આવ્યા હતા, જેની નોંધ લેતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના અધિકારીઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. AMC આરોગ્ય વિભાગમાં પશુ નિરીક્ષક અંકુશ હેમંતકુમાર સુવેરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, 19 જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી જ્યારે હેબતપુરમાં એક ઔદ્યોગિક ભઠ્ઠા પાસે એક રહેવાસીના ખેતરની નજીક સરસ્વતી નર્સરી પાસે રસ્તા પર રખડતા ઢોર હોવાની માહિતી પર પાલિકાની ટીમ કાર્યવાહી કરી રહી હતી. સુવેરાએ જણાવ્યું હતું કે તેઓ, સાથી પશુધન નિરીક્ષક, પશુ સંરક્ષણ દળના કર્મચારીઓ અને અન્ય અધિકૃત સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં પશુ ટીમને બે



થી ત્રણ ઢોર મુક્તપણે ફરતા જોવા મળ્યા, જ્યારે સાત થી આઠ અન્ય ઢોર કથિત રીતે વાડવાળા વાડામાં બંધ હતા.

જ્યારે અધિકારીઓએ વિગતો માંગી અને પશુઓ રાખવા માટે માન્ય લાઈસન્સ માંગ્યું, ત્યારે ગેટ પર હાજર એક વ્યક્તિએ કબૂલ્યું કે આવું કોઈ લાઈસન્સ ઉપલબ્ધ નથી. ત્યારબાદ AMC ટીમે તેમને જાણ કરી કે તો નિયમો મુજબ પશુઓ જપ્ત કરવા પડશે. ફરિયાદમાં આરોપ છે કે બાબુભાઈ મોહનભાઈ ભરવાડ, તેમના નાના ભાઈ વિક્રમભાઈ મોહનભાઈ ભરવાડ અને તેમના કાકા દિકરભાઈ સાગરભાઈ કાંતીભાઈ ભરવાડ તરીકે ઓળખાતા ત્રણ માણસોએ સહકાર આપવાનો ઈનકાર કર્યો હતો અને અધિકારીઓને પશુઓ જપ્ત કરવા માટે બનાવેલા બાંકડામાં પ્રવેશતા અટકાવ્યા હતા. કાયદાકીય કાર્યવાહીની વારંવાર ચેતવણી આપવા છતાં, તેઓએ અધિકારીઓ સામે પડી વિઘ્ન ઊભું કર્યું હતું. પોલીસની મદદ માંગવામાં આવ્યા પછી અને પશુ સંરક્ષણ દળના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા પછી પણ, આરોપીઓએ કથિત રીતે વાડનો એક ભાગ તોડી નાખ્યો અને પશુઓને ભગાડી દીધા, જેના કારણે અધિકારીઓ તેમની કાયદેસરની ફરજ બજાવી શક્યા ન હતા. ફરિયાદમાં જણાવાયું છે કે, 'આરોપીઓએ કાયદાકીય પ્રક્રિયામાં અવરોધ ઊભો કર્યો અને જાણી જોઈને પશુઓને જપ્તીમાંથી છટકી જવામાં મદદ કરી, ડ્રાઈવ દરમિયાન હાજર AMC સ્ટાફ ઘટનાના સાક્ષી છે.' હવે ફરિયાદના આધારે બોડકદેવ પોલીસ સ્ટેશને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે, ઘટનાઓનો ક્રમ નક્કી કરવા અને જવાબદારી નક્કી કરવા માટે વધુ તપાસ શરૂ કરી છે.

---

ટેકનોલોજી

### ગાયના 'નોઝ પ્રિન્ટ' બનશે ઓળખનું હથિયાર

# અમદાવાદમાં રખડતાં ઢોરના માલિક શોધવા તંત્રનો 'સ્માર્ટ' પ્લાન! AI અને CCTVથી ગાયનું નાક સ્કેન કરાશે

### આ મોડેલ સફળ રહ્યા બાદ તેને રાજ્યના અન્ય મહાનગરોમાં પણ લાગુ કરવામાં આવશે

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં રખડતા પશુઓના ત્રાસ અને તેના કારણે થતા અકસ્માતોને રોકવા માટે સરકાર હવે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)નો સહારો લેવા જઈ રહી છે. ગાંધીનગર સ્થિત 'AI સેન્ટર ઓફ એક્સલન્સ' દ્વારા એક એવું અત્યાધુનિક ડીપ લર્નિંગ મોડલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે સીસીટીવી ફૂટેજની મદદથી ભીડમાં પણ ગાયની ઓળખ કરી તેના માલિકનું નામ જાહેર કરી દેશે. આ પ્રોજેક્ટ હેઠળ કામ કરતી એજન્સીએ અત્યંત રસપ્રદ ટેકનોલોજી સૂચવી છે. જે રીતે મનુષ્યોમાં ફિંગરપ્રિન્ટ અલગ હોય છે, તેમ દરેક ગાયના નાકની ડિઝાઈન (Nose Print) પણ અલગ હોય છે. AI મોડલ ગાયના નાક, આંખો અને ચહેરા પરના નિશાનને સ્કેન કરશે. રસ્તા પર રખડતી ગાયોના ફોટા સીસીટીવી દ્વારા લેવામાં આવશે અને AI તેને કોર્પોરેશનના ડેટાબેઝ સાથે મેચ કરશે. આ ટેકનોલોજી દ્વારા પળવારમાં જાણી




શકાશે કે ગાય કોની છે, જેથી માલિક સામે તાત્કાલિક દંડકીય કાર્યવાહી કરી શકાશે. અત્યાર સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની ટીમ RFID ટેગ અને માઈક્રોચીપના આધારે ગાયની ઓળખ કરતી હતી. પરંતુ આ પ્રક્રિયામાં કર્મચારીઓએ ગાયની નજીક જવું પડતું હતું, જે સમય માંગી લેતું અને જોખમી હતું. નવું AI મોડલ 126 સ્માર્ટ કેમેરા સાથે કનેક્ટ થઈને ઓટોમેટિક કામ કરશે. અમદાવાદમાં હાલ 1.10 લાખ ગાયોમાં રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ટેગ અને માઈક્રોચીપ લાગેલી છે, જેનો ડેટા આ AI મોડલ સાથે જોડવામાં આવશે. હાલમાં આ પ્રોજેક્ટ પાયલટ ધોરણે શરૂ કરાયો છે. એજન્સી ટૂંક સમયમાં સ્ટેયરિંગ કમિટી સમક્ષ આ મોડલ રજૂ કરશે. ટ્રાફિકની સમસ્યા હલ કરવી, અકસ્માતો અટકાવવા અને જાહેર સુરક્ષામાં વધારો કરવો. ગિફ્ટ સિટી સ્થિત સેન્ટર ઓફ એક્સલન્સના આ પ્રયાસથી અમદાવાદ દેશનું એવું પ્રથમ શહેર બની શકે છે જે પશુ નિયંત્રણ માટે 'ફેશિયલ રેકગ્નિશન' જેવી હાઈટેક સિસ્ટમનો ઉપયોગ કરશે. આ મોડેલ સફળ રહ્યા બાદ તેને રાજ્યના અન્ય મહાનગરોમાં પણ લાગુ કરવામાં આવશે.

---

### અમદાવાદમાં જાહેર રોડ પર ગંદકી કરનાર 9 દુકાન સીલ

# ગુરુકુળ, ઘાટલોડિયા, વસ્ત્રાપુરના વેપારીઓ સામે કાર્યવાહી, 145 દુકાન-રેસ્ટોરન્ટને નોટિસ આપી

કાર્યવાહી

### 145 દુકાનો-રેસ્ટોરન્ટને નોટિસ ઈશ્યૂ કરી 28 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત

• અમદાવાદ

દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં અમદાવાદ પ્રથમ નંબરે છે ત્યારે શહેરમાં લોકો જાહેર રોડ ઉપર કચરો ફેંકી ગંદકી કરતા હોય છે. કચરો ફેંકી અને અન્ય રીતે ગંદકી કરનારા વેપારીઓ દુકાનદારો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. શહેરના ગુરુકુળ રોડ, ઘાટલોડિયા સુરધારા સર્કલ, વસ્ત્રાપુર સહિત અલગ અલગ જગ્યા ઉપર ગંદકી કરનાર 9 દુકાનો અને રેસ્ટોરન્ટને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર-પશ્ચિમ ઝોનના સોલિડ




વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સીલ કરી દેવામાં આવી છે. ગંદકી કરનારા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સામે કાર્યવાહી ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગોતા, થલતેજ, બોડકદેવ, વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ગંદકી કરનારા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા બે દિવસમાં કુલ 100 જેટલી જગ્યા ઉપર તપાસ કરી ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ 145 દુકાનો અને રેસ્ટોરન્ટને નોટિસ ઈશ્યૂ કરી 28 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો છે. 1.42 લાખ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. જાહેર રોડ પર ગંદકી / ન્યુસન્સ કરતા ધંધાકીય એકમો તેમજ શાકભાજી વેચતા ફેરીયા, પાનના ગલ્લાં, ચાની કીટલી, પેપરકપ, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ, ઉત્પાદન કરતાં તથા ધંધાકીય એકમમાં ડસ્ટબિન (કચરાપેટી) ન રાખતા, જાહેરમાર્ગો પર ગંદકી / ન્યુસન્સ કરતાં ધંધાકીય એકમોનું સઘન ચેકીંગ હાથ ધરી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સનું ઉલ્લંઘન કરતાં એકમો /શખસો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. સવાર અને સાંજ સ્પે. સ્કવોડ કાર્યરત કરવામાં આવી છે.

---

# 'નિવૃત્ત કર્મચારી મંડળની સાધારણ સભા યોજાઈ 300 થી પણ વધારે પેન્સરો ઉપસ્થિત રહેલ

### ભોજન પ્રસાદ સાથે સર્ટી સાચવી શકાય તેવી એક તમામને ફાઈલ આપવામાં આવી

• હળવદ

હળવદ બ્રાહ્મણ ની ભોજનશાળા મુકામે શ્રી નિવૃત્ત કર્મચારી મંડળ હળવદની સાધારણ સભા યોજવામાં આવી જેમાં ડાંગર જીવણભાઈ ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ, મામલતદાર સાહેબ શ્રી ભટ્ટ સાહેબ હળવદ, શ્રીમાન અનિરુદ્ધસિંહ ઝાલા વાકાનેર પ્રમુખ, સંત શ્રી દિપકદાસજી મહારાજ મહંત લક્ષ્મીનારાયણ મંદિર હળવદ, sbi મેનેજર સાહેબ શ્રી હળવદ શ્રી મોરડીયા સાહેબ પ્રમુખ શ્રી, હળવદ નિવૃત કર્મચારી મંડળ તેમજ તમામ પેન્શરો કારોબારી સદસ્યો માળીયા, વાંકાનેર અને મોરબીના કારોબારી સદસ્યોએ હાજરી આપેલ. 70 વર્ષ અને 80 વર્ષના પેન્સરોનું સન્માન સાલ આઢાડી કરવામાં આવ્યું તેમજ તમામ દાતાઓનું પણ સાલ ઓઢાડીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું. આ તકે ડાંગર જીવણભાઈ ગુજરાત રાજ્ય ઉપપ્રમુખે જણાવેલ કે આઠમા પગાર પંચના લાભ પેન્સર ને મળવાની શક્યતા ખૂબ જ ઓછી છે માટે સુપ્રીમ



કોર્ટ સુધી દેશ લેવલે લડવાની ટેન્શન મંડળોની તૈયારી છે એવું જણાવેલ નિવૃત્ત કર્મચારી મંડળની આગામી વર્ષ માટે શ્રી મોરડીયા સાહેબની ફરીથી વરણી કરવામાં આવી જેમાં મનુભાઈ પી હુમલે દરખાસ્ત મુકેલ અને રતિલાલે દરખાસ્ત અને ટેકો આપી અને સાધારણ સભાના તમામ પેન્શન મિત્રોએ હાથ ઊંચા કરી અને આગામી વર્ષના પ્રમુખ તરીકે મોરડીયા સાહેબને બહાલી આપી અને પરિવરણ કરી પેન્સરોના અન્ય પ્રશ્નોની છણાવટ અને વિસ્તૃત ચર્ચા પ્રમુખ શ્રી મોરડીયા સાહેબે કરેલ આભાર વિધિ પણ પ્રમુખશ્રી સાહેબે કરેલ કાનની તકલીફ વાળા પેન્શન મિત્રોએ પણ દાતા નો લાભ લઈ અને કાનની સારવાર કરાવેલ એકંદરે નિવૃત્ત કર્મચારી મંડળ હળવદની સાધારણ સભા ખૂબ જ સફળ અને ભવ્ય રીતે યોજવામાં આવી તમામ પેન્શન મિત્રોને નાસ્તો તથા ભોજન પ્રસાદ સાથે સર્ટી સાચવી શકાય તેવી એક તમામને ફાઈલ આપવામાં આવી એકંદરે આ સાધારણ સભાને ખૂબ જ ભવ્ય સફળતા મળી.

---

## રાશીફળ (તા.19-01-2026)

**મેષ** — આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે.

**વૃષભ (બ.વ.ઉ)** — આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો.

**મિથુન** — આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે.

**કર્ક** — આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય પર સંપૂર્ણ ધ્યાન આપવાનો રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સતર્ક રહેવું પડશે અને તમારા આહાર પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે.

**સિંહ** — આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે.

**કન્યા** — આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે.

**તુલા** — આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે. નવા કાર્યોમાં રસ વધશે. તમે કોઈ નવો કોર્સ જોડાવા વિશે વિચાર કરી શકો છો.

**વૃશ્ચિક** — આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો. ઘણા દિવસોથી અટકેલા કામમાં સફળતા મળી શકે છે.

**ધન** — આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે - તેમને કોઈ મોટી કંપનીથી જૉબ માટે કોલ અથવા ઈમેલ આવી શકે છે.

**મકર** — આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો. જીવનસાથી સાથે લાંબી વાતચીત થશે.

**કુંભ** — આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો, જે સંબંધોને મીઠા બનાવશે.

**મીન** — આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે.

---

# રાજ્યના 15 ગ્રાઉન્ડ પર 21મીથી ફિઝિકલ ટેસ્ટ: 10 લાખ ઉમેદવારો ટેસ્ટ માટે મેદાનમાં ઉતરશે

### ગ્રાઉન્ડ ઈન્ચાર્જ તરીકે SP કક્ષાના અધિકારીને નિયુક્ત કરાયા

• અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) કેડરની 858 અને લોકરક્ષક (Lokrakshak) કેડરની 12,733 જગ્યાઓ સહિત કુલ 13,591 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જાહેરાત ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 10 લાખથી વધુ ઉમેદવારોએ અરજી કરી છે. આ ભરતી અંતર્ગત ઉમેદવારોને રાજ્યના 15 નિર્ધારિત શહેરો, જિલ્લાઓ, SRP જૂથો અને તાલીમ કેન્દ્રોમાં શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટે 21 જાન્યુઆરી 2026થી બોલાવવામાં આવશે. પુરુષ ઉમેદવારોની શારીરિક કસોટી 11 ગ્રાઉન્ડ ખાતે 21 જાન્યુઆરીથી 13 માર્ચ 2026 સુધી યોજાશે, જ્યારે મહિલા અને માજી સૈનિક ઉમેદવારો માટે 4 ગ્રાઉન્ડ ખાતે 21 જાન્યુઆરીથી 6 માર્ચ 2026 સુધી કસોટી યોજાશે. SP કક્ષાના અધિકારીના ગ્રાઉન્ડ ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરાયા દરેક ગ્રાઉન્ડ પર નાયબ પોલીસ મહાનિરીક્ષક




અથવા પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીને ગ્રાઉન્ડ ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેમની મદદ માટે ૭૦થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. ઉપરાંત, દરેક ગ્રાઉન્ડની દેખરેખ માટે DIGP અથવા IGP કક્ષાના અધિકારીને સુપરવિઝન અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. શારીરિક કસોટીમાં હાજર રહેનાર તમામ ઉમેદવારોનું બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન કરવામાં આવશે. દોડ કસોટી દરમિયાન આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે અને સમગ્ર પ્રક્રિયા CCTV કેમેરાની નજર હેઠળ યોજાશે. શારીરિક માપ કસોટીમાં પુરુષ ઉમેદવારોની ઊંચાઈ અને છાતીની માપણી તથા મહિલા ઉમેદવારોની ઊંચાઈની માપણી આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. ગ્રાઉન્ડના મોનીટરીંગ માટે ગાંધીનગરમાં સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો તમામ ગ્રાઉન્ડના મોનીટરીંગ માટે ગાંધીનગર ખાતે ભરતી બોર્ડનો સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. શારીરિક કસોટીના માપદંડ મુજબ પુરુષ ઉમેદવારોએ 5000 મીટરની દોડ 25 મિનિટમાં, મહિલા ઉમેદવારોએ 1600 મીટરની દોડ 9 મિનિટ 30 સેકન્ડમાં અને માજી સૈનિક ઉમેદવારોએ 2400 મીટરની દોડ 12 મિનિટ 30 સેકન્ડમાં પૂર્ણ કરવી પડશે. ઊંચાઈના માપદંડ મુજબ અનુસૂચિત જનજાતિ (ST)ના પુરુષ ઉમેદવારો માટે 162 સે.મી. અને અન્ય માટે 165 સે.મી. ઊંચાઈ ફરજિયાત છે. મહિલા ઉમેદવારોમાં ST માટે 150 સે.મી. અને અન્ય માટે 155 સે.મી. ઊંચાઈ નક્કી કરવામાં આવી છે.

---

# 'જીવનનું રણનીતિ શાસ્ત્ર ક્યારે નમવું અને ક્યારે લડવું?'

• દર્શના પટેલ નેશનલ એથ્લેટ મેડાલિસ્ટ

જીવન એ કોઈ યુદ્ધના મેદાનથી ઓછું નથી. અહીં દરરોજ આપણી સામે નવી પડકારો અને શક્તિશાળી વિરોધીઓ આવતા હોય છે. ઘણા લોકો માને છે કે હંમેશા લડતા રહેવું એ જ બહાદુરી છે, પરંતુ સાચું 'રણનીતિ શાસ્ત્ર' એ કહે છે કે ક્યારેક બે ડગલાં પાછળ હટવા માં જ લાંબા ગાળાની જીત છુપાયેલી હોય છે. જ્યારે આપણે કોઈ મુશ્કેલીમાં ફસાયેલા હોઈએ અથવા જ્યારે આપણું



પલડું નબળું હોય, ત્યારે તે પરિસ્થિતિ 'નદીની વચ્ચે' હોવા સમાન છે. આવા સમયે જો સામે પક્ષે કોઈ શક્તિશાળી વ્યક્તિ કે સંસ્થા (મગર) હોય, તો તેની સામે સીધો મોરચો માંડવો એ મૂર્ખામી છે. રણનીતિ કહે છે કે પહેલા પોતાની નબળાઈ સ્વીકારો. પરિસ્થિતિ શાંત થાય ત્યાં સુધી ધીરજ ધરો. તમારા બચાવના સાધનો મજબૂત કરો. ક્યારે નમવું? (સમજદારીપૂર્વકની પીછેહઠ) નમવું એ કાયરતા નથી, પણ એક વ્યૂહરચના છે. ભગવાન શ્રીકૃષ્ણને 'રણછોડ' કહેવામાં આવે છે. જ્યારે જરાસંઘે મથુરા પર ૧૭ વખત આક્રમણ કર્યું, ત્યારે ૧૮મી વખત કૃષ્ણ રણમેદાન છોડીને દ્વારકા ચાલ્યા ગયા. તેઓ ડરપોક નહોતા, પણ તેમને ખબર હતી કે અત્યારે પ્રજાની રક્ષા કરવી અને પોતાની શક્તિ બચાવવી વધુ જરૂરી છે. જ્યારે તમને લાગે કે અત્યારે લડવાથી માત્ર વિનાશ જ થશે અને કોઈ પરિણામ નહીં મળે, ત્યારે નમી જવામાં કે પીછેહઠ કરવામાં જ ભલાઈ છે. ક્યારે લડવું? જ્યારે તમારી પાસે પૂરતી સત્તા, સંપત્તિ કે સમર્થન આવી જાય, ત્યારે જ અન્યાય કે શક્તિશાળી વિરોધી સામે અવાજ ઉઠાવવો જોઈએ. પરિવાર કે સમાજમાં જ્યારે વિવાદ થતો હોય, ત્યારે સામા પક્ષે ગુસ્સો હોય તો શાંત રહી જવું (નમવું) શ્રેષ્ઠ છે. જ્યારે વાતાવરણ શાંત થાય ત્યારે જ તમારી વાત રજૂ કરવી.''જ્યાં સુધી નદી પાર ન થાય, ત્યાં સુધી મગર સાથે વેર ન કરાય 'જીવનમાં સફળ થવા માટે માત્ર 'જોશ' નહીં, પણ 'હોશ' (સમજદારી) ની પણ જરૂર છે. બહાદુરી લડવામાં છે, પણ વિજય રણનીતિમાં છે. તમારી તાકાતને ત્યાં સુધી બચાવી રાખો જ્યાં સુધી તમે તેનો ઘાતક પ્રહાર કરવા માટે સક્ષમ ન બનો.

# અંકલેશ્વરમાં 'ગુંજ'નો સેવાયજ્ઞ: 51 દીકરીઓના લગ્ન પૂર્વે પાનેતર-શેરવાનીનું વિતરણ કરાયું

### 8 ફેબ્રુઆરીએ જામશે શાહી લગ્નોત્સવ

• અંકલેશ્વર



ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં અગ્રેસર 'ગુંજ સોશિયલ ગ્રુપ' દ્વારા આગામી 8મી ફેબ્રુઆરીના રોજ 10મા ભવ્ય સર્વજ્ઞાતિ નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંગલ પ્રસંગના પૂર્વે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં 51 નવદંપતીઓને લગ્નનું પાનેતર, શેરવાની અને કંકોત્રીનું વિતરણ કરી લગ્નોત્સવના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા.

નવી દીવી ગામ સ્થિત ગુપ્તા ફાર્મ હાઉસ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. ગુંજ સોશિયલ ગ્રુપના પ્રમુખ સુધીર ગુપ્તાએ જણાવ્યું હતું કે, સંસ્થા દ્વારા દર વર્ષે 51 દીકરીઓના સમૂહ લગ્નનું સુચારુ આયોજન કરવામાં આવે છે, જે પરંપરા આ વર્ષે પણ જાળવી રાખવામાં આવી છે. આ પ્રસંગે ઉપપ્રમુખ ગણેશ અગ્રવાલ, ધર્મેશ ચાવડા અને પ્રોજેક્ટ ચેરમેન નીરજ પટેલ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આગામી 8મી ફેબ્રુઆરીએ યોજાનાર આ 10મા સમૂહ લગ્નોત્સવને લઈને અત્યારથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# નડિયાદના ફૈઝાન પાર્ક વિસ્તારમાંથી જુગાર રમતા 19 ઝડપાયા

નડિયાદ : ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે નડિયાદમાં મોટી કાર્યવાહી કરતા શહેરના ફૈઝાન પાર્ક પાછળના ખુલ્લા ખેતરમાં ધમધમતા મોટા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી જુગાર રમતા અને રમાડતા કુલ ૧૯ શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત ૬ શખ્સો પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે રોકડ, વાહનો અને મોબાઈલ મળી કુલ ૫.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓ ખેડા-નડિયાદ જિલ્લામાં દારૂ અને જુગારની બદી ડામવા માટે પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, નડિયાદના ફૈઝાન પાર્ક વિસ્તારમાં રહેતો યાસીન ઉર્ફે ખલી ઉસ્માનગની વ્હોરા અને તેનો સાગરિત મહંમદ ઈકબાલ ઉર્ફે રોમી બંને મળીને ફૈઝાન પાર્ક સોસાયટીની પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં જુગારધામ ચલાવી રહ્યા હતા. આ શખ્સોએ ખેતરમાં લોખંડના સ્થંભ ઉભા કરી મીણીયા અને પ્લાસ્ટિકના તંબુ બાંધીને એક કામચલાઉ શેડ તૈયાર કર્યા હતો, જ્યાં બહારથી માણસો બોલાવીને અંદર-બહારનો હારજીતનો જુગાર રમાડવામાં આવતો હતો.

**બચાવ** બસમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ

# SG હાઈવે પર ટ્રાફિક વચ્ચે AMTS બસ ભડભડ કરતી સળગી, મુસાફરોનો આબાદ બચાવ

### ફાયર ફાઈટરોની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો

• અમદાવાદ

અમદાવાદમાં આજે સવારે AMTS બસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે.સોલા સિવિલ હોસ્પિટલ વિસ્તારમાં આજે (19મી જાન્યુઆરી) સવારે AMTS બસમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભીષણ આગને પગલે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેને કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ, જ્યારે બસ સોલા સિવિલ રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક એન્જિનના ભાગમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. આગ લાગી હોવાનું માલૂમ પડતા જ બસના ડ્રાઈવર અને કંડક્ટરે સમયસૂચકતા દાખવી હતી. તેમણે તુરંત જ બસ ઊભી રાખી દીધી હતી અને બસમાં સવાર તમામ મુસાફરોને તાત્કાલિક સુરક્ષિત રીતે નીચે ઉતારી દીધા હતા. ડ્રાઈવર અને કંડક્ટરની આ સતર્કતાને કારણે બસમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો છે અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી.



આગ લાગવાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર ફાઈટરોની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

### ભરૂચને પ્લાસ્ટિકમુક્ત કરવા માટેની આ ઝુંબેશ

# ભરૂચ પાલિકાની લાલ આંખ: 200 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝડપ્યું, બેદરકાર વેપારીઓમાં ફફડાટ

**દોડધામ** આગામી સમયમાં વધુ આકરાં પગલાં લેવાની તૈયારી

• ભરૂચ

શહેરને સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત બનાવવાના મક્કમ નિર્ધાર સાથે ભરૂચ નગરપાલિકાએ 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ આક્રમક ડ્રાઈવ શરૂ કરી છે. પાલિકાની ટીમે શહેરના વિવિધ વોર્ડમાં ઓચિંતું ચેકિંગ હાથ ધરીને અંદાજે 200 કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી લેતા પ્લાસ્ટિક માફિયાઓ અને નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટરોની ટીમે વિવિધ દુકાનો, ખાણીપીણીની રેકડીઓ અને હોટલોમાં સઘન તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન માત્ર પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત જ નથી કરાયું, પરંતુ જાહેર માર્ગો પર ગંદકી ફેલાવનારા અને કચરાના નિકાલમાં બેદરકારી દાખવનારા વેપારીઓ સામે સ્થળ પર જ દંડાત્મક કાર્યવાહી કરી કડક વસૂલાત કરવામાં આવી છે.

પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, ભરૂચને પ્લાસ્ટિકમુક્ત કરવા માટેની આ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનશે. વેપારીઓને ડસ્ટબિનનો ફરજિયાત ઉપયોગ કરવા અને પ્લાસ્ટિકની થેલીઓનો ત્યાગ કરવા તાકીદ કરવામાં આવી છે. તંત્રએ નાગરિકોને પણ આ અભિયાનમાં સહભાગી થઈ શહેરને સુંદર અને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા અપીલ કરી છે. નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે આગામી સમયમાં વધુ આકરાં પગલાં લેવાની તૈયારી પાલિકાએ દર્શાવી છે.



# ડાંગ જિલ્લા માહિતી કચેરીના સિનિયર ક્લાર્કને અપાયુ વિદાયમાન

### આસપાસની જિલ્લા કચેરીઓ, અને છેક વડી કચેરીના કર્મચારી, અધિકારીશ્રીઓએ પણ શુભેચ્છાઓ પાઠવી

• આહવા-ડાંગ

રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તાબા હેઠળની, ડાંગ જિલ્લા માહિતી કચેરી, આહવાના સિનિયર ક્લાર્ક સુશ્રી ઉર્વિ વિજય ભાવસારને ભાવભર્યું વિદાયમાન અપાયુ હતુ. ગત તા.૧૬મી ઓક્ટોબરે જ નિયુક્ત થયેલા સુશ્રી ભાવસારને ભારત સરકારની ICAR-Directorate of Medicinal and Aromatic Plants Research, Boriavi, Anand, Gujarat, India કચેરી ખાતે સીધી ભરતીથી નિમણુંક મળતા તેમને માહિતી ખાતાની સેવામાંથી મુક્ત કરાયા હતા. ખૂબ જ ટૂંકાગાળામાં પોતાના મળતાવડા સ્વભાવને કારણે કચેરીના સૌ કર્મચારીઓમાં પ્રિય થઈ ગયેલા સુશ્રી ઉર્વિ ભાવસારને, તેમની ઉચ્ચ કારકિર્દી અને ઉજ્જ્વળ ભાવિની શુભકામનાઓ સાથે સૌએ ભારે હ્રદયે વિદાય આપી હતી.



આ વેળા પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછારે દુરવાણીથી, નવયુવાન કર્મચારીની સરકારી સેવાઓ માટેની ધગશ અને નિષ્ઠાને બિરદાવી હતી.

તો ડાંગના સહાયક માહિતી નિયામક શ્રી મનોજ ખેંગારે સુશ્રી ભાવસારમાં રહેલી પ્રતિભા તેની ઉચ્ચ ભાવિ કારકિર્દી માટે અણમોલ બની રહેશે તેવા સુભાષિશ પાઠવ્યા હતા. આહવા ખાતે યોજાયેલા પોતાના વિદાય સમારંભનો પ્રતિભાવ વ્યક્ત કરતા સુશ્રી ઉર્વિ ભાવસારે, ડાંગના સૌ સાથી કર્મચારી,અધિકારીશ્રીઓના પારિવારિક અને સૌજન્યપૂર્ણ વ્યવહાર માટે સૌ પ્રત્યે કૃતઘ્નતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. આ વિદાય સમારંભમાં કચેરીના તમામ કર્મયોગીઓએ ઉપસ્થિત રહી, ઉર્વિ ભાવસારને શાલ, શ્રીફળ, સાકર, તથા પુષ્પગુચ્છ અર્પી, ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, સુશ્રી ઉર્વિ ભાવસાર માહિતી ખાતામાં માત્ર ૯૬ દિવસની સેવા બજાવી સૌના પ્રીતિપાત્ર બન્યા હતા. જેમને દક્ષિણ ગુજરાતની સુરત સ્થિત પ્રાદેશિક કચેરી સહિત આસપાસની જિલ્લા કચેરીઓ, અને છેક વડી કચેરીના કર્મચારી, અધિકારીશ્રીઓએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ડાંગનો જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિન આહવા ખાતે યોજાશે

### વઘઇ તાલુકાનો કાર્યક્રમ નડગચોંડ અને સુબીર તાલુકાનો કાર્યક્રમ બુરથડી ખાતે યોજાશે

• આહવા-ડાંગ

આગામી તા.૨૬ મી જાન્યુઆરી-પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજનાર છે. જેના આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમના આયોજન અને તૈયારીના ભાગરૂપે જિલ્લા અધિકારીશ્રીએ સાથે બેઠક યોજાઇ હતી. આહવા ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકને સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રીએ કાર્યક્રમ સ્થળની ચકાસણી સહિત રજૂ થનારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો, માહિતીપ્રદ ટેબ્લો, શિસ્તબદ્ધ પરેડ તથા વ્યક્તિ વિશેષના સન્માન સહિતના કાર્યક્રમની વ્યવસ્થાઓ બાબતે પરામર્શ કર્યો હતો. જિલ્લા અધિકારીઓને કાર્યક્રમ સંબંધિત ફાળવેલી જવાબદારીઓ પૂર્ણ નિષ્ઠા સાથે સુપેરે બજાવવાની હિમાયત કરતા, જિલ્લા કલેક્ટરશ્રીએ કાર્યક્રમનું મિનિટ ટુ મિનિટ રિહર્સલ, પાર્કિંગ વ્યવસ્થા, ડાયસ પ્લાન, એનાઉન્સર, મહાનુભાવોના આગમન સંબંધિત વ્યવસ્થાઓ વિગેરે મુદ્દે જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકની કાર્યવાહી સંભાળતા નિવાસી અધિક કલેક્ટર શ્રી એસ.ડી. તબીયારે વિભાગવાર કામગીરી સંદર્ભે જિલ્લા અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનનો કાર્યક્રમ આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ, વઘઈ તાલુકા કક્ષાનો કાર્યક્રમ નડગચોંડ તેમજ, સુબીર તાલુકા કક્ષાનો કાર્યક્રમ બુરથડી ખાતે યોજાનાર છે.

# ભરૂચના જૂના તવરાના યુવાનોએ રૂ. 50 હજાર પરત કરી મિશાલ કાયમ કરી



ભરૂચ, આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં લોકો પળવારમાં લોભમાં આવી જતાં હોય છે, ત્યારે ભરૂચના જૂના તવરા ગામના બે યુવાનોએ પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી માનવતા મહેકાવી છે. રસ્તામાં પડેલા અજાણ્યા વ્યક્તિના 50 હજાર રૂપિયા પરત આપી આ યુવાનોએ સમગ્ર પંથકમાં ભારે સરાહના મેળવી છે.

વિગતવાર માહિતી મુજબ, જૂના તવરા ગામના રહેવાસી જશુ મંગળભાઈ ઠાકોરના ખિસ્સામાંથી અચાનક 50,000 રૂપિયાની રોકડ રકમ પડી ગઈ હતી. મહેનતની આ કમાણી ખોવાઈ જતાં જશુભાઈ ચિંતામાં મુકાયા હતા. દરમિયાન, આ રોકડ રકમ ગામના જ બે જાગૃત યુવાનો મહેશ રમણભાઈ વસાવા અને નિકુંજ મણીલાલભાઈ પ્રજાપતિને મળી આવી હતી. રકમ મોટી હોવા છતાં મનમાં જરાય પાપ લાવ્યા વગર બંને યુવાનોએ આ નાણાં તેના મૂળ માલિકને સોંપવાનો નિર્ધાર કર્યો હતો.

### આ બાળકીની દ્રષ્ટિ સુરક્ષિત રાખવામાં મદદ મળી

# આંખની ગંભીર ખામીની સમયસર સારવાર અપાવી બાળકીના જીવનમાં પ્રકાશ પાથરતી RBSK ની ટીમ

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાની ઝાવડા/કાલીબેલની SH-RBSK ટીમે એક મહત્વપૂર્ણ અને ઉદાહરણરૂપ સેવા પુરી પાડી નાનકડી બાળકીના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. વાત છે ઝાવડા ગામની માત્ર દસ માસની નાનકડી બાળકી સુહાની રિતેશભાઈ પવારની. કે જેનુ આહવા સિવિલ હોસ્પિટલની આ ટીમ દ્વારા 'રેટીનોપેથી ઓફ પ્રિમેચ્યુરિટી' (ROP) જેવી ગંભીર આંખની ખામીનુ નિદાન કરવામાં આવ્યું. આ ખામીમા જો યોગ્ય સમયે સારવાર ન મળે તો તે ભવિષ્યમાં અંધત્વનું કારણ બની શકે છે. જેની ગંભીરતાથી આ બાળકીના વાલી એવા લાભાર્થીઓને સમજાવતા તેણીની સારવાર ચાલુ કરવામા આવી હતી. પરંતુ છેલ્લા છ મહિનાથી લાભાર્થી ફોલો અપ માટે ગયું ના હોઈ, જેની તપાસ કરતા બાળક વાલી સાથે શેરડીમાં સ્થળાંતરીત થયુ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી RBSK ની ટીમ દ્વારા તેમને ફરીવાર સમજાવીને બાળકને ફરી પૂરતી સારવાર મળી રહે તે માટેની તજવીજ હાથ ધરવામા આવી હતી. બાળકના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી, તરત જ 'દ્રષ્ટિ નેત્રાલય હોસ્પિટલ, સુરત' ખાતે રેફરલ સર્વિસ કરાવી. નિષ્ણાત તબીબોએ આ બાળકીને લેસર ટ્રીટમેન્ટ સફળતાપૂર્વક આપી. જેથી આ બાળકીની દ્રષ્ટિ સુરક્ષિત રાખવામાં મદદ મળી. હાલમાં આ બાળકીની હાલત સ્થિર છે, અને તેણીને ૧૨ દિવસ પછી ફોલો-અપ માટે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ માટે લઈ જવાની સલાહ આપવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયામાં ડૉ. દિવ્યેશ ગાયકવાડ (SH-RBSK MO) તથા તેમની ટીમની સમયસરની કાર્યવાહી, સમર્પણ અને સંવેદનશીલ અભિગમને કારણે એક બાળકના જીવનમાં આશાનું નવું પ્રકાશ પ્રગટ્યું છે.



### પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસોઃ ગમ્મતમાં થયેલો ઝઘડો ખૂનીખેલમાં પરિણમ્યો

# નારણપુરાની નેશનલ સ્કૂલ બહાર 3 વિદ્યાર્થી પર છરીથી હુમલો, જૂની અદાવતમાં ખેલાયો ખૂનીખેલ




## બે વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો

• અમદાવાદ

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના નારણપુરા વિસ્તારમાં બની છે. સોલા રોડ પરના ભૂયંગદેવ ચાર રસ્તા પાસે આવેલી નેશનલ સ્કૂલની બહાર આજે સવારે ધોરણ 10માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી સહિત કુલ 3 વિદ્યાર્થી પર છરી અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. શાળાના ગેટની બહાર થયેલા આ હુમલાને પગલે સ્થાનિકો અને વિદ્યાર્થીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જૂની અદાવત બની હુમલાનું કારણ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ હુમલા પાછળ ચાર મહિના જૂની અદાવત જવાબદાર છે. શાળામાં જ ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ જૂની તકરારની અદાવત રાખીને આજે સવારે જ્યારે વિદ્યાર્થી શાળાએ પહોંચ્યો, ત્યારે હુમલાખોર વિદ્યાર્થીએ અન્ય સાથીદારો સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરે છરી કાઢી વિદ્યાર્થી પર ઘા ઝીંકી દીધા હતા. પોલીસની કાર્યવાહી ઘટનાની જાણ થતા જ ઘાટલોડિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ધોરણ 10ના સગીર વયના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા આ ખૂનીખેલથી પોલીસ પણ સ્તબ્ધ છે. ભોગ બનનારના પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. તો પોલીસે સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના આધારે હુમલાખોર વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. શાળાની બહાર ધોળા દિવસે બનેલી આ ઘટનાએ વાલીઓની ચિંતામાં પણ વધારો કર્યો છે.

ઘાટલોડિયા પોલીસની પ્રાથમિક તપાસમાં આ હુમલાની પદ્ધતિ અંગે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, હુમલાખોર વિદ્યાર્થીઓ અને તેમના અન્ય મળતિયાઓએ મળીને આયોજનબદ્ધ રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને ઘેરી લીધા હતા અને તેમને બળજબરીપૂર્વક ખેંચીને શાળાના ગેટની બહાર લઈ ગયા હતા, જ્યાં તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક ઘટનામાં કુલ ત્રણ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમાં એક વિદ્યાર્થીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે, જ્યારે અન્ય એક વિદ્યાર્થી હુમલાખોરનું ચપ્પુ પકડવા જતાં આંગળીના ભાગે લોહીલુહાણ થયો છે. ત્રીજા વિદ્યાર્થીને મૂઢ માર વાગ્યો હોવાનું સામે આવ્યું છે. તપાસમાં એવું પણ ખુલ્યું છે કે આ સમગ્ર વિવાદના મૂળમાં ત્રણ મહિના પહેલા 'ગમ્મત-ગમ્મતમાં' થયેલી બોલાચાલી હતી, જેનું માઠું લાગતા વિદ્યાર્થીઓ વચ્ચેની દુશ્મનાવટે આજે લોહીયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. અમદાવાદ સિટીના DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે, 'નેશનલ સ્કૂલમાં ધોરણ 10ના વિદ્યાર્થીની પરીક્ષા પૂરી થઈ અને બહાર નીકળ્યા પછી અન્ય યુવકો દ્વારા તેના પર હુમલો કરવામાં આવ્યો છે તેવું નેશનલ સ્કૂલના સંચાલકે ટેલિફોનિક પૂછતાછ કરતા માહિતી મળી છે. પ્રાથમિક માહિતીમાં સંચાલક દ્વારા જે રીતે જણાવવામાં આવેલું છે તે પ્રમાણે વિદ્યાર્થી જે છે શાળાનો જે ઈજાગ્રસ્ત છે તેને નજીકની હોસ્પિટલમાં એને સારવાર આપી અને એને રજા પણ આપવામાં આવી છે.'

### સરકારી કર્મચારીઓ માટે ખુશખબર

# યુ.એન. મહેતા, કિડની અને કેન્સર હોસ્પિટલના નવા કેન્દ્રો હવે 'સરકારી હોસ્પિટલ' સમકક્ષ ગણાશે

**ઠરાવ પ્રસિદ્ધ કરાયો** નાણા વિભાગની મંજૂરી બાદ આ અંગેનો વિધિવત ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો



• અમદાવાદ

ગુજરાત સરકારના લાખો અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરો માટે રાહતના સમાચાર આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા 'ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 2015' અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ, રાજ્યની ત્રણ મુખ્ય સ્પેશિયાલિટી હોસ્પિટલો દ્વારા શરૂ કરવામાં આવેલા નવા સેન્ટર્સને પણ હવે 'સરકારી હોસ્પિટલ' સમકક્ષ ગણવામાં આવશે. આ હોસ્પિટલોના સેન્ટર્સને મળશે રાજ્ય સરકારના તાજેતરના ઠરાવ મુજબ નીચેની સંસ્થાઓના હાલના અને ભવિષ્યમાં શરૂ થનારા સેન્ટર્સને સરકારી હોસ્પિટલ ગણવામાં આવશે. યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર (અમદાવાદ) ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ - એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ (અમદાવાદ) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર - IKDRC (અમદાવાદ)અત્યાર સુધી આ મુખ્ય હોસ્પિટલો (અમદાવાદ) જ સરકારી સમકક્ષ ગણાતી હતી, પરંતુ હવે તેમના દ્વારા રાજ્યમાં અન્ય જગ્યાએ શરૂ કરાયેલા કે ભવિષ્યમાં શરૂ થનારા હોસ્પિટલ સેન્ટર્સને પણ આ યાદીમાં સમાવી લેવાયા છે. આ નિર્ણયને કારણે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોએ આ હોસ્પિટલોમાં મેળવેલી સારવારના બિલ કોઈપણ નાણાકીય મર્યાદા વિના મંજૂર થઈ શકશે. બિલની ચુકવણી માટે ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO/ તિજોરી અધિકારી) ને સીધી સત્તા આપવામાં આવી છે, જેથી કર્મચારીઓએ ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડશે નહીં. સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી હવે રાજ્યભરમાં ફેલાયેલા આ સંસ્થાઓના સેન્ટર્સમાં સારવાર લેવી સરળ બનશે. સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગની મંજૂરી બાદ આ અંગેનો વિધિવત ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ સુધારાથી ખાસ કરીને ગંભીર બીમારીઓ જેવી કે હૃદયરોગ, કેન્સર અને કિડનીની સારવાર લેતા પરિવારોને આર્થિક મોટી રાહત મળશે.

# આમોદ કોંગ્રેસનો 'પરિવર્તન શંખનાદ', આગામી ચૂંટણીઓ માટે રણનીતિ તૈયાર

### આછોદ અને ઘમનાદમાં જન સંવાદ બેઠકોનો ધમધમાટ

• આમોદ

આમોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનને પાયાના સ્તરેથી મજબૂત કરવાના હેતુથી 'જન સંવાદ પરિવર્તનનો શંખનાદ' કાર્યક્રમ અંતર્ગત આછોદ અને ઘમનાદ ખાતે વ્યૂહાત્મક બેઠકો યોજવામાં આવી હતી. ગતરોજ યોજાયેલા આ કાર્યક્રમોમાં જિલ્લા અને તાલુકા કોંગ્રેસના શીર્ષ નેતાઓની ઉપસ્થિતિમાં આગામી ચૂંટણીઓ માટે વિજયી રણનીતિ ઘડવામાં આવી હતી. બેઠકમાં હાજર કાર્યકરો અને આગેવાનોને સંબોધતા નેતાઓએ ગામેગામ પક્ષની વિચારધારા પહોંચાડવા અને સ્થાનિક જનતાના પ્રશ્નોને મજબૂતીથી વાચા આપવા હાકલ કરી હતી.

આછોદ અને ઘમનાદ ખાતે યોજાયેલી આ અલગ-અલગ બેઠકોમાં આછોદ-૧ અને ૨, બુવા, નાહિયેર, કોલવણા, રોજા ટંકારીયા, પુરસા તેમજ કેરવાડા, બોડકા, તણછા અને નિણમ સહિતના અનેક ગામોના પાયાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. બેઠક દરમિયાન સ્થાનિક સંગઠનાત્મક પડકારો અને ચૂંટણી પૂર્વની તૈયારીઓ અંગે ઊંડાણપૂર્વક વિચારવિમર્શ કરી સંગઠનને એકજૂટ બનાવવાના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા અને તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ સહિતના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યકરોમાં નવો આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો, જે આગામી સમયમાં રાજકીય ગરમાવો લાવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## ટેમ્પો ભાડે લઈ છેતરપિંડી કરનાર આરોપી ભાડાનું ઘર ખાલી કરીને ફરાર

**વડોદરા** : વડોદરાના વડસર રોડ પર ઓરો હાઈટમાં રહેતા કમલેશ પ્રભુદાસભાઈ પટેલ સ્ટીલનો બિઝનેસ કરે છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ત્રણ વર્ષ પહેલાં મેં એક ટેમ્પો ખરીદ કર્યો હતો. એપ્રિલ 2025 માં મારા મોબાઈલ પર મુસ્તાકભાઈ જુમ્માભાઈ શેખ (રહે-બેતુલ અહેદ સોસાયટી ગોરવા, મૂળ રહે-મોલાબક્ષ ડેલા સામે યાકુતપુરા) નો મારા પર કોલ આવ્યો હતો અને ટેમ્પો ભાડે લેવા માટે વાતચીત કરી હતી. 500 રૂપિયાના સ્ટેમ્પ પર કરાર કરીને માસિક રૂ.19,000 ના ભાડે ટેમ્પો આપ્યો હતો. તેમણે 40 હજાર રૂપિયા ડિપોઝિટ પેટે મને આપ્યા હતા અને બે મહિના સુધી તેમને ભાડાના મને 31 હજાર રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ ભાડું આપતા ન હતા અને અવારનવાર ફોન કરવા છતાં તેઓ જવાબ આપતા ન હતા તેમના ઘરે તપાસ કરતા જાણવા મળ્યું કે તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા અને મકાન ખાલી કરીને જતા રહ્યા છે.

# રાજ્યપાલ વાવ-થરાદમાં, તો હર્ષ સંઘવી અમદાવાદમાં તિરંગો ફરકાવશે

### રાજ્ય સરકારની જિલ્લાવાર ધ્વજારોહણની યાદી જાહેર

• અમદાવાદ

રાજ્યમાં 26 જાન્યુઆરી 2026ના 77મા પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે ગુજરાત સરકારે જિલ્લાવાર ધ્વજારોહણ કાર્યક્રમની સત્તાવાર ફાળવણી જાહેર કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા વાયરલેસ સંદેશ મુજબ રાજ્ય સ્તરીય ધ્વજારોહણ સમારોહ વાવ-થરાદમાં યોજાશે, જેમાં રાજ્યપાલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહેશે. જિલ્લા સ્તરે ધ્વજારોહણ કાર્યક્રમો સવારે ૯ વાગ્યે યોજાશે.

જેમાં ડેપ્યુટી ચીફ મિનિસ્ટર, કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી અથવા કલેક્ટર દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. કયા જિલ્લામાં કોના દ્વારા ધ્વજારોહણ થશે તેની સંપૂર્ણ યાદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવી અમદાવાદ જિલ્લામાં ધ્વજવંદન કરશે. જ્યારે અન્ય કેબિનેટ મંત્રીઓ અને રાજ્ય મંત્રીઓને નવસારી, રાજકોટ, ગાંધીનગર, પોરબંદર, વડોદરા, મહેસાણા, ભાવનગર, કચ્છ સહિતના જિલ્લાઓ ફાળવવામાં આવ્યા છે.

કેટલાક જિલ્લાઓમાં મંત્રી હાજર ન રહી શકે તો કલેક્ટર દ્વારા ધ્વજારોહણ કરવાની જોગવાઈ પણ રાખવામાં આવી છે. સરકારે તમામ કલેક્ટરોને સૂચના આપી છે કે, કાર્યક્રમ સ્થળ જિલ્લા વહીવટ દ્વારા નક્કી કરવામાં આવે અને સંબંધિત મંત્રીઓના કાર્યાલય સાથે સમન્વય રાખવામાં આવે. રાજ્યભરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ વહીવટી તંત્રમાં તૈયારીઓ તેજ બની છે અને સુરક્ષા વ્યવસ્થા પણ કડક બનાવવામાં આવી છે.

## રાણપુર ગ્રામ પંચાયત ખાતે જળ સેવા આંકલન ખાસ ગ્રામ સભા યોજાઈ



• બોટાદ

તલાટી કમ મંત્રી,ઉપ.સરપંચ ની અધ્યક્ષતામાં ગ્રામસભા યોજાઈ જેમાં ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો હાજર રહ્યા.. બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ગ્રામ પંચાયત ખાતે જળ સેવા આંકલન અંતર્ગત ખાસ ગ્રામસભા યોજવામાં આવી.રાણપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી મહાવીરદાસ દેવમુરારી અને ઉપ.સરપંચ રાજુબેન દિનેશભાઈ મકવાણા ની અધ્યક્ષતામાં ગ્રામસભા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભાની માં રાણપુર શહેરમાં સ્વચ્છ પીવાનું પાણી નિયમિત રીતે પાણી મળી રહે તે માટે ચર્ચા કરવામાં આવી તેમજ પાણી સમિતિની રચના કરવામાં આવે તેમજ રાણપુર શહેરમાં પીવાના પાણીની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.આ ગ્રામસભામાં રાણપુર ગ્રામ પંચાયતના ઉપ.સરપંચ,ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

### 1300 નામો કમી કરવાના પ્રયાસ સામે કોંગ્રેસ લાલઘૂમ, મામલતદાર કચેરીએ ઉગ્ર દેખાવો

# આમોદમાં મતદાર યાદી મુદ્દે મહાસંગ્રામ

• આમોદ

ભરૂચ જિલ્લાના આમોદ શહેરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં અચાનક 1300થી વધુ મતદારોના નામ કમી કરવાની હિલચાલ શરૂ થતા જ રાજકીય માહોલ ઉગ્ર બન્યો છે. ભાજપ દ્વારા મોટા પાયે ફોર્મ નંબર 7 ભરીને કરવામાં આવેલી વાંધા અરજીઓના વિરોધમાં આજે જિલ્લા અને તાલુકા કોંગ્રેસના નેતાઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક રહીશોએ મામલતદાર કચેરીએ મોરચો માંડ્યો હતો. કોંગ્રેસે નાયબ મામલતદારને આવેદનપત્ર પાઠવી આક્ષેપ કર્યો હતો કે, રાજકીય ઈશારે ખાસ કરીને લઘુમતી સમાજના મતદારોને નિશાન બનાવી તેમના બંધારણીય મતાધિકાર છીનવવાનો લોકશાહી વિરોધી પ્રયાસ થઈ રહ્યો છે.

કોંગ્રેસના આગેવાનોએ ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, જે મતદારો સામે વાંધા ઉઠાવવામાં આવ્યા છે તેઓ વર્ષોથી આમોદના કાયમી રહેવાસી છે અને તેમની પાસે તમામ કાયદેસરના પુરાવાઓ હોવા છતાં ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી રહી છે. જો પાયાવિહોણી અરજીઓના આધારે મતદારોના નામ કમી કરવામાં આવશે તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી કાયદાકીય લડત લડવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ વિરોધ પ્રદર્શનમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા અને તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ સહિતના નેતાઓની આગેવાનીમાં સેંકડો કાર્યકરો ઉમટી પડતા કચેરી પરિસરમાં ભારે ગતિચલન અને ઉત્તેજના વ્યાપી ગઈ હતી.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

**બબીતાજી વિદેશી સાથે પણ લગ્ન કરી શકે છે?**


# તારક મહેતા ફેમ બબીતા ૩૮ વર્ષની ઉંમરે કરશે લગ્ન!



પ્રખ્યાત ટેલિવિઝન તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા..ફેમ બબીતા એટલે કે મુનમુન દત્તા ફરી એકવાર હેડલાઈન્સમાં છે, કારણ કે તેના લગ્નના સમાચાર ઓનલાઈન ફેલાઈ રહ્યા છે. ''તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'' ની અભિનેત્રી હજુ પણ અપરિણીત છે અને ટેલિવિઝન ઉદ્યોગની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક છે. ૩૮ વર્ષની ઉંમરે પણ, મુનમુન ખૂબ જ સુંદર દેખાય છે અને તેની ફિટનેસ અને શારીરિક ક્ષમતામાં કોઈપણ અભિનેત્રીને ટક્કર આપી શકે છે. તેણીએ તાજેતરમાં જ તેના લગ્ન અને તે કેવા પુરુષની શોધમાં છે તે વિશે ખુલાસો કર્યો. મુનમુન દત્તાએ રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટ પર પ્રેમ, લગ્ન અને બ્રેકઅપ્સ વિશે વાત કરી. લગ્ન વિશે પૂછવામાં આવતા મુનમુને કહ્યું, હું પ્રેમમાં છું. મને હજુ સુધી સ્પષ્ટતા નથી કે હું લગ્ન કરવા માંગુ છું કે નહીં. જો તે મારા નસીબમાં હશે તો હું લગ્ન કરીશ. હું એવી છોકરી નથી જે લગ્નનો પીછો કરે છે. બાળપણથી મેં ક્યારેય આવા પતિ કે આવા લગ્નનું સ્વપ્ન જોયું નથી.તેને કેવા પ્રકારના છોકરા ગમે છે? અભિનેત્રીએ કહ્યું, તે છોકરો દેખાવડો હોવો જોઈએ. સ્માર્ટ હોવો જોઈએ. તેની પાસે પૈસા હોવા જોઈએ. તેની પાસે વાતચીત કરવાની કુશળતા હોવી જોઈએ. હું એવી છોકરી નથી જે જુઠ્ઠું બોલે છે. હું આ બધી વસ્તુઓ એક છોકરામાં ઈચ્છું છું. આજકાલ, મને કોરિયન કલાકારો પર ખૂબ જ ક્રશ છે. મને તેઓ ગમે છે.''જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તે વિદેશી સાથે લગ્ન કરશે ત્યારે અભિનેત્રીએ કહ્યું, હું તેમની સાથે સારી રીતે બંધાઈ રહી છું કારણ કે ભારતીય પુરુષો થોડા અલગ છે. વિદેશીઓ વિશે સૌથી સારી વાત એ છે કે તેઓ ક્યાંક જન્મે છે અને બીજે ક્યાંક રહે છે. આ તેમના વિચાર પર ભારે અસર કરે છે, કારણ કે મુસાફરી તમારા દૃષ્ટિકોણને બદલી નાખે છે. તેઓ સ્ત્રીઓ સાથે ખૂબ જ સારો વ્યવહાર કરે છે. મને લાગે છે કે ઘણી ભારતીય સ્ત્રીઓ મારી સાથે સહમત થશે.અગાઉના ઈન્ટરવ્યુમાં, મુનમુન દત્તાએ તેના પરિણીત મિત્રો તરફથી મળેલા ધ્યાન વિશે વાત કરી હતી. તેણીએ વર્ણવ્યું હતું કે તેના પુરુષ મિત્રોએ ખુલ્લેઆમ તેની પ્રશંસા કરી હતી, અને તેણીએ એમ પણ કહ્યું હતું કે તેણીને આ પ્રશંસાઓ ગમતી હતી. અભિનેત્રીએ એમ પણ કહ્યું હતું કે તેણીને તેના પુરુષ મિત્રો તરફથી પ્રશંસા પ્રાપ્ત કરવામાં આનંદ આવે છે. આ જ ઈન્ટરવ્યુમાં, મુનમુને એમ પણ કહ્યું હતું કે લગ્ન પહેલા તેણીએ તેની કારકિર્દીમાં ઘણું પ્રાપ્ત કરવાનું હતું.

**શિવસેનામાં જોડાયા બાદ ગોવિંદા વિરુદ્ધ ષડ્યંત્ર?**

# પત્ની સુનિતાથી છૂટાછેડાની અટકળો પર ગોવિંદા મૌન તોડ્યું



ગોવિંદા અને તેમની પત્ની સુનિતા આહુજાને લઈને ચાલી રહેલી અફવાહ વચ્ચે હવે પહેલી વખત બોલિવૂડ એક્ટરે ખુલીને વાત કરી છે. છેલ્લા ઘણાં મહિનાઓથી તેમના લગ્નમાં તકરાર થઈ હોવાના સમાચાર આવી રહ્યા છે. પત્નીથી છૂટાછેડાની અટકળો પર ગોવિંદાએ મૌન તોડ્યું છે. ગોવિંદાએ કહ્યું કે, ''હવે એટલાં માટે બોલવાનો નિર્ણય લીધો કે મારા ચૂપ રહેવાથી હું નબળો દેખાવા લાગ્યો હતો અને લોકોના મનમાં મારી એક નેગેટિવ છબી બની રહી હતી.'' પડદાં પાછળ શું ચાલી રહ્યું છે, તેને લઈને વાત કરતાં ગોવિંદાએ એક મોટા ષડ્યંત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ''મારા પોતાના લોકો પણ જાણતા-અજાણતા તેમાં ઉપયોગમાં આવી રહ્યા છે.''ચૂપ રહેવા મામલે ગોવિંદાએ કહ્યું કે, ''હું જોઈ રહ્યો છું કે, જ્યારે આપણે ચૂપ રહીએ છીએ, ત્યારે એવું લાગે છે કે આપણને નબળા માનવામાં આવે છે અથવા એવું લાગે છે કે આપણે બધી સમસ્યાઓનું મૂળ છીએ. એટલાં માટે આજે હું જવાબ આપી રહ્યો છું. મને પહેલા કહેવામાં આવ્યું હતું કે, મારા પરિવારના સભ્યો શરૂઆતમાં સમજ્યા વિના કોઈ મોટા ષડયંત્રનો ભાગ બની શકે છે અને તેમને ખ્યાલ પણ નહીં આવે કે તેમનો ઉપયોગ થઈ રહ્યો છે.''પત્ની સાથેના સંબંધો વિશે ગોવિંદાએ કહ્યું કે, ''કેટલીકવાર પરિવારો સુનિયોજિત ષડયંત્રનો ભોગ બને છે, જેના કારણે વાત છૂટાછેડા સુધી પહોંચી જાય છે. મને અગાઉથી કહેવામાં આવ્યું હતું કે આવી પરિસ્થિતિમાં મારા પરિવારનું શોષણ થશે અને મને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવશે.''વધુમાં ગોવિંદાએ કહ્યું કે, ''મારી ફિલ્મોને માર્કેટ ન મળ્યું અને મે જાતે અનેક ફિલ્મ છોડી દીધી. મારા પત્ની આ વાતને લઈને પરેશાન રહે છે કે ઘર કેવી રીતે ચાલશે.

# 'પુષ્પા ૨' ના ક્રેઝથી અલ્લુ અર્જુન આશ્ચર્યચકિત થઈ ગયો, જાપાની ચાહકો ખૂબ જ ભાવુક થઈ ગયા



તાજેતરમાં, અલ્લુ અર્જુન જાપાનની યાત્રા પર ગયો હતો. અભિનેતાની યાત્રાના ઘણા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જાપાની ચાહકો સાથેની મુલાકાતનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. વીડિયોમાં, એક ચાહક તેને જોઈને રડવા લાગ્યો. અલ્લુ અર્જુનની પ્રતિક્રિયા જુઓ.

વાયરલ વીડિયોમાં, અલ્લુ અર્જુન ઘણા જાપાની ચાહકોને મળતો જોવા મળ્યો. આ દરમિયાન, અભિનેતાએ એક ચાહકનો હાથ પકડ્યો, જેનાથી તેણી ખૂબ ખુશ થઈ ગઈ. જાપાની ચાહક એટલી ભાવુક થઈ ગઈ કે તેણી રડી પડી. બાદમાં, અલ્લુ અર્જુન ચાહકને મળ્યો અને તેની સાથે લાંબા સમય સુધી વાત કરી. જાપાની ચાહક એટલી ભાવુક થઈ ગઈ કે તેણી રડી પડી. બાદમાં, અલ્લુ અર્જુન તેના પરિવાર સાથે ટોક્યો ગયો, ચાહકોનો આભાર માન્યો અલ્લુ અર્જુન તેના પરિવાર સાથે ટોક્યોમાં સેન્સો-જી મંદિરની મુલાકાત લીધી. વધુમાં, ''પુષ્પા ૨'' ના જાપાની પ્રીમિયર દરમિયાન, તેણે ચાહકોને જાપાની ભાષામાં ફિલ્મનો એક સંવાદ સંભળાવ્યો. ચાહકો આ સંવાદ સાંભળીને ખૂબ ખુશ થયા. અલ્લુ અર્જુને સોશિયલ મીડિયા દ્વારા તેના જાપાની ચાહકોનો પણ આભાર માન્યો.અલ્લુ અર્જુનની નવી ફિલ્મની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી હતી. પોતાની ૨૩મી ફિલ્મ માટે, અલ્લુ અર્જુન દિગ્દર્શક લોકેશ કનાગરાજ સાથે જોડી બનાવી રહ્યા છે. જોકે, ફિલ્મનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. તે ''છછ ૨૩'' તરીકે ઓળખાશે.

**કામ પ્રત્યેનો સમર્પણ ભાવ સર્વોપરી છે**

# 'આજકાલના એક્ટર્સ બગડી ગયા છે' : ફરીદા જલાલ



બોલિવૂડના દિગ્ગજ અભિનેત્રી ફરીદા જલાલ હાલમાં શાહિદ કપૂરની આગામી ફિલ્મ 'ઓ રોમિયો'ને લઈને ચર્ચામાં છે, તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામકાજના કલાકો અને સુવિધાઓ અંગે મોટું નિવેદન આપ્યું છે. ૮ કલાકની વર્ક શિફ્ટ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે ફરીદાજીએ જૂના દિવસોની મુશ્કેલીઓ યાદ કરી આજના કલાકારોને 'બગડી ગયેલા' ગણાવ્યા છે.એક ઈન્ટરવ્યુમાં દાયકાઓ લાંબી પોતાની સફરને યાદ કરતા ફરીદા જલાલે જણાવ્યું હતું કે, 'અમે કલાકો સુધી સતત કામ કરતા હતા અને તે સમયે કામના કલાકો ગણવા એ કોઈ મોટી વાત નહોતી. કામ પ્રત્યેનો સમર્પણ ભાવ સર્વોપરી હતો.'આઉટડોર શૂટિંગના દિવસો યાદ કરતા તેમણે કહ્યું કે, 'તે સમયે કોઈ વેનિટી વાન નહોતી. ખાસ કરીને મહિલા કલાકારો માટે તે પરિસ્થિતિમાં કામ કરવું અત્યંત પડકારજનક હતું. તેમણે પોતાની માતા સાથે રહીને દરેક મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કર્યો હતો.'જૂના અને નવા સમયની સરખામણી કરતા ફરીદા જલાલે કટાક્ષમાં કહ્યું કે, 'હવેના અભિનેતાઓ બગડી ગયા છે કારણ કે હવે બધું જ ખૂબ સરળ બની ગયું છે. આજના કલાકારો સેટ પર સંપૂર્ણ તૈયારી સાથે આવે છે અને તેમને ઘણી સુવિધાઓ મળે છે. પહેલાના સમયમાં અભિનય ક્ષેત્રે આવતા પહેલા દસ વાર વિચારવું પડતું હતું કારણ કે તે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ કપરું કામ હતું.'આજના સમયમાં 'વર્ક-લાઈફ બેલેન્સ' અને ફિક્સ ૮ કલાકની શિફ્ટની માંગ વધી રહી છે, ત્યારે ફરીદા જલાલનું માનવું છે કે, 'કલા પ્રત્યેના પ્રેમે તેમને ક્યારેય થાકવા દીધા નથી. તેમણે જણાવ્યું કે, ''મને આ કામ ગમતું હતું એટલે જ હું આજે આ મુકામ પર છું.'ઉલ્લેખનીય છે કે, ફરીદા જલાલે ઘણી પેઢીઓના કલાકારો સાથે કામ કર્યું છે અને બદલાતી જતી કાર્ય સંસ્કૃતિને ખૂબ નજીકથી નિહાળી છે. તેમનું આ નિવેદન હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે.

## બોલીવુડ ગોસીપ

### વિવાદ વચ્ચે પરેશ રાવલ એઆર રહેમાનના સમર્થનમાં બહાર આવ્યા

એઆર રહેમાનની આસપાસ ચાલી રહેલા વિવાદ વચ્ચે, પરેશ રાવલે સંગીતકારને ટેકો આપ્યો છે. તેમણે એઆર રહેમાન વિશે એક ખાસ નિવેદન આપ્યું છે. તાજેતરમાં, એઆર રહેમાનને બોલિવૂડ વિશે આપેલા નિવેદન માટે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ સંગીતકારે ભારત, સંગીત



અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી.અભિનેતા પરેશ રાવલે એક્સ પર એઆર રહેમાનનો એક વીડિયો ફરીથી શેર કર્યો છે, જેમાં તે તેમના દેશની પ્રશંસા કરે છે. પરેશ રાવલે લખ્યું, ''અમે તમને પ્રેમ કરીએ છીએ, સર. તમે અમારું ગૌરવ છો.''એઆર રહેમાને બોલિવૂડ વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓને લગતા વિવાદ પછી તેમની પહેલી પોસ્ટ શેર કરી, જેના પર સમગ્ર ભારતીય સિનેમામાંથી પ્રતિક્રિયાઓ આવી. રવિવારે, રહેમાને એક્સ પર એક વીડિયો સંદેશ શેર કર્યો. ક્લિપમાં, તેમણે સીધા વિવાદને સંબોધિત કર્યો ન હતો, પરંતુ તેના બદલે ભારત, સંગીત અને સંસ્કૃતિ સાથેના તેમના સંબંધો વિશે વાત કરી હતી. તેમના વીડિયો સંદેશમાં, ઓસ્કાર વિજેતા સંગીતકારે સમજાવ્યું કે કેવી રીતે સંગીત હંમેશા લોકો અને પરંપરાઓ સાથે જોડાયેલા રહેવાનો તેમનો માર્ગ રહ્યો છે.વીડિયોમાં, એ.આર. રહેમાનને કહેતા સાંભળી શકાય છે, ''પ્રિય મિત્રો, સંગીત હંમેશા મારા માટે સંસ્કૃતિ સાથે જોડાવાનો અને આદર કરવાનો એક માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારા ગુરુ અને મારું ઘર છે. હું સમજું છું કે ઈરાદાઓને ક્યારેક ગેરસમજ થઈ શકે છે, પરંતુ મારો ધ્યેય હંમેશા સંગીત દ્વારા લોકોને ઉત્થાન અને સેવા આપવાનો રહ્યો છે.

### રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી સીઝન ૧૫' ની રાહ હવે પૂરી થઈ શકે છે, સ્પર્ધકોની કામચલાઉ યાદી પણ જાહેર

દર્શકો ૨૦૨૫ માં સ્ટંટ-આધારિત રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી સીઝન ૧૫' ની રાહ જોતા રહ્યા, અને આ શો ક્યારેય પ્રસારિત થયો નહીં. પરંતુ હવે, તેના પ્રીમિયર અંગે અટકળો ચાલી રહી છે. હંમેશની જેમ, રોહિત શેટ્ટી આ શોને હોસ્ટ કરશે, જે કલર્સ ટીવી અને જિયોહોટસ્ટાર પર પ્રસારિત



થશે. પરંતુ ચાલો જાણીએ કે સ્પર્ધકો કોણ હશે અને તે ક્યારે પ્રસારિત થશે.'બિગ બોસ તક'ના અહેવાલ મુજબ, 'ખતરોં કે ખિલાડી સીઝન ૧૫'નું શૂટિંગ મૂળ જાન્યુઆરીમાં શરૂ થવાનું હતું. જોકે, હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બધા એપિસોડ મે મહિનામાં શૂટ કરવામાં આવશે અને જૂન ૨૦૨૬ માં પ્રીમિયર થશે. જોકે, સેટનું સ્થાન હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. નિર્માતાઓ હાલમાં સ્થાનને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે.શોના સ્પર્ધકોની કામચલાઉ યાદી પણ જાહેર કરવામાં આવી છે. બોમ્બે ટાઈમ્સના એક અહેવાલ મુજબ, 'બિગ બોસ ૧૯' ના વિજેતા ગૌરવ ખન્ના અને રનર-અપ ફરહાના ભટ્ટ આ સીઝનનો ભાગ બની શકે છે. અભિષેક બજાજ અને બસીર અલીના નામ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. ઓરી, મનીષા રાની, એલ્વિશ યાદવ, ચુમ દરંગ, દિગ્વિજય રાઠી, શ્રુતિકા અર્જુન અને અવિનાશ મિશ્રા શોમાં જોડાશે તેવી અફવાઓ પણ છે, પરંતુ કંઈ પુષ્ટિ મળી નથી. 'ખતરોં કે ખિલાડી' ની મોટાભાગની સીઝન ઠંડા સ્થળોએ શૂટ કરવામાં આવી છે.

**બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને રિયાધમાં જોય એવોર્ડ્સ ૨૦૨૬ માં રેડ કાર્પેટ પર પોતાની સહજ શૈલી અને આકર્ષણનું પ્રદર્શન કર્યું**

# બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન જોય એવોર્ડ્સ માટે પહોંચ્યા, તેમની ભવ્ય એન્ટ્રીનો વીડિયો શેર કર્યો



બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને રિયાધમાં જોય એવોર્ડ્સ ૨૦૨૬ માં રેડ કાર્પેટ પર પોતાની સહજ શૈલી અને આકર્ષણનું પ્રદર્શન કર્યું. જોય એવોર્ડ્સના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, ''પઠાણ'' સ્ટારે આ કાર્યક્રમનો ભાગ બનવાનો આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે તે સાઉદી અરેબિયામાં પોતાની રજાઓ ગાળવા માટે ઉત્સુક છે.એસઆરકેએ કહ્યું, ''અહીં આવવું હંમેશા સરસ લાગે છે. મને પહેલા એવોર્ડ્સ યાદ છે, અને ત્યારથી, શહેર વધુ સુંદર બન્યું છે, અને પાછા આવવું ખૂબ જ આનંદદાયક છે.'' સાઉદી અરેબિયામાં તેના ચાહકો તરફથી મળેલા અપાર પ્રેમ અને સમર્થન પર પ્રતિબિંબિત કરતા, તેમણે કહ્યું, ''તે અદ્ભુત છે. પહેલી વાર હું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધી, અહીંના લોકો મારા કામને પસંદ કરે છે તે જાણીને ખૂબ જ પ્રોત્સાહક, ખૂબ જ આદરણીય અને ગૌરવપૂર્ણ છે, અને મને તે ગમે છે. મને લાગે છે કે અહીંના દરેક વ્યક્તિ ખૂબ જ મૈત્રીપૂર્ણ, પ્રેમાળ અને સ્વાગત કરનાર છે.''તેમણે ખુલાસો કર્યો કે તેમણે અગાઉ સાઉદી અરેબિયામાં એક ફિલ્મનું શૂટિંગ કર્યું છે અને ત્યાં વધુ સમય વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે ઉમેર્યું, ''મને સ્થાનો, હું જ્યાં ગયો છું તે દરેક સ્થળ, સંસ્કૃતિ, લોકો અને ખોરાક ખૂબ ગમ્યો છે. અહીં રહેવું ખરેખર સરસ છે. હું ઈચ્છું છું કે હું અહીં વધુ સમય વિતાવી શકું.'' છેલ્લી વાર મેં લગભગ ૧૨ દિવસ વિતાવ્યા હતા, પરંતુ હવે હું અહીં રહેવા માંગુ છું અને કામ માટે નહીં, પણ વેકેશન માટે આવવા માંગુ છું. ૨૦૨૬ના જોય એવોર્ડ્સમાં હાજરી આપનારા સ્ટાર્સમાં શાહરૂખ ખાન પણ સામેલ હતો, જેમાં મિલી બોબી બ્રાઉન, કેટી પેરી અને 'સ્ક્વિડ ગેમ'ના સ્ટાર્સ લી જંગ-જે અને લી બ્યુંગ-હુનનો સમાવેશ થાય છે. તેમણે આ કાર્યક્રમ માટે કાળો બ્લેઝર અને મેચિંગ ટ્રાઉઝર પહેર્યું હતું. તેમના ટ્વિટર હેન્ડલ પર, બોલિવૂડ અભિનેતાએ સાઉદી અરેબિયાના જનરલ એન્ટરટેઈનમેન્ટ ઓથોરિટીના ચેરમેન તુર્કી અલ-શેખ સાથેની હૃદયસ્પર્શી વાતચીત શેર કરતા લખ્યું, 'મારા મિત્ર, તમને મળીને હંમેશા આનંદ અને ખુશી થાય છે. અને સમારંભ અદભુત અને ભવ્ય રહ્યો જય એવોર્ડસના ૫૦ વર્ષ પૂરા થવા બદલ અભિનંદન.'કામના મોરચે, શાહરૂખ ખાન રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને માર્ફ્લિક્સ પિક્ચર્સ દ્વારા નિર્મિત સિદ્ધાર્થ આનંદની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે. ગયા વર્ષે તેમના ૬૦મા જન્મદિવસ પર, ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જેમાં હૃદયસ્પર્શી દ્રશ્યો, ઝડપી ગતિવાળી એક્શન અને ખાનનો એક એવો ભાગ દર્શાવવામાં આવ્યો હતો જે દર્શકોએ પહેલાં ક્યારેય જોયો નથી. સફેદ વાળ, તીક્ષ્ણ હાવભાવ અને ગંભીર વર્તન સાથે, અભિનેતા એક નિર્દય અને રહસ્યમય વ્યક્તિત્વને જીવંત કરે છે.

**કૃતિએ 'ટૂ મચ' શો માં આપ્યો હતો સંકેત : મારો ક્રશ બોલિવૂડ ઇન્ડસ્ટ્રીનો નથી**

# નુપુર સેનનના લગ્નમાં કૃતિ અને કબીરનો રોમેન્ટિક અંદાજ: સોશિયલ મીડિયા પર ફોટોએ મચાવી ધૂમ



કૃતિ સેનન છેલ્લા કેટલાક સમયથી કબીર બહિયાને ડેટ કરી રહી હોવાની અફવા છે. બંનેએ ઘણી વખત એક જ સ્થાન પરથી ફોટા શેર કર્યા છે, જેના કારણે નેટીઝન્સને શંકા છે કે તેઓ ડેટ કરી રહ્યા છે. તાજેતરમાં, કૃતિ સેનનની બહેન, નુપુર સેનન, તેના બોયફ્રેન્ડ, સ્ટેબિન બેન સાથે લગ્ન કર્યા. કૃતિ અને કબીર લગ્નમાં એક જ કારમાં આવતા જોવા મળ્યા હતા. કબીરે હવે લગ્નના ફોટા શેર કર્યા છે. કૃતિ સાથેનો તેમનો એકલો ફોટો સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે.

કબીર બાહિયાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટામાં, તે ત્રીજી સ્લાઈડમાં કૃતિ સાથે જોવા મળે છે. આ ફોટામાં, કૃતિએ ગાઉન પહેર્યો છે, જ્યારે કબીરે સફેદ પોશાક પહેર્યો છે. બીજા ફોટામાં, કબીર હલ્દી સમારંભ દરમિયાન કૃતિ અને વરુણ શર્મા સાથે પોઝ આપતો જોવા મળે છે. એક ફોટામાં, તે વરરાજા સ્ટેબિન સાથે જોવા મળે છે. ફોટા શેર કરતા, કબીરે લખ્યું, ''સારી યાદો અને સારા લોકો.''નુપુર સેનન આ પોસ્ટ પર ટિપ્પણી કરતા લખે છે, ''માફ કરશો? આ કોના લગ્ન છે? હું તેમાં કેમ નથી?'' વરુણ શર્માએ ટિપ્પણી કરી, ''ભાઈ.'' સ્ટેબિન બેને પોસ્ટમાં હાર્ટ ઈમોજી ઉમેર્યું.

કૃતિ કે કબીર બંનેમાંથી કોઈએ પણ તેમના સંબંધની સત્તાવાર પુષ્ટિ કરી નથી. જોકે, ચાહકોએ તેમના ફોટા પર હાર્ટ ઈમોજી મોકલ્યા છે. જ્યારે કૃતિ સેનન ટ્વિંકલ ખન્ના અને કાજોલના શો ''ટૂ મચ'' માં દેખાઈ હતી અને તેને તેના ક્રશ વિશે પૂછવામાં આવ્યું હતું, ત્યારે તેણે ફક્ત એટલું જ કહ્યું હતું કે, ''તે ઈન્ડસ્ટ્રીનો નથી.'' કામક્ષેત્રે, કૃતિ છેલ્લે આનંદ એલ. રાયની ''તેરે ઈશ્ક મેં'' માં ધનુષ સાથે જોવા મળી હતી. તે ટૂંક સમયમાં ''કોકટેલ ૨'' નો ભાગ બનશે.

**સની અને બોબી અનેક સગવડો વધારશે**

# ધર્મેન્દ્રના મુંબઈના બંગલામાં મોટાપાયે રિનોવેશન શરૂ કરાયું



ધર્મેન્દ્રના નિધનના બે માસ પછી તેમના બંગલામાં મોટાપાયે રિનોવેશન શરુ કરાયું છે. સની અને બોબી દેઓલ બંગલામાં અનેક ફેરફારો કરાવી રહ્યા છે તથા તેમાં વધુ આધુનિક સગવડો કરાવી રહ્યા છે. બંગલામાં કન્સ્ટ્રક્શન મશીનરી તથા મટિરિયલની મોટાપાયે અવરજવર થઈ રહી હોવાનું નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે ધર્મેન્દ્રનો મુંબઈના જૂહુ ખાતેનો બંગલો બહુ વિશાળ છે અને ધર્મેન્દ્રનાં પહેલાં પત્ની પ્રકાશ ઉપરાંત બોબી અને સની દેઓલ પણ આ બંગલામાં જ રહે છે. જોકે, ધર્મેન્દ્રએ તેમની જિંદગીના પાછલાં મોટાભાગનાં વર્ષો મુંબઈની બહાર પનવેલ ખાતે આવેલાં તેમનાં ફાર્મ હાઉસમાં વિતાવ્યાં હતાં.

### જંગલમાં ભીષણ આગ, 50 હજાર લોકો બેઘર થયા; રાષ્ટ્રપતિએ ઈમરજન્સી જાહેર કરી

# ચિલીના જંગલમાં ભીષણ આગ, 18 લોકોના મોત:હજારો એકર જંગલ નાશ

### રાષ્ટ્રપતિ બોરિકે અંદાજ લગાવ્યો હતો કે ફક્ત બાયોબાયો પ્રદેશમાં જ અસરગ્રસ્ત ઘરોની કુલ સંખ્યા એક હજારથી વધુ છે

• ચિલી

ચિલી હાલમાં એક વિનાશક આફતની ઝપેટમાં છે. અધિકારીઓનું કહેવું છે કે મધ્ય અને દક્ષિણ ચિલીના જંગલમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા 18 લોકો માર્યા ગયા છે, તેમજ હજારો એકર જમીન બળી ગઈ છે અને સેંકડો ઘર નાશ પામ્યા છે. ચિલીના હવામાનની વાત કરીએ તો, દક્ષિણ અમેરિકન દેશ હાલમાં તીવ્ર ગરમીની ઝપેટમાં છે. ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે દેશના મધ્ય બાયોબિયો પ્રદેશ અને પડોશી નુબ્લે પ્રદેશમાં ઈમરજન્સીની સ્થિતિ જાહેર કરી છે.

જંગલમાં આગમાં ઘણા પ્રાણીઓના મોત થયા છે, તો હજારો એકર જંગલ પણ નાશ પામ્યું છે. 20,000 લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જે જંગલમાં આગ લાગી હતી ત્યાં નજીક એક ઈન્દુરા ગેસ પ્લાન્ટ પણ છે, જેના કારણે લીકેજનો ભય પણ તોળાઈ રહ્યો છે.

ચિલીમાં જંગલની આગ સતત વધી રહી છે અને હવે તે 8,500 હેક્ટર (21,000એકર) થી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. સૌથી વધુ અસરગ્રસ્ત બાયોબિયો પ્રદેશના કોન્સેપ્સિયન શહેરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, રાષ્ટ્રપતિ બોરિકે પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે



પ્રારંભિક સરકારી અહેવાલો દર્શાવે છે કે 18 લોકો મૃત્યુ પામ્યા છે અને 300 ઘરો નાશ પામ્યા છે, અને નુકસાનનું સંપૂર્ણ અંદાજ હજુ સુધી જાણી શકાયો નથી. રાષ્ટ્રપતિ બોરિકે અંદાજ લગાવ્યો હતો કે ફક્ત બાયોબાયો પ્રદેશમાં જ અસરગ્રસ્ત ઘરોની કુલ સંખ્યા એક હજારથી વધુ છે. ટેકરીઓમાં લાગેલી આગને કારણે 50,000 લોકો તેમના ઘર છોડવા મજબુર થયા છે. તેમણે કહ્યું કે આ મુશ્કેલ સમય છે. તેમના સંબોધન પછી સ્થાનિક અધિકારીઓની ફરિયાદો આવી જેમણે કલાકો સુધી કહ્યું કે બધે વિનાશ હતો અને કોઈ મદદ મળી ન હતી. જંગલમાં આગમાં ઘણા પ્રાણીઓના મોત થયા છે, તો હજારો એકર જંગલ પણ નાશ પામ્યું છે. 20,000 લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. આગને કારણે 50,000 લોકો તેમના ઘર છોડવા મજબુર થયા છે.

ચિલીમાં આગ ઓલવવા માટે ફાયરની ટીમો સંઘર્ષ કરી રહ્યા છે. ગરમી અને ભારે પવનને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. ગૃહમંત્રી અલ્વારો એલિઝાલ્ડે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં હવામાન સારું નહીં રહે અને ખૂબ ઊંચા તાપમાનના સંકેત છે. આગ લાગ્યા પછી ઘણા લોકોએ પોતાના ઘરોમાં ફસાયેલા હોવાની જાણ કરી હતી. ઘણા લોકો બહાર નીકળ્યા ન હતા,' 55 વર્ષીય જોન ગુઝમેને જણાવ્યું. તેઓ પોતાના ઘરોમાં રહ્યા કારણ કે તેમને લાગ્યું કે જંગલના કિનારે આગ ઠરી જશે. પેન્કો શહેરનો મોટો ભાગ આગની લપેટમાં આવી ગયો. કાર, સ્કૂલો અને ચર્ચ સળગી ગયા છે. હજારો લોકોને કામચલાઉ શેલ્ટરમાં આશરો લેવા મજબુર થયા છે. 52 વર્ષીય જુઆન લાગોસે કહ્યું કે તે પોતાના બાળકો સાથે અંધારામાં જ નીકળી ગયા હતા. ખેતરો, ઘરો, રસ્તાના કિનારે અને કારમાં બળી ગયેલા મૃતદેહો મળી આવ્યા હતા. 54વર્ષીય વિક્ટર બુર્બોઆએ કહ્યું- અમે જે જોયું તેના પરથી લાગે છે કે કેટલાક લોકો મૃત્યું પામ્યા છે. દર ઉનાળામાં મધ્ય અને દક્ષિણ ચિલીમાં જંગલોમાં આગ લાગે છે, જે સામાન્ય રીતે ફેબ્રુઆરીમાં ચરમસીમાએ પહોંચે છે. 2024માં, ચિલીના મધ્ય દરિયાકાંઠે લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 130 લોકો માર્યા ગયા હતા. 2010ના વિનાશક ભૂકંપ પછી તે દેશની સૌથી ઘાતક કુદરતી આફત બની.

### કેનેડા પોતાની સરહદોની રક્ષા કરવામાં સક્ષમ નથી

## કેનેડામાં ચીન-રશિયાના ખેલથી ડોનાલ્ડ ટ્રમ્પ ટેન્શનમાં, સહયોગીઓને કરવા લાગ્યા ફરિયાદ

• વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે પશ્ચિમ ગોળાર્ધમાં પોતાની પકડ મજબૂત કરવા માટે આક્રમક તેવર બતાવી રહ્યા છે. ગ્રીનલૅન્ડને ખરીદવાની ઈચ્છા બાદ હવે ટ્રમ્પનું ધ્યાન કેનેડાના આર્કટિક ક્ષેત્ર પર કેન્દ્રિત થયું છે. ટ્રમ્પને આશંકા છે કે કેનેડા પોતાની સરહદોની રક્ષા કરવામાં સક્ષમ નથી, જેના કારણે આ વિસ્તારમાં રશિયા અને ચીનનો પ્રભાવ વધી રહ્યો છે. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પ તાજેતરના અઠવાડિયામાં પોતાના સહયોગીઓ સામે સતત ફરિયાદ કરી રહ્યા છે કે આર્કટિક ક્ષેત્રમાં અમેરિકા નબળું પડી રહ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે રશિયા કે ચીનની કોઈપણ ઘૂસણખોરીને રોકવા માટે કેનેડાએ પોતાના સંરક્ષણ પર વધુ ખર્ચ કરવો જોઈએ. ટ્રમ્પ ઈચ્છે છે કે અમેરિકન અધિકારીઓ કેનેડામાં પોતાનો પ્રભાવ વધારે જેથી દુશ્મન દેશોને આ વિસ્તારથી દૂર રાખી શકાય. હાલના



અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનેડાની ઉત્તરી સરહદ પર અમેરિકન સૈનિકોની તૈનાતી અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી. ગ્રીનલૅન્ડની જેમ ટ્રમ્પ કેનેડાને ખરીદવાનો પ્રયાસ નથી કરી રહ્યા, પરંતુ તેઓ આર્કટિકની સુરક્ષા વ્યૂહરચનાને લઈને કોઈ મોટો કરાર કરવાની તૈયારીમાં છે. એક અધિકારીએ જણાવ્યું કે, 'ટ્રમ્પને ચિંતા છે કે અમેરિકા પશ્ચિમ ગોળાર્ધમાં પોતાની પકડ ગુમાવી રહ્યું છે.' ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ અમેરિકા અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં ભારે તણાવ જોવા મળી રહ્યો છે. ટ્રમ્પ દ્વારા તાજેતરમાં લેવાયેલા કેટલાક આક્રમક નિર્ણયોએ કેનેડાની સરકારની ચિંતામાં નોંધપાત્ર વધારો કર્યો છે. ટ્રમ્પે વેનેઝુએલાના પ્રમુખ માદુરોને પકડીને અમેરિકા લાવવા અને ત્યાંના તેલ ઉદ્યોગ પર કબજો કરવાના આદેશ આપવાની સાથે ક્યુબા સરકારને પણ ખુલ્લેઆમ ધમકીઓ આપી છે. આ ઉપરાંત, મેક્સિકો અને કોલંબિયા જેવા દેશોમાં ડ્રગ સપ્લાય રોકવા માટે સૈન્ય હસ્તક્ષેપ કરવાની તેમની ચેતવણીએ પાડોશી દેશોમાં ફફડાટ ફેલાવ્યો છે, જેના કારણે કેનેડાને પણ પોતાની સરહદી સુરક્ષા અને સ્વાયત્તતા બાબતે ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે. કેનેડા અને અમેરિકા વચ્ચે ગ્રીનલૅન્ડ મુદ્દે ખેંચતાણ ટ્રમ્પનું કહેવું છે કે જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર કબજો કરે તો તે કેનેડાના હિતમાં પણ હશે.

## ચાંદી 3 લાખને પાર, સોનુ નવી ટોચે : શેરબજારમાં કડાકો

• રાજકોટ

ઈરાન પર અમેરિકી આક્રમણના ભણકારા તથા ગ્રીનલેન્ડ મામલે અમેરિકા-યુરોપના દેશો સામસામા આવી ગયાના ઘટનાક્રમે ફરી વખત સોના-ચાંદીને વધુ સળગાવ્યા છે, જ્યારે શેરબજારમાં કડાકો સર્જ્યો છે. ચાંદીનો ભાવ ત્રણ લાખને પાર થયો છે સોનુ પણ નવી ઉંચાઈએ પહોંચ્યું હતું.રાજકોટમાં આજે હાજર ચાંદીનો ભાવ ત્રણ લાખને પાર થઈને નવી ટોચે પહોંચ્યો હતો. હાજર ભાવ 3300,500 થયો હતો. કોમોડીટી એક્સચેંજમાં ભાવ ઉંચામાં 304200 થઈને કુલ 15600ના ઉછાળાથી 303430 સાંપડ્યો હતો. વિશ્વ બજારમાં ભાવ 94.08 ડોલર થઈને 93.20 ડોલર સાંપડ્યો હતો.સોનામાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો. હાજર સોનુ 148750 થયું હતું. કોમોડીટી એક્સચેંજમાં 2500ના ઉછાળાથી 145135 હતું. વિશ્વબજારમાં 4687 થઈને 4670 હતું.નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ગ્રીનલેન્ડ કબ્જે કરવામાં સાથ નહીં આપનારા યુરોપના દેશો પર ટ્રમ્પે 10 ટકા વધુ ટેરિફ ઝીંકી છે તેની સામે ડેનમાર્ક સહિતના દેશોએ વળતા હાકલા-પડકારા કરીને નવી ધરખમ ટેરિફ નાખવાની ચેતવણી ઉચ્ચારતા નવો ભડકો સર્જાવાના ભણકારાથી માર્કેટ પ્રભાવિત થયું છે.આ સિવાય અમેરિકાએ ઈરાન પર ત્રાટકવાનો આક્રમક મિજાજ દર્શાવતા ફરી યુધ્ધના વાદળો ઘેરાયાની પણ અસર થઈ છે. આ બન્ને કારણોએ 'સેફ હેવન' ગણાતા સોના-ચાંદીમાં તેજી વધુ ભડકાવી દીધી છે.સોના-ચાંદીના ધરખમ ઉંચાભાવથી બન્ને ચીજોમાં કારોબાર ઠપ્પ થયા જેવી હાલત સર્જાઈ છે. લોકલ સ્તરે લગ્નગાળો શરૂ થવામાં છે તે પૂર્વે ઉંચાભાવથી ખરીદીને ગંભીર ફટકો પડ્યો છે.બીજી તરફ નવા યુધ્ધ અને ટેરિફ વોરના ભણકારાથી શેરબજારમાં તીવ્ર નેગેટીવ અસર વર્તાઈ હતી.

### ફાઈવસ્ટાર હોટેલમાં કેદ શિવસેના શિંદેના 29 સભ્યો હજુ કેદમાં

## અઢી વર્ષની ફોર્મ્યુલામાં શિંદેને ભાવ નહી આપવા ભાજપ મક્કમ

• મુંબઈ

મુંબઈ મહાપાલિકા સહિત મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણીમાં ભવ્ય વિજય બાદ હવે નવા મેયર સહિતના પદાધિકારીઓજ નિમણુંકમાં લગભગ એક સપ્તાહનું ઈન્ટરવેલ પડે તેવી ધારણા છે. ખાસ કરીને ભાજપ-શિવસેના શિંદે જૂથ 227 બેઠકોમાંથી 118 બેઠકો જીતી મુંબઈ મહાપાલિકા પર શાસન નિશ્ચિત કર્યુ છે.

તે વચ્ચે શિવસેના શિંદે જૂથે 29 સભ્યો હોવા છતા અઢી-અઢી વર્ષના મેયરની ફોર્મ્યુલા ભાજપ સમક્ષ મુકી છે. શ્રી શિંદેએ તેના તમામ નવા ચુંટાયેલા કોર્પોરેટરોને શનિવાર સાંજથી જ એક ફાઈવસ્ટાર હોટેલમાં 'કેદ' કરી દીધા છે પણ ભાજપે જરાપણ ચિંતા દર્શાવ્યા વગર મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ વિશ્વ આર્થિક પરિષદમાં ભાગ લેવા સ્વીટઝરલેન્ડના દાવોસ જવા રવાના થઈ ગયા છે.

જો કે તેઓએ આ અગાઉ નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે સાથે વાતચીત કરી હતી તથા હવે તા.28 આસપાસ મુંબઈમાં નવા મેયરની જાહેરાત થઈ શકે છે. શ્રી ફડનવીસ તા.24ના રોજ મુંબઈ પરત આવનાર છે. બીજી તરફ શિંદે જૂથ પણ હજુ શિવસેના શિંદે જૂથ તેના કોર્પોરેટરને ફાઈવસ્ટાર



હોટેલમાં જ 'કેદ' રાખે તેવી શકયતા છે.શ્રી એકનાથ શિંદેએ અગાઉ જ રીતે મુખ્યમંત્રી પદ માટે ખેચતાણ કરી હતી તે હવે મુંબઈ મહાપાલિકામાં મેયર પદ માટે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા આપી છે. ભાજપ તેને સ્વીકારવા તૈયાર નથી અને સૌથી મોટા 89 બેઠકો ધરાવતા ભાજપને જ મેયરપદ મળશે તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા છે.બીજી તરફ શિંદેએ જે રીતે ભાજપ સાથે સોદાબાજી શરૂ કરી છે તેથી શિવસેના ઉદ્ધવ જૂથે તેની સાથે જોડાવા આમંત્રણ આપ્યુ છે. જેની પાસે 71 (બન્ને ઠાકરે જૂથ) ઉપરાંત એનસીપીના 1 એમ 72 કોર્પોરેટર છે .

### શોધ અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ

## કરાચીના ગુલ પ્લાઝામાં ભીષણ આગ : 10 લોકોના મોત, 60 ગુમ

• કરાંચી

પાકિસ્તાનના કરાચીમાં ગુલ પ્લાઝામાં ભીષણ આગ લાગી હતી. જેમાં અત્યાર સુધીમાં દસ લોકોના મોત થયા છે, અને 60 લોકો હજુ પણ ગુમ છે. રવિવારે રાત્રે બચાવ ટીમોએ વધુ ચાર મૃતદેહો બહાર કાઢ્યા હતા. શોધ અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે ટીમોએ કામગીરી દરમિયાન એક બાળક સહિત ત્રણ લોકોના મૃતદેહ પણ બહાર કાઢ્યા હતા, જેમને પછી સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યા હતા.આગથી તબાહ થયેલા શોપિંગ મોલમાં મર્યાદિત પ્રવેશ હોવાથી, અગ્નિશામકો અને બચાવ ટીમો હવે કટરથી બારીઓ કાપીને અને હથોડાથી દિવાલો તોડીને ઈમારતના આંતરિક ભાગમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે જેથી બચી ગયેલા લોકોની શોધ વધુ ઝડપી બને. ઘટનાસ્થળે કુલ 22 ફાયર બ્રિગેડ વાહનો, 10 પાણીના ટેન્કર, ચાર સ્નોર્કલ અને 33 એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે.જિયો ન્યૂઝ દ્વારા ટાંકવામાં આવેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવ ટીમો ઈમારતના નાના ભાગમાં પ્રવેશવામાં સફળ રહી છે અને શોધમાં મદદ કરવા માટે થર્મલ કેમેરા સ્થાપિત કર્યા છે.બચાવ કાર્યકર હસન અહેમદે જણાવ્યું હતું કે, "અમે ઈમારતના 5% થી 10% સુધી પહોંચવામાં સફળ રહ્યા છીએ." જોકે, એક ફાયર ફાઈટરે જણાવ્યું હતું કે સમગ્ર શોધ કામગીરીમાં કેટલો સમય લાગશે તેનો અંદાજ લગાવવો શક્ય નથી. બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે કાટમાળ દૂર કરવા અને આગને સંપૂર્ણપણે ઓલવવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે માળખા સુધી મર્યાદિત પહોંચ હોવા છતાં, ટીમો હજુ સુધી પહેલા માળે પહોંચી શકી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે ગુમ થયેલા લોકોના પરિવારોના મોબાઈલ નંબરો મેળવી લીધા છે અને ઈમારતની અંદર 20થી વધુ લોકોના સ્થાનો શોધી કાઢવામાં આવ્યા છે.સિંધના મુખ્યમંત્રી મુરાદ અલી શાહે રવિવારે સાંજે બચાવ અને અગ્નિશામક કામગીરીની સમીક્ષા કરવા માટે શોપિંગ મોલની મુલાકાત લીધી હતી.

## અમેરિકા સહિતના દેશોમાં અપનાવાયેલી સંયુક્ત કર પ્રણાલી ભારતમાં અમલી બનાવવા તૈયારી

• નવી દિલ્હી

આગામી તા.1ના રોજ રજુ થનારા કેન્દ્રીય બજેટનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. મોદી સરકારે અગાઉ જ બજેટમાં રૂા.12 લાખ સુધીની આવક કરમુક્ત કરી છે અને નવો આવકવેરા કાનુન તા.1 એપ્રિલથી અમલમાં આવી રહ્યો છે. જેને કારણે આવકવેરામાં કોઈ મોટા ફેરફાર હવે થવાની સંભાવના ઓછી છે. પરંતુ સરકાર રીટર્ન ફાઈલ કરવાની પધ્ધતિમાં મોટા ફેરફાર કરી શકે છે અને લોકો વધુ સરળતાથી તથા સંયુક્ત રીતે કુટુંબનું રીટર્ન પણ ભરી શકે તેવી વ્યવસ્થા અમલમાં મુકવા જઈ રહ્યા હોવાના સંકેત છે. કેન્દ્રીય બજેટમાં એક ચર્ચા મુજબ વિવાહિક યુગલ કે જેઓ બંને પોતાની અલગ-અલગ આવક ધરાવતા હોય તેઓ સંયુક્ત કપલ રીટર્ન ફાઈલ કરી શકે તેવી વ્યવસ્થા લાગુ કરવા જઈ રહ્યા હોવાના સંકેત છે. પતિ અને પત્ની બંનેની આવકમાં હાલ અલગ-અલગ કર લાગે છે. જ્યારે તેમનો પારિવારિક ખર્ચ એ સંયુક્ત રીતે ભોગવે છે. મોટાભાગના ઘરોમાં જો કે કમાનાર વ્યકિત એક જ હોય છે અને બીજા એટલે કે મોટા ભાગે મહિલા ગૃહિણી તરીકે ફરજ બજાવતા હોય છે. આમ એક જ વ્યકિત કમાનાર હોય તેના કુટુંબ ઉપર બોજો પણ હોય શકે છે. પરંતુ સરકાર હવે ખાસ કરીને એવા યુગલો કે જેમાં એક કમાનાર હોય અને તેના પર પત્ની સહિતના કુટુંબીજનો નિર્ભર હોય તેમને ખાસ રાહત આપવા માટેની જોગવાઈ કરી શકે છે.તો વિવાહિક યુગલ બંને આવક ધરાવતા હોય તેઓ બંને અલગ-અલગ રીટર્ન ફાઈલ કરે તેના કરતા એક જ રિટર્નમાં તેઓ સંયુક્ત રીતે આવક બતાવે અને ઘર ખર્ચ સહિતની જવાબદારી પણ સંયુક્ત રીતે દર્શાવીને આવકવેરા મુક્તિનો લાભ મેળવી શકે તે શક્ય કરવા જઈ રહ્યું છે.વિશ્વના અનેક મોટા દેશો કે જ્યાં યુગલો મોટા ભાગે બંને કમાતા હોય તેવા અમેરિકા, જર્મની, ફ્રાન્સ, પોર્ટુગલ અને સ્પેનમાં આ વ્યવસ્થા અમલી છે. જેમાં પુરા પરિવારને એક આર્થિક એકમ માનવામાં આવે છે.

જેના કારણે પતિ-પત્ની બંને કમાતા હોય અને બંનેની આવક કરમુક્તિની મર્યાદા બહાર હોય તો પણ સંયુક્ત આવક બતાવીને તેઓ આ પ્રકારે વધારાની કર છૂટ મેળવી શકે છે.

### ટ્રમ્પની ધમકી સામે ઝૂકવા યુરોપ તૈયાર નથી

## અમેરિકા VS યુરોપ: ટેરિફ લાગતાં જ ગભરાયું જર્મની! ગ્રીનલેન્ડથી પાછી બોલાવી સેના

• વોશિંગ્ટન

ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકા અને યુરોપ વચ્ચે સર્જાયેલો તણાવ હવે ગંભીર આર્થિક અને સૈન્ય સંઘર્ષમાં પરિવર્તિત થઈ રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ ખરીદવાની પોતાની જીદ પૂરી કરવા માટે યુરોપના 8 દેશો પર 10% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ દેશોમાં ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુકે, નેધરલેન્ડ અને ફિનલેન્ડનો સમાવેશ થાય છે. ટ્રમ્પે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો 1 ફેબ્રુઆરીથી 10% ટેરિફ લાદ્યા બાદ પણ ગ્રીનલેન્ડના મુદ્દે સમજૂતી નહીં થાય, તો 1 જૂનથી આ ટેરિફ વધારીને 25% કરી દેવામાં આવશે. આ ઈતિહાસમાં પ્રથમ ઘટના છે જ્યારે કોઈ અમેરિકન પ્રમુખએ જમીન ખરીદવા માટે પોતાના જ નાટો(NATO) સહયોગીઓ વિરુદ્ધ આર્થિક પ્રતિબંધોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો હોય.અમેરિકાના આ ભારે દબાણની પ્રથમ અસર જર્મની પર જોવા મળી છે. મીડિયા અહેવાલ અનુસાર, જર્મનીએ ગ્રીનલેન્ડમાંથી પોતાની સૈન્ય ટુકડી પાછી ખેંચવાનું શરૂ કરી દીધું છે. જર્મનીના 15 સૈનિકો સિવિલિયન ફ્લાઈટ દ્વારા પરત ફરી રહ્યા છે, જેને ટ્રમ્પની ધમકી બાદ 'ડેમેજ કંટ્રોલ' તરીકે જોવામાં આવે છે. જર્મનીની અર્થવ્યવસ્થા પહેલેથી જ નબળી હોવાથી તે અમેરિકા સાથે ટ્રેડ વોર કે સૈન્ય સંઘર્ષનું જોખમ ઉઠાવવા માંગતું નથી. જોકે, અન્ય યુરોપીયન દેશો હજુ પણ પોતાની મક્કમતા બતાવી રહ્યા છે અને આર્કટિક ક્ષેત્રમાં ફાઈટર જેટ્સ તથા સૈન્ય સજ્જતા જાળવી રાખી છે.બીજી તરફ, યુરોપીયન યુનિયન(EU)ના નેતૃત્વએ ટ્રમ્પ સામે ઝૂકવાનો સાફ ઈન્કાર કર્યો છે. EUના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેને સ્પષ્ટ કર્યું છે કે, 'યુરોપ પોતાની સંપ્રભુતા જાળવી રાખવા માટે એકજૂથ છે અને આવા ટેરિફ ટ્રાન્સ-એટલાન્ટિક સંબંધોને નબળા નહી પાડી શકે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે પણ ટ્રમ્પના આ વલણને અસ્વીકાર્ય ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે મિત્ર દેશો પર આવી ધમકીઓ આપવી તે નાટોની સામૂહિક સુરક્ષાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

### પોલીસ બળે શંકરાચાર્યને રોકવાનો પ્રયાસ કર્યો અને તેમના કેટલાક અનુયાયીઓને ઘસડીને પોલીસ ચોકીમાં લઈ ગયા

# હું ફૂટપાથ પર જ રહીશ... માઘ મેળામાં વિવાદ બાદ શંકરાચાર્યની પ્રતિજ્ઞા, અન્ન-જળનો પણ ત્યાગ કર્યો



• નવી દિલ્હી

પ્રયાગરાજના માઘ મેળામાં પાલખી-રથયાત્રા રોકવાના વિરોધમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ ધરાણાં પર બેઠા છે. માઘ મેળામાં વિવાદ બાદ શંકરાચાર્યએ અન્ન-જળનો ત્યાગ કર્યો છે અને પ્રતિજ્ઞા લીધી છે કે, "હું ફૂટપાથ પર જ રહીશ...માઘ મેળામાં પાલખીમાં બેસીને સંગમ સ્નાન કરવા જઈ રહેલા શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને પ્રશાસને રોકતા ભારે હોબાળો મચી ગયો હતો. શંકરાચાર્યના સમર્થકો અને પોલીસ અધિકારીઓ વચ્ચે લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી ખેંચતાણ અને ધક્કા-મુક્કી બાદ, શંકરાચાર્ય સ્નાન કર્યા વિના જ પાછા ફર્યા હતા અને આમરણાંત ઉપવાસ પર બેસી ગયા હતા. સમગ્ર મામલે આજે સોમવારે (19 જાન્યુઆરી) શંકરાચાર્યએ કહ્યું કે, "પ્રશાસન જ્યાં સુધી માફી નહીં માગે ત્યાં સુધી અમે આશ્રમમાં જઈશું નહીં અને ફૂટપાથ પર રહીશું. આમ, પોલીસ તંત્ર દ્વારા સન્માન અને પ્રોટોકોલ સાથે લઈ નહીં જાય ત્યાં સુધી ગંગા સ્નાન નહીં કરું."

તેમણે વધુમાં કહ્યું કે, "હું દરેક મેળામાં પ્રયાગરાજ આવવાની પ્રતિજ્ઞા લઉં છું પણ ક્યારે કેમ્પમાં નહીં રહું અને ફૂટપાથ પર રહેવાની વ્યવસ્થા કરીશ. ભૂતકાળમાં પણ શંકરાચાર્ય સ્નાન કરવા માટે હંમેશા પાલખીમાં જ ગયા છે."

રવિવારે(18 જાન્યુઆરી, 2026) સવારે લગભગ 9:47 વાગ્યે, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ તેમના અનુયાયીઓ સાથે પાલખીમાં સવાર થઈને સંગમ કિનારે પહોંચ્યા હતા. સંગમ તટ પર જ્યાંથી ઘાટ માત્ર 50 મીટર દૂર હતો, ત્યાં પ્રશાસને તેમને પાલખીમાં બેસીને આગળ વધતા રોક્યા અને પગપાળા સ્નાન કરવા વિનંતી કરી હતી. આનો તેમના અનુયાયીઓએ વિરોધ કર્યો અને ધક્કા-મુક્કી કરતા સંગમ વોચ ટાવર સુધી પહોંચી ગયા હતા. આ મામલો વધુ વણસ્યો જ્યારે પોલીસ બળે શંકરાચાર્યને રોકવાનો પ્રયાસ કર્યો અને તેમના કેટલાક અનુયાયીઓને ઘસડીને પોલીસ ચોકીમાં લઈ ગયા હતાં.